Wednesday 22, January 2025
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિદ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૨૧૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# વલસાડ, ધરમપુર અને પારડી પાલિકાની ચૂંટણી જાહેર

## આચારસંહિતા લાગુ : ૧ ફેબ્રુઆરી સુધી ઉમેદવારી : ૧૬ ફેબ્રુઆરીએ મતદાન : ૧૮ ફેબ્રુઆરીએ મત ગણતરી : વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકા પંચાયતની ૬-ઘોટણ બેઠક તથા ઉમરગામ તાલુકા પંચાયતની ૬-ફણસા-૧ અને ૨૩-સરીગામ-૨ બેઠકો માટે પણ ચૂંટણી યોજાશે તા.પં. ત્રણેય બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, પારડી, તા. ૨૧ :** લાંબા સમય બાદ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજ્યની ૬૬ નગરપાલિકાની ચૂંટણી યોજવાની છે. ચૂંટણી વિસ્તારોમાં આજથી આચારસંહિતા લાગુ થશે તેમ જ રાજ્યની ૬૬ નગર પાલિકાઓની કુલ ૨૧૭૮ બેઠકો પર મતદાન યોજાશે. ચૂંટણી જાહેરાત કરવામાં આવતા ચૂંટણીમાં ઉમેદવારી કરનારા ઉમેદવારોમાં લાંબા સમયથી ચૂંટણીની રાહ જોતા હતાં તેનો અંત આજ રોજ આવ્યો છે. નગરપાલિકાની ચૂંટણી માટે ૧ ફેબ્રુઆરી સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. તા.૧૬ ફેબ્રુઆરીએ મતદાન થશે અને તા.૧૮ ફેબ્રુઆરીએ મતગણતરી થનાર છે. જાહેર કરવામાં આવેલી નગર પાલિકાઓમાં વલસાડ જિલ્લાની ત્રણ નગર પાલિકાઓ વલસાડ, ધરમપુર અને પારડી નગરપાલિકાની ચૂંટણી યોજાશે. એજ રીતે કપરાડા તાલુકા પંચાયતની એક અને ઉમરગામ તાલુકા પંચાયતની બે બેઠકો માટે પણ ચૂંટણી જાહેર કરવામાં આવી છે.









વલસાડથી પ્રાપ્ત માહિતી પ્રમાણે છેલ્લા બે વર્ષથી વલસાડ નગરપાલિકાની ચૂંટણી નહીં થતાં વલસાડ નગરપાલિકામાં વહીવટદારને મુકવામાં આવ્યા હતાં. બે વર્ષથી વલસાડ નગરપાલિકાનો વિકાસ રૂંધાયો હતો. જોકે વલસાડ નગરપાલિકા દ્વારા શહેરમાં આવેલી શાકભાજી માર્કેટ ૧૨૦ આવાસ નામની બિલ્ડીંગ તોડી પાડવામાં આવી હતી. જોકે આ ૧૨૦ આવાસમાં દુકાનદારો ફલેટ ધારકો તો કે નીચે પથ્થરો નાંખી વેચનારાઓને જગ્યા ફાળવવાના મુદ્દે નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. જેના કારણે ૧૨૦ આવાસના પોતાના મિલકત ધરાવનાર દુકાનદારો ફલેટ ધારકોએ નગરપાલિકા કચેરીએ મોરચો માંડ્યો હતો. જોકે દોઢ વર્ષ બાદ ૧૨૦ આવાસ શાકભાજી માર્કેટનું નવું બાંધકામ કરવા માટે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પરંતુ શાકભાજી માર્કેટનાં વેપારીઓને ધંધો કરવા માટે જગ્યા ફાળવવામાં નહીં આવતા વેપારીઓમાં ભારે નારાજગી જોવા મળી હતી. લાંબા સમય બાદ શાકભાજી માર્કેટના વેપારીઓને તરિયાવાડમાં આવેલ મેદાનમાં શિફટ કરવાની નગરપાલિકા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ કેટલાક વેપારીઓએ તેનો વિરોધ કર્યો હતો. હાલમાં પણ નગરપાલિકા દ્વારા નારાજ થયેલા શાકભાજી વેચનારા વેપારીઓને જાણ કરવા માટે બે દિવસથી રીક્ષાઓ ફેરવવામાં આવી રહી છે. તેમ છતાં શાકભાજી માર્કેટમાંથી તરિયાવાડનાં મેદાનમાં વેપારીઓ વેચાણ કરવા જતાં નથી. જેના કારણે નગરપાલિકા વિભાગમાં આવી હતી. ત્યારે બે વર્ષ બાદ વલસાડ નગરપાલિકાની ચૂંટણી આજરોજ જાહેર થતાં વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવેલા ૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર ચૂંટણી ૧૬મી ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે. જોકે નગરપાલિકાની ચૂંટણી જાહેર થતાંની સાથે જ ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે થનગની રહેલા ભાજપ કોંગ્રેસ કે અપક્ષના સભ્યો પોતાને કે પોતાના પરિવાર કે અન્ય લોકોને ટિકિટ અપાવા માટે છેલ્લા કેટલાક સમયથી મથામણો કરી રહ્યા હતાં. વલસાડ નગરપાલિકાની ચૂંટણી જાહેર થતાંની સાથે જ ચૂંટણી જંગમાં ઉમેદવારી નોંધાવનાર ઉમેદવારો ચૂંટણીમાં ઉપયોગમાં લેવામાં આવતાં કાગળો અને ટેકેદારો, સમર્થકોને સાથે રાખી રહ્યા છે.

જ્યારે પારડીથી પ્રાપ્ત માહિતી પ્રમાણે પારડી નગરપાલિકાની બે વર્ષ બાદ ચૂંટણી જાહેર કરવામાં આવી છે. ૧૬મી ફેબ્રુઆરીના રોજ ચૂંટણી મતદાન કરવામાં આવશે. ચૂંટણીની જાહેરાત સાથે જ પારડી પંથકમાં રાજકીય વાતાવરણ ગરમ બન્યું છે. લોકો લાંબા સમયથી પાલિકાની ચૂંટણી અંગેની રાહ જોઈ રહ્યા હતાં. હવે ટૂંક સમયમાં ચૂંટણીઓ યોજાઈ જશે અને લોકોની આતુરતાનો અંત આવશે. પારડી નગર પાલિકામાં ગત ચૂંટણીઓમાં ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીઓ વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. જે ચૂંટણીઓમાં બંને પાર્ટીઓએ ૫૦ ટકા બેઠક હાંસલ કરી હતી. જેમાં ભાજપની ૧૪ અને કોંગ્રેસની ૧૪ બેઠક આવી હતી. પરંતુ કોંગ્રેસને સત્તા મળી શકી ન હતી. ભારતીય જનતા પાર્ટીને સત્તા મળી હતી. જ્યારથી નગરપાલિકાની શરૂઆત થઈ છે. ત્યારથી ભારતીય જનતા પાર્ટી સત્તામાં છે. આ વખતે અપક્ષ ઉમેદવારોનો પણ રહેલો હોઈ શકે અને બીજી પાર્ટીવાળા પણ ઉમેદવારી કરી શકે એવી સંભાવના છે. ત્યારે ખરાખરીનો જંગ દરેક પાર્ટીઓ વચ્ચે રહેશે. પારડી નગરપાલિકામાં એકથી સાત વોર્ડ છે અને આ વખતે નવા મતદારોમાં પણ વધારો નોંધાયો છે. જેથી આ વખતે નવા મતદારો ખાસ આકર્ષણનો કેન્દ્ર રહેશે. આજે પારડી નગર પાલિકાની ચૂંટણી જાહેર થતાં જાહેર જનતાની આતુરતા આવ્યો છે. બે વર્ષ બાદ હવે જાહેર જનતાને પોતાનો પ્રતિનિધિ ચૂંટવા માટેનો અવસર મળ્યો છે.

# દમણમાં દંપતિ વચ્ચે ઝઘડામાં બે બાળકો હોમાયા

## દમણનાં દલવાડામાં પતિ સાથે ઝઘડો બાદ પત્નીએ પોતાના માત્ર બે અને ચાર વર્ષની ઉમરના બાળકોને બાલ્કનીમાંથી ફેંકી દેતાં બન્નેના મોતઃ પોતે પણ આત્મહત્યા કરવા કુદવા જતાં પતિએ બચાવી : પત્નીની ધરપકડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૧ :** દલવાડામાં ચાર માળની ઈમારત પરથી પડી જતા બે બાળકોના મોત થયા હતાં. દમણ પોલીસનાં જણાવ્યા પ્રમાણે ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ લગભગ ૧૨:૩૦ વાગ્યે સરકારી હોસ્પિટલ મોટી દમણમાંથી ફોન આવ્યો કે, બે બાળકો એક ઈમારતના ચોથા માળેથી પડી ગયા છે. માહિતી મળતાં પોલીસ મોટી દમણના સીએચસી પહોંચ્યા હતાં. જ્યાં બંને બાળકોને મૃત જાહેર કરવામાં આવ્યા હતાં. બંને બાળકો ભાઈઓ હતાં. જેની ઉંમર ૨થી ૪ વર્ષની છે. તે નાની દમણનાં દલવાડા સ્થિત ટીઆરવીનો રહેવાસી હતો.

બાળકોની માતા સીમા યાદવ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા-૨૦૨૩ની કલમ ૧૦૩ હેઠળ નાની દમણના કડૈયા સ્થિત કોસ્ટલ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નંબર ૦૪/૨૦૨૫ નોંધવામાં આવી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. ત્યારબાદ આરોપી મહિલાએ બંને બાળકોને એક પછી એક બાલ્કનીમાંથી ફેંકી દીધા પછી તેણીએ પોતે કૂદવાનો પ્રયાસ કર્યો પરંતુ તેના પતિએ તેને પકડી લીધી હતી. આરોપી મહિલાની ધરપકડ કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલુ છે. આરોપી સરકારી કર્મચારી હોવાનું જાણવા મળ્યું છે.

# ...નહિ તો વલસાડ એપીએમસીના વેપારીઓ યુઝર્સ ચાર્જ નહિ આપે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ એપીએમસી માર્કેટ દ્વારા માર્કેટ યાર્ડમાં પ્રાથમિક સુવિધાઓ બાબતે વેપારીઓ દ્વારા લેખિત તેમજ મૌખિક અસંખ્યવાર રજૂઆતો કરવા છતાં ટોઈલેટ, બાથરૂમ, પીવાનું પાણી તેમજ અન્ય સુવિધાઓ નહીં આપતાં આજરોજ વલસાડ ફ્રુટ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ એસોસીએશન દ્વારા એપીએમસીનાં ચેરમેન અને સેક્રેટરીને આવેદનપત્ર આપી પાયાની માંગણી કરી છે અને સુવિધાઓ નહિ આપે તો ૨૦૨૫ માં યુઝર્સ ચાર્જ આપવાનું બંધ કરવાની ચીમકી આપી છે.

વલસાડ ફ્રુટ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ એસોસીએશનનાં પ્રમુખ આર.સી. પાંડે અને મહામંત્રી નરેશ આર. બલસારીએ એપીએમસી માર્કેટનાં ચેરમેન અને સેક્રેટરીને આજરોજ આવેદનપત્ર આપી જણાવ્યું કે, વલસાડ તાલુકાના ખેડૂતોની કેરીઓના વેચાણની ખરીદીનું કેન્દ્ર વલસાડ એપીએમસી માર્કેટ મહત્વનો સ્ત્રોત બની બનતી આવી છે. વલસાડ એપીએમસી માર્કેટ દ્વારા માર્કેટ યાર્ડમાં સાર્વજનિક સુવિધાઓ રસ્તાઓનો સદંતર અભાવ રહ્યો છે. ૧૯૯૧ બાદ ટોઈલેટ, બાથરૂમ અથવા રસ્તાના રીપેરીંગ પણ કરવામાં આવેલ નથી.

જે અંગે એપીએમસીના શાસકોને વેપારીઓ દ્વારા લેખિત તેમજ મૌખિક અસંખ્યવાર રજૂઆતો કરવા છતાં ટોઈલેટ, બાથરૂમ, પીવાનું પાણી તેમજ અન્ય સુવિધાઓનો કોઈપણ પ્રકારે કામગીરી કામ કરતા નથી. વલસાડ એપીએમસી માર્કેટના વેપારીઓને તેમજ ખેડૂતોને પડતી મુશ્કેલી સંદર્ભે રજુઆત કરતાં તેઓ દ્વારા મૌખિક હૈયાધરપત આપી હતી.પરંતુ કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. હાઈકોર્ટ દ્વારા તેમજ પ્રાંત અધિકારીની કચેરીએ તા. ૩-૨-૨૦૨૪ નાં હુકમનું પાલન કરવામાં આવેલ નથી. જેથી માર્કેટ યાર્ડના શાસકો દ્વારા ગુજરાત નામદાર હાઈકોર્ટના હુકમનું તેમજ પ્રાંત અધિકારીના હુકમનું પાલન કરવામાં સદંતર નિષ્ફળ ગયા છે. માર્કેટ યાર્ડના શાસકો દ્વારા સરકારમાંથી મળતી કરોડો રૂપિયાની સહાય ખેડૂતો તેમજ વેપારીના વિકાસ માટે વાપરવાને બદલે તેમના ગેરવહીવટના કારણે કરોડો રૂપિયા સરકારના વેડફાઈ રહ્યા છે. આર્થિક નિતીના કારણે વલસાડ એપીએમસી ખાડામાં ગયેલી હોય માર્કેટના શાસકો દ્વારા ગંભીર બેદરકારી લઈ વેપારીઓ તેમજ ખેડૂતોના હિતને તેમજ વિકાસને ગંભીર નુકશાન પહોંચાડી રહ્યા છે. આવનારા સમયમાં કેરીની સિઝન ચાલુ થનાર છે. પાયાની માંગણીની સુવિધાઓ ન આપવામાં આવે તેવા સંજોગોમાં માર્કેટ યાર્ડ દ્વારા યુઝર્સ ચાર્જ તરીકે વસુલવામાં આવતા નાણા ૨૦૨૫મા વેપારીઓ દ્વારા સદંતર બંધ કરી દેવામાં આવશે તેનો નિર્ણય લેશે.

# વાપીમાં હેલમેટ ચેકિંગ શરૂ

**વલસાડ, તા. ૨૧ :** નેશનલ રોડ સેફ્ટી મંથ ૨૦૨૫ અંતર્ગત વલસાડ આરટીઓ કચેરી અને જિલ્લા ટ્રાફિક પોલીસના સંયુક્ત ઉપક્રમે વલસાડ તાલુકાના મગોદ ગામે જય અંબે ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આરટીઓ દ્વારા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર ઓવર સ્પીડ કરતાં વાહનોને ઈન્ટરસેપટર વાહન દ્વારા ચલણ આપવાની પણ કામગીરી કરવામાં



આવી હતી. વાપી તાલુકા સેવાસદન ખાતે હેલ્મેટ તથા માર્ગ સલામતી અંગેના નિયમો અનુસાર ચલણ આપવાની કામગીરી કરવામાં આવી હતી.

# દમણમાં લાઈટહાઉસ બીચ પર પ્રજાસત્તાક દિન ઉજવાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૧ :** દમણનાં નાયબ જિલ્લા કલેક્ટર આરતી અગ્રવાલે એક પ્રેસ નોટ જારી કરીને જણાવ્યું છે કે ૭૬મો પ્રજાસત્તાક દિવસ અને દાદરા નગર હવેલી અને દમણ-દીવનો ૬ઠ્ઠો વિલીનીકરણ સમારોહ ૨૬ જાન્યુઆરીએ દમણ જિલ્લાના મોટી દમણ લાઈટહાઉસ બીચ પર ઉજવવામાં આવશે. સવારે ૯ વાગ્યે ધ્વજવંદન થશે. આ રાજ્ય કાર્યક્રમમાં દમણના લોકોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# લવાછા દમણગંગા નદી કિનારે કચરાના ઢગથી પરેશાની



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૧ :** લવાછા ગ્રામ પંચાયત પાસે કચરો નાંખવા માટેની કોઈ નિશ્ચિત વ્યવસ્થા નથી. જેના કારણે લોકો આ વિસ્તારને કચરો નાંખવા માટે વાપરી રહ્યા છે. કચરામાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો સમાવેશ છે. જે ગાય અને બળદો ખાઈ રહ્યા છે. જે તેમના આરોગ્ય માટે હાનિકારક છે.

કચરાના કારણે આ વિસ્તારમાં ભયંકર દુર્ગંધ ફેલાઈ રહી છે. બાજુમાં આવેલા સ્મશાન અને નીલકંઠ પાર્કમાં આવતા લોકો પણ આ પરિસ્થિતિથી હેરાન થઈ ગયા છે.

અંબિકા પાર્કથી રામેશ્વર મહાદેવ મંદિર જતાં રસ્તા ઉપર કચરાના કારણે ભયંકર વાસ આવે છે. જેના કારણે મંદિરે દર્શન કરવા જતાં ભાવિકોને પણ પરેશાની ઉઠાવવી પડે છે. લવાછા ગ્રામ પંચાયત દ્વારા આ સમસ્યાના સમાધાન માટે તાત્કાલિક પગલાં ભરવા જરૂરી છે.

# તિથલમાં દીપડાએ ગાયને ફાડી ખાધી

## સુરવાડા, માંગેલવાડ જેવા ગામોમાં પણ દેખા દેતાં ફફડાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ નજીકના તિથલ ગામમાં દીપડાએ ગાયને ફાડી ખાધી ખાવાની ઘટના બની છે. જ્યારે વલસાડના કાંઠા વિસ્તારનાં સુરવાડા અને માંગેલવાડ ગામમાં દીપડો પોતાના પરિવાર સાથે આંટાફેરા મારતાં કાંઠા વિસ્તારનાં રહીશો અને સહેલાણીઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે દીપડા અંગે ગામના સરપંચે વન વિભાગની જાણ કરતાં દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

વલસાડ શહેર નજીકના કેટલાક ગામોમાં દીપડાના આતકથી લોકોમાં ભયનલનો માહોલ જોવા મળ્યો છે. દિપડાના કારણે લોકો પોતાના ખેતરમાં કે અન્ય લોકો રાત્રે ઘર બહાર નિકળવા માટે પણ ડરી રહ્યા છે. થોડા મહિના અગાઉ પારનેરા ડુંગરની આજુબાજુ દીપડાએ પશુઓનું મારણ કર્યું હતું. જે બાદ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાના આટાફેરાથી લોકોમાં ભય જોવા મળ્યો હતો. તો બીજી તરફ વલસાડ શહેર નજીકના નનકવાડા, ભાગડા ખુર્દ, કોસંબામાં દીપડો જોવા મળ્યો હતો. કોસંબા રોડ પર ઈટના ભઠ્ઠાની બાજુમાં જમવા બેસેલા મજુરની સામે દીપડો આવી ચઢ્યો તો બીજા દિવસે વિસ્તારમાં જ એક ઘરના કઢોરમાં બાંધેલ પશુ પર ત્રાટકવાની તૈયારી કરતાં પતિ-પત્ની બહાર આવતાં દીપડાને જોતા બુમા-બૂમ કરતાં આજુબાજુના લોકોએ મસાલ સળગાવી સાથે ફટાકડા ફોડતા દીપડો ભાગી છૂટ્યો હતો. ત્યારે ગઈકાલે વલસાડ નજીકના તિથલ ગામે દીપડાએ ગાયને ફાડી ખાવાની ઘટના બનતાં ગામમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. દીપડાએ ગાયને ફાડી ખાધી હોવાની જાણ થતા તિથલ ગામના સરપંચ રાકેશ પટેલ ઘટના સ્થળે જઈ જે અંગે વલસાડ વન વિભાગને જાણકારી કરવા માટે પાંજરું ગોઠવવા જણાવ્યું હતું. જ્યારે બે દિવસ અગાઉ ગામના કેટલાક લોકોએ દીપડાને બચ્ચા સાથે જોવા મળતા જે અંગે ગામના સરપંચને જાણ કરી હતી. ત્યારે વલસાડના કાંઠા વિસ્તારમાં આવેલા સુરવાડા અને માંગેલવાડ ગામના સરપંચે પણ ગામોમાં દીપડો જોવા મળ્યો હોવાનું જણાવ્યું હતું. કાંઠા વિસ્તારમાં દીપડો પોતાના પરિવાર સાથે ફરતો જોવા મળતાં ગ્રામજનો અને સહેલાણીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. જોકે દીપડા અંગે ગામના સરપંચે વન વિભાગની જાણ કરતાં દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# વલસાડ જિલ્લાકક્ષા કલા મહાકુંભ શુક્ર-શનિએ યોજાશે

**વલસાડ, તા. ૨૧ :** ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તથા કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના ઉપક્રમે વલસાડ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી દ્વારા જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ ૨૦૨૪-૨૫ સંસ્કાર કેન્દ્ર તેમજ શાહ એન.એસ. કોમર્સ કોલેજ તા.જિ.વલસાડ ખાતે તા.૦૩/૦૨/૨૦૨૫ થી ૦૪/૦૨/૨૦૨૫ દરમ્યાન યોજવામાં આવશે. જેમાં વલસાડ જિલ્લાના છ તાલુકામાંથી કલાકારો ઉત્સાહસભર ભાગ લેશે. કપરાડાના અંતરિયાળ વિસ્તાર તેમજ ઉમરગામના છેડે થી તેમજ વાપી, પારડી, ધરમપુર, વલસાડથી જુદી જુદી કુલ ૧૪ કૃતિઓના પ્રથમ વિજેતા કલાકારો જિલ્લા કક્ષાએ ભાગ લેવા માટે આવશે. જેમાં સીધી જિલ્લા કક્ષાએથી શરૂ થતી કૃતિઓ લોકવાર્તા, દોહા-છંદ-ચોપાઈ, સ્કુલ બેન્ડ, કથ્થક, કાવ્ય લેખન, ગઝલ શાયરી, સર્જનાત્મક કારીગરી, ઓરગન તથા શાસ્ત્રીય કંઠય સંગીત(હિન્દુસ્તાની) જેવી કુલ નવ કૃતિઓ યોજવામાં આવશે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

FULLY FURNISHED A.C.OFFICE FOR SALE.
Fully furnished A.C.Office (FIRST FLOOR) with 12mm thick glass cabin, Table.with revolving chairs staff cabin for 4 person with computer points and wall mounted filing cabinets, pantry, Toilet. Ready for use ..GIDC. CHAR RASTA,near CNG PUMP.
Contact : 9737767000

જોઈએ છે
૨૪ વર્ષની ઉમરની છોકરી કે જેને મામુલી માનસિક રોગની અસર છે. તે કોલેજ જાય છે તેમજ મોટા ભાગનું પોતાનું કામ નિયમિત કરી લે છે. તેવા દર્દીને કાઉન્સીલીંગ, દવા તથા દેખરેખ માટે સવારે ૯ થી સાંજના ૫.૦૦ સુધી કેર લઈ શકે એવી રીટાયર્ડ/ નોન રીટાયર્ડ નર્સ જોઈએ છે.
સંપર્ક મો. નં. : 8140977999

ફાયરની ઝંઝટ વગર ઓફીસો
દાંત-આંખનાં ડોકટર/ ડીસપેનસરી/ લેબોરેટરી / ઓફીસ લાયક, પહેલે માળે હાઈવે ટચ, (૪૦૦ ચો. ફૂટની એક કરતાં વધુ ઓફીસો)
બિલ્ડીંગમાં ચાર વિશાળ દાદર. GIDC Vapi
Contact--Mob.9737767000



દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## ડાંગના યુવાનો ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપમાં ઝળહળ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૧ :** કેરળ રાજ્યનાં કોટાયામ જિલ્લાના ઈન્ડોર સ્ટેડિયમમાં JKMO ઈન્ડિયા મારફતે 1ST KANCHO SASAKI CUP 2025 ઈન્ટરનેશનલ કરાટે ચેમ્પિયનશીપ નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા ગુજરાતમાથી JKMO GUJARAT તરફથી ડાંગ જિલ્લામાંથી ૧. સુનિલભાઈ સી. ગામીત ૨. મયુરભાઈ પી. ગામીત, ૩. કુણાલ જી. બાગુલ, ૪. સુનિલ સોમલું વાડુ, ૫.સંકેત રામુ ગાવીત, ૬. સતીષ સંતોષ ચૌધરી, ૭. ફિરોઝ ટી. ચૌધરી ૮. અમિત કમનસીંગ પવાર, ૯. નિતેશ તાનું બાગુલ, ૧૦. નિખિલ રાઠોડ એમ કુલ ૧૦ યુવાનોએ ભાગ લીધો હતો.જેમા તમામે KATA અને KUMMITE માં ઉત્તમ પ્રદર્શન કર્યું હતું અને KUMMITE ફાઈટિંગ ઓપન કેટેગરી ૨૧ વર્ષથી ઉપર ૭૫ કે.જી. થી ઉપર અને ૮૪ કે.જી. થી નીચે મેન્સ માં એડવોકેટ સુનિલ ગામીત ને ગોલ્ડ મેડલ તથા ૪૧ કે.જી. થી ઉપર અને ૬૦ કે.જી. થી નીચે મેન્સમાં કુણાલ જી. બાગુલને સિલ્વર મેડલ, સુનિલ સોમલું વાડુ, સંકેત રામુ ગાવીત,સતીષ સંતોષ ચૌધરી ને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો હતો. આ ટુર્નામેન્ટમાં ભારત, રશિયા, કુવૈત, શ્રીલંકા વગેરે દેશના લોકોએ ભાગ લીધો હતો અને ગુજરાત વતી ડાંગના આ યુવાનોએ દેશ અને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

જેમાં JKMO GUJARAT ના ચીફ ઈન્સ્ટ્રક્ટર બી.મેથ્યુ સર દ્વારા સઘન પ્રેક્ટિસ અને માર્ગદર્શન પૂરૂ પાડ્વામાં આવ્યું હતુ. આ સફળતા બદલ આ યુવાનોને ચારેકોરથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

## ચીખલીના કલિયારીમાં ધોડિયા સમાજ ક્રિકેટ ટુર્નામેન્ટમાં યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તાં. ૨૧ :** ચીખલી તાલુકાના કલિયારીમાં જય ભવાની ક્રિકેટ એસોસિએશન દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે ભવ્ય ધોડિયા સમાજ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. ભવ્ય આયોજનમાં ૧૬૮ જેટલી ટીમે ભાગ લીધો હતો. અંતિમ ફાઈનલમાં ખેરગામ અને ઘેજ વચ્ચે રોમાંચક મુકાબલો થયો જેમાં પ્રથમ બેટિંગ કરી ખેરગામ ટીમે બાવન રનનો લક્ષ્યાંક આપ્યો,જેના જવાબમાં ઘેજ ટીમનો પનો બે રનથી ટૂંકો પડતા ૫૦ રનમાં ખખડી જતા ખેરગામની ટીમ સતત બીજા વર્ષે પણ ચેમ્પિયન બનતા ક્રિકેટરો-સમર્થકોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળતા મેદાનમાં જ ડીજેના તાલે સૌ જુમી ઉઠ્યા હતા.

જય ભવાની ક્રિકેટ એસોસિએશન દ્વારા ચેમ્પિયન બનેલી ટીમ ખેરગામને ટ્રોફી તેમજ રોકડ તેમજ રનર્સ અપ ટીમને પણ ટ્રોફી તેમજ રોકડ ઈનામ વિતરણ કરાયું હતું.

ફાઈનલ મેચમાં ખેરગામના ત્રણ ખેલાડીઓ-મેન ઓફ ધ મેચ-દિવ્યેશ પટેલ, મેન ઓફ ધ સીરીઝ-અભી પટેલ, બેસ્ટ બોલર- સ્મિત પટેલ તેમજ બેસ્ટ બેટ્સમેન ગેજ ટીમનો જીગર પટેલ જાહેર થયા હતા, જેમને સૌએ અભિનંદિત કર્યા હતા.

**દાંતીમાં સ્વામિત્વ યોજના અંતર્ગત પ્રોપટી કાર્ડ વિતરણનો કાર્યક્રમ યોજાયો**

## દાંતીના ૨૫૦ લોકોને મળ્યો સંપત્તિનો અધિકાર મળ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૧ :** રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષ સ્થાને આજે જલાલપોર તાલુકાના દાંતી ગામ ખાતે સ્વામિત્વ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડ વિતરણનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો.

રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ એ સ્વામિત્વ યોજનાના લાભાર્થીઓને પોતાના ઘરના અધિકૃત માલિક બનવા બદલ શુભકામનાઓ પાઠવીને સ્વામિત્વ યોજના જેવી અમૂલ્ય ભેટ આપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો સહદય આભાર વ્યક્ત કર્યો હતો. સંપત્તિનો દસ્તાવેજ મળવાથી ગ્રામીણ નાગરિકો સાચા અર્થમાં તેમની પ્રોપર્ટીના માલિક બન્યા છે, તેમ હળપતિએ ઉમેર્યું હતું.

ગણદેવીના ધારાસભ્ય નરેશભાઈ પટેલે અને નવસારીના પ્રાંત અધિકારી જન્મ ઠાકોરે ઉદ્બોધન કર્યું હતું.

દાંતી પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ પરેશભાઈ દેસાઈ, કલેક્ટર ક્ષિપ્રા આગ્રે, જિલ્લા વિકાસ અધિકારી પુષ્પ લતા, પ્રાંત અધિકારી, પ્રાયોજના વહીવટદાર, મામલતદા સહિત સ્થાનિક અધિકારીઓ, ગામના સરપંચ, પ્રાથિમક શાળાના આચાર્ય સહિતનો સ્ટાફ, લાભાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ડાંગમાં ૮૮ ગામના લોકોને પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૨૧ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી સ્વામિત્વ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડના ઈ-વિતરણનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ આહવા તાલુકામાં સમાવિષ્ટ હનવતચોંડ ગામે વિધાનસભા નાયબ દંડક વ ડાંગના ધારાસભ્ય વિજયભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે વિજયભાઇ પટેલે જણાવ્યું હતું કે, પ્રોપર્ટી કાર્ડના કારણે ઘરેલું ઝઘડાઓનું નિરાકરણ થશે, પ્લોટ માલીકોના ચોક્કસ રેકોર્ડ ઉભો થશે, કાયદાકીય કેસ ઘટશે, ગ્રામ્યસ્તરે સારું આયોજન થઈ શકશે અને મહિલાઓને પણ માલિકી હક્કમાં હિસ્સેદારી મળશે.

ડાંગ જિલ્લાના ૨૯૪ ગામોને આ સર્વેમાં આવરી લેવામાં આવ્યાં છે. જેમાંથી ૮૮ ગામના લોકોને પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. આજે જિલ્લાના ત્રણ ગામો જેમાં હનવતચોંડ, વાસુર્ણા અને માલેગામમાં આ કાર્યક્રમ યોજીને પ્રોપર્ટી કાર્ડ વિતરણ કરવામાં આવેલ છે.

આ સાથે જ યુવાનોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા તેમજ વ્યશન મુક્તી માટે લોકોને જાગૃત કરવા પટેલે આહવાન કર્યું હતું.

ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર શ્રી બી.બી.ચૌધરીએ જણાવ્યું હતું કે, જે લોકો પૂર્વજોના સમયથી મિલકતધારક હતાં, પરંતુ તેમની પાસે કોઈ કાયદાકિય દસ્તાવેજ ન હોવાના કારણે ઘણી કાયદાકીય ગૂંચવણો ઊભી થતી હતી. આ કાર્ડથી આ બધામાંથી મુક્તિ મળશે.

સ્વામિત્વ યોજનાના કારણે જમીન વિવાદોનું સમાધાન થશે. તેમ જ નાગરિકને સાચો માલિકી હક્ક મળશે. લાભાર્થી પોતાની મિલકતનો ઉપયોગ લોન મેળવવા તેમજ અન્ય આર્થિક લાભ મેળવવા કરી શકશે.

ડાંગ જિલ્લામાં પણ સ્વામિત્વ યોજનાના હેઠળ ગામ વિસ્તારની સુધારેલી ટેક્નોલોજી સાથે ગામડાઓનું સર્વેક્ષણ અને મેપિંગ કરીને તેના માલિકોને પ્રોપર્ટી કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા છે.

આ અવસરે વડાપ્રધાનના વકતવ્યનું જીવંત પ્રસારણ રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ સ્વચ્છતા અને નશામુક્તિ અંગેના સામૂહિક શપથ લેવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે રાજકીય પ્રતિનિધિ, અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## અમલસાડમાં આયુષ મેળો યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તાં. ૨૧ :** અમલસાડ વિભાગ વિવિધ કાર્યકારી સહકારી ખેડુત મંડળી માં સોમવારે આયુર્વેદ તથા હોમીયોપેથી અંગે પ્રચાર પ્રસાર સામાન્ય જનતા સુધી પહોંચાડવા માટે આયુષ કેમ્પની ઉજવણી કરાઈ હતી. જેમાં વન ઔષધિ પ્રદર્શન, પંચકર્મ, યોગ માર્ગદર્શન અને ઓપીડી અંતર્ગત સેવા આપી હતી. આ પ્રસંગે વૈદ્ય ઉર્વીબેન પટેલ, વૈદ્ય અમી દશોદી, ડૉ માધવી ગઢવી, આયુર્વેદ તબીબ વૈદ્ય શૈલેન્દ્ર નાકરાણી, વૈદ્ય પ્રકાશભાઈ ચૌહાણ તથા વૈદ્ય નિલેશભાઈ પટેલે સેવા આપી હતી. નવસારી ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખ પ્રશાંતભાઈ શાહ, મનિષાબેન નાયકા, માજી સરપંચ નિલેશભાઈ નાયક, અમલસાડ મંડળી પ્રમુખ નિમેષભાઈ, સેક્રેટરી આશિષભાઈ નાયક ઉપસ્થિત રહયા હતાં.

સર્વરોગ નિદાન સારવાર, ડાયાબિટીસ તપાસ, બ્લડપ્રેશર તપાસ, વેલનેસ સેન્ટર અંતર્ગત સ્વસ્થવૃત્ત માર્ગદર્શન, યોગ સમજ ચાર્ટપ્રદર્શન, પંચકર્મ સારવાર-સ્વેદનકર્મ, અગ્નિકર્મનો મોટી સંખ્યામાં ઘર આંગણે દર્દીઓએ લાભ લીધો હતો.

**ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત**

## સુબીર નવજ્યોત સ્કુલમાં જિલ્લા કક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તાં. ૨૧ :** રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત સરકાર તેમજ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત રાજ્ય અને ડાંગ જિલ્લા ઇન્ચાર્જ કલેક્ટર બી.બી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી આહવા, જિલ્લા શિક્ષણાધિકારી, તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી સંચાલીત ખેલ મહાકુંભ ૩.૦ માં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે. જે અંતર્ગત આજરોજ તારીખ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ રોજ ખેલ મહાકુંભ ૩.૦ રમત અંતર્ગત સુબીર નવજ્યોત શાળામાં જિલ્લા કક્ષાની બાસ્કેટબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિવિધ શાળાઓ માંથી અંડર ૧૪/૧૭, ભાઈઓ/બહેનો તેમજ ઓપન એજ ગૃપની ટીમોના ખેલાડીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સાથે જ આહવા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આજે જિલ્લા કક્ષાની બે દિવસીય લોન ટેનીશની રમત પણ યોજાઈ હતી.

## આહવાની એકલવ્ય સ્કૂલમાં માર્ગ સલામતી અંગે સેમિનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૨૧ :** માર્ગ સલામતી માસ - ૨૦૨૫ ની ઉજવણી અંતર્ગત તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ ડાંગ જિલ્લાની પીએમ શ્રી એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ આહવા ખાતે આર.ટી.ઓ કચેરી વઘઇ દ્વારા શાળામાં માર્ગ સલામતી અંગેનો સેમીનાર યોજવામાં આવ્યો હતો.

જેમાં વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગે માર્ગ સલામતીના નિયમો, ગુડ સમરિટન સ્કીમ, માર્ગ પરની નિશાનીઓ વિશેની સમજણ આપવામાં આવી હતી. સાથે જ ટ્રાફિક નિયમો વિશે જાણકારી આપી વહાન ચલાવતી વખતે ધ્યાનમાં લેવામાં આવી બાબતો અંગે માહિતી આપવામાં આવી હતી. જેમાં હંમેશા હેલમેટ અથવા સીટ બેલ્ટનો ઉપયોગ કરીએ, વાહન ચલાવતી વખતે ક્યારેય મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરીએ, ઉતાવળ કરીને જોખમી રીતે ઓવરટેક ન કરીએ, રસ્તા પર વાહન ખોટી રીતે પાર્ક ન કરીએ, લાઈસન્સ ન ધરાવતા કોઈ પણ વ્યક્તિને વાહન ચલાવવા ન આપીએ, કોઈપણ પ્રકારનો નશો કરી વાહન ન ચલાવીએ, જાહેર માર્ગ પર રેસિંગ કે સ્ટંટ ન કરીએ વગેરે જેવા ટ્રાફિકના નિયમોનું પાલન કરીએ, પોતાની તેમજ અન્યોની જીંદગી બચાવીએ જે માટે ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવા જણાવ્યું હતું.

વધુમાં ઈમરજન્સી નંબરો જેવા કે પોલીસ માટે ૧૦૦, ફાયર બ્રિગેડ-૧૦૧, એમ્બ્યુલન્સ-૧૦૮,અને ટ્રાફિક હેલ્પલાઈન-૧૦૯૫ વગેરે આ બધા સુરક્ષાના નિયમોનું પાલન કરીએ અને લોકોને જાગૃત બનાવી શકાય તેમ આર.ટી.ઓ કચેરી વઘઈના ઈન્સ્પેક્ટર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### દમણ રેડિયો

**102.3 FM**

**બુધવાર**

**સવારની સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૫ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૩૫ હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (દિલ્હી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૦ - પ્રકૃતિ, ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - ભારત કી ગુંજ, ૯.૩૦- આજ કે ફનકાર, ૧૦.૦૦ - ગીત ગાતા ચલ, ૧૦.૩૦- સુગમ સંગીત, ૧૧.૦૦-હિન્દી ફિલ્મ સંગીત. **બપોરે :** ૧૨.૦૦- લોક સંગીત અને ૧૨.૩૦ - મહિલા જગત (અમદાવાદ-વડોદરાથી), ૧.૦૦ - કુછ બાતે કુછ ગીત - ૨.૦૦ - ગાને તરાને, ૩.૦૦ - સખી સહેલી, ૪.૦૦ આજ મહેમાન. **સાંજે :** (દમણથી) ૫.૦૦ - ગુલમહોર (હિન્દી ફિલ્મ સંગીત), ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ - NCERT - ઉમંગ, ૬-૦૦ શ્રી રામ ચરિતમાનસ ગાન, ૬-૧૦ - કાર્યક્રમ વિવરણ, ૬.૧૫ -શ્રવણ માધુરી, ૬.૩૦ યુવવાણી (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ - પ્રાદેશિક સમાચાર, ૭-૧૦ હિન્દી સમાચાર, ૭-૨૦ કિસાન વાણી (સ્થાનિક ખેડૂતો, તજજ્ઞો સાથે મુલાકાત), ૭.૫૦ ગુજરાતી સમાચાર (દિલ્હીથી), ૮-૦૦ સમાચાર સંધ્યા (દિલ્હીથી, ૮.૩૦ - રજનીગંધા (હિન્દી ફિલ્મ સંગીત), ૯.૦૦ - આજ કે ફનકાર, ૯.૩૦ છાયા ગીત, ૧૦.૦૦ નાટક ( અમદાવાદ -વડોદરાથી), ૧૦.૩૦ - ગોલ્ડન અવર્સ, ૧૧.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૧૧-૧૦ સભા સમાપન

**ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત દેશમાં પ્રથમ**

## ગુજરાતમાં ખેડૂતોની નોંધણીમાં નવસારી પ્રથમ અને ડાંગ બીજા ક્રમે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તાં. ૨૧ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશના દરેક ખેડૂતને હવે એક આગવી ઓળખ મળશે. એક વિશેષ પહેલના ભાગરૂપે ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લેંડ રેકર્ડને યુનિક આઈ.ડી સાથે લીંક કરવા માટે ગત તા. ૧૫ ઓક્ટોબરથી ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. ગુજરાતમાં પી.એમ. કિસાન યોજનાના ૬૬ લાખ જેટલા ખેડૂત લાભાર્થીઓની ફાર્મર રજીસ્ટ્રી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. જેની સામે અત્યાર સુધીમાં રાજ્યના ૩૩ લાખથી વધુ ખેડૂતો એટલે કે, ૫૦ ટકાથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઇ છે.

ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર ખેડૂતોની નોંધણીમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ છે. ગુજરાતે દેશમાં સૌપ્રથમ ૫૦ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી સ્પેશિયલ સેન્ટ્રલ આસીસ્ટન્સ' તરીકે રૂ. ૧૨૩.૭૫ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ આપવામાં આવશે. અગાઉ પણ ગુજરાતને ૨૫ ટકા ખેડૂતોની નોંધણી પૂર્ણ કરતા ભારત સરકાર તરફથી રૂ. ૮૨ કરોડની પ્રોત્સાહક ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. આ પ્રોત્સાહક ગ્રાન્ટનો ઉપયોગ ગુજરાતના વિવિધ ખેડૂત હિતલક્ષી પ્રોજેક્ટમાં કરવામાં આવશે. રાજ્ય સરકારના -યાસો થકી ફાર્મર રજીસ્ટ્રી વધુ વેગવાન બની છે. ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોની નોંધણીમાં ૭૪ ટકા કામગીરી સાથે નવસારી જિલ્લો ગુજરાતમાં પ્રથમ ક્રમે છે. જ્યારે, ૭૧ ટકા નોંધણી સાથે ડાંગ જિલ્લો બીજા ક્રમે અને ૬૬ ટકા નોંધણી સાથે જૂનાગઢ જિલ્લો રાજ્યમાં ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત સુરત અને ભરૂચ જિલ્લામાં પણ ૬૩-૬૩ ટકા ખેડૂત નોંધણી પૂર્ણ થઈ છે. ફાર્મર રજીસ્ટ્રી હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ એક ૧૧ ડિજિટની યુનિક ફાર્મર આઈ.ડી આપવામાં આવશે, જેમાં ખેડૂતોની જમીન સહિતની વિવિધ વિગતો ઉપલબ્ધ રહેશે. આ આઈ.ડી.ના માધ્યમથી ખેડૂતોને રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ હિતલક્ષી યોજનાઓનો લાભ સરળતાથી, પારદર્શકતાપૂર્વક અને સમયસર મળશે. ભારત સરકારની સૂચના અનુસાર ગુજરાતમાં ફાર્મર રજીસ્ટ્રી આગામી તા. ૨૫-૦૩-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**ભૂલથી અન્ય પરીક્ષા કેન્દ્ર પર આવી પહોંચેલી**

## વઘઈ પોલીસે વિદ્યાર્થીનીને પોતાના પરીક્ષા કેન્દ્ર પર પહોંચાડી માનવતા મહેકાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૧ :** ડાંગ જીલ્લાનાં જુદા-જુદા તાલુકામાં JNVST-2025ની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતુ.જે સંદર્ભે ડાંગ જીલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા તરફથી તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવા માટે સુચના આપવામાં આવી હતી.

જે અનુસંધાને વઘઇ પોલીસ સ્ટેશનનાં પો. સબ. ઈન્સ એમ.એસ.રાજપુત દ્વારા વઘઈ તાલુકા શાળા પર જરૂરી પોલીસ બંદોબસ્ત રાખવામાં આવેલ અને પરીક્ષા કેન્દ્ર ઉપર બંદોબસ્ત વાળી જગ્યા પર પોલીસ સ્ટાફ સાથે હાજર હતા.તે દરમ્યાન પરીક્ષાર્થી નામે અસ્મીતાબેન ઇશ્વરભાઈ પવાર ( રહે, ઢુંઢુનિયા તા.આહવા જી.ડાંગ ) તેની માતા સાથે પરીક્ષા આપવા માટે વઘઇ તાલુકા શાળા ખાતે પહોંચ્યા હતા.

પરીક્ષા કેંદ્ર પર તપાસ કરતા તેઓનું પરીક્ષા કેન્દ્ર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર



માધ્યમિક શાળા આહવાનું જણાઇ આવેલ જેથી પરીક્ષા આપવા માટે આવેલા પરીક્ષાર્થી અસ્મીતાબેન તથા તેમની સાથે આવેલ તેમની માતા એકદમ ગભરાઇ ગયા હતા અને રડવા લાગ્યા હતા. ત્યારે પરીક્ષા કેન્દ્ર પર હાજર વઘઈ પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ એમ.એસ.રાજપુત તથા હાજર સ્ટાફ તુરત જ પરીક્ષાર્થી તેમજ તેમની માતાની રજુઆત સાંભળી વઘઇ પરીક્ષા કેન્દ્રથી બન્નેને વઘઇ પોલીસ સ્ટેશનની સરકારી વાહન ફર્સ્ટ- મોબાઈલમાં બેસાડી તાત્કાલિક તાલુકા શાળા વઘઈ ખાતેથી આહવા પરીક્ષા કેંદ્ર ખાતે રવાના કરેલ અને સમય મર્યાદામાં આહવા ખાતે અવેલ પરીક્ષા કેંદ્રમાં પરીક્ષાર્થી અસ્મીતાબેન ઈશ્વરભાઈ પવારને પહોચતી કરેલ અને પરીક્ષા આપવા માટે બેસાડવામાં આવેલ હતા. ત્યારે પરીક્ષા કેન્દ્રના આચાર્ય તથા શિક્ષક ગણોએ ડાંગનાં વઘઇ પોલીસની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.




### સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૨-૦૧-૨૦૨૫, **વારઃ** બુધવાર, **તિથિઃ** આઠમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૧ **સૂર્ય ઉદયઃ** ૦૭:૧૫ **સૂર્ય અસ્ત :** ૧૮:૨૩ **ચંદ્રરાશિઃ** તુલા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે કોઈક મુદ્દાઓ પર તમારે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્વીગ્ન કરી મુકશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી તમને સાચી સલાહ અને સહકાર મળશે જે તમારા મનોબળને ઓર વધારશે.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે સવારે યોગ, રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે.

**કર્ક(ડ.હ) :** આજે તમે માનસિક અને શારીરિક નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો અથવા તો કોઈ નિર્ણય લો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લેજો.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે તમારા માટે થોડો અસમંજસ ભર્યો દિવસ છે.

**તુલા (ર.ત.) :** આજથી તમારે જો સફળતા મેળવવી હોયતો સમય સાથે તમારા વિચારો બદલો.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે કદાચ સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે.

**મકર(જ.ખ) :** આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠ લોકો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે વહેલી સવારે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે.

# મોટાપોંઢા કૉલેજમાં ગુજરાતી વિભાગ દ્વારા વક્તવ્ય યોજાયું



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં મોટાપોંઢા ખાતે શ્રી જનતા કેળવણી મંડળ સંચાલિત શ્રી મુમ્બાદેવી આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ.આર.ચમારિયા કોમર્સ કૉલેજમાં ગુજરાતી વિભાગના ગુજરાતી સાહિત્ય સભા સ્પંદનના ઉપક્રમે વી. એમ. સાકરીયા મહિલા આર્ટસ કોલેજ, બોટાદના ગુજરાતી વિભાગના ડૉ. જગદીશ ખાંડરાએ સર્જનાત્મક નિબંધ શિયાળાની સવારના ગ્રામચિત્રો વિશે મારી કેફિયત સંદર્ભે વક્તવ્ય આપ્યું હતું. તેમણે ગુજરાતી સાહિત્યના દલપતરામ, નર્મદ, કાકાસાહેબ કાલેલકર, મકરંદ દવે, ભોળાભાઈ પટેલ, અમૃતલાલ વેગડ, મહેન્દ્રસિંહ પરમાર જેવા નિબંધકારોના નિબંધ સાહિત્યથી ભૂમિકા બાંધી કપરાડાના ગ્રામ્યજીવનનો પણ ઉલ્લેખ કર્યો હતો. શિયાળાની સવાર ડુંગર, નદી, ઝરણાં, ધૂળિયો મારગ, ગાડું, ચીલો ખડું, તાપણું, જગડી, ગોદડી, ઝાંપો તથા વિવિધ ફળ, ફૂલ, વૃક્ષોની વાત કરી હતી. વિદ્યાર્થીઓ સમક્ષ એમણે લખેલા નિબંધની વાત કરી હતી. જે હૃદયસ્પર્શી હતી. સરકારી વિનયન કૉલેજ, સાગબારા ગુજરાતી વિભાગના પ્રા.હરિભાઈ ગાંવિતે સાહિત્યમાં આલેખાયેલ ગ્રામ પરિવેશ વિશે ઉલ્લેખ કર્યો હતો. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. જે. એમ. સોલંકીએ વિદ્યાર્થીઓને જીવનલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ.આશા ગોહિલે કર્યું હતું. જેમાં એમણે પર્વતીય અંતરિયાળ પ્રદેશના અનુભવોની વાત થકી પૂર્તિ કરી હતી. વિદ્યાર્થીઓએ પણ જળ, જંગલ, જમીન સાથે જોડાયેલા એમના અનુભવો જણાવ્યા હતા. વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમ જ્ઞાનસભર બની રહ્યો હતો. મંડળના પ્રમુખ કેતનભાઇ પટેલ તથા ઈન્ચાર્જ આચાર્ય એસ.યુ. પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં કૉલેજ પરિવારમાંથી ડૉ.શીલાબેન પટેલ, પ્રા.આર.એલ.પટેલ, પ્રા.એ.જે. ઠાકોરે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અટાર વૃદ્ધાશ્રમમાં ભાગવત કથાનો આરંભ થયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ તાલુકાના અટાર ગામે આવેલા વૃદ્ધાશ્રમ મા આજે કથાકાર પ્રફુલભાઈ શુક્લની ૮૭૮મી ભાગવત કથા નો મઁગલ આરંભ થયો હતો આ પૂર્વે ભુમિદાતા રમણલાલ દેસાઈના પુત્ર જનકભાઈ દેસાઈ ના નિવાસેથી પોથી યાત્રા નીકળી હતી. જેમ વાજા વાજીત્ર, કલશધારી બેહનો સાથે માનવ સેવા ટ્રસ્ટ ના ચેરમેન રજનીકાંત દેસાઈ, રાધેશ્યામ પરિવાર વલસાડ જિલ્લા પ્રમુખ લક્ષ્મીબેન બારોટ, જગદીશભાઈ પટેલ, જિનેશ દેસાઈ, મીતાબેન, લતાબેન ઉજ્જવળાબેનદેસાઈ સહીત ગ્રામજનો જોડાયા હતા. કથા નો સમય દર રોજ બપોરે ૨ થી ૫ રાખવામાં આવ્યો છે.

# વાપીના વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા સમર્થિત સ્કિલ ઓન વ્હીલ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૧ :** વેલસ્પન ફાઉન્ડેશન દ્વારા પ્રાયોજિત સ્કિલ ઓન વ્હીલ કાર્યક્રમનું ઉદ્ઘાટન રોહિના પ્રાથમિક શાળા, બ્લોક પારડી, વલસાડ ખાતે વેલ્સ્પનના પ્રમુખ હરિંદ્ર ગુપ્તા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં શાળાના સ્ટાફ, આસિફ ખાન, અવની શ્રીવાસ્તવ, શર્મિષ્ઠા સહિત વેલસ્પન ફાઉન્ડેશનના પ્રતિનિધિઓ અને લેન્ડ એ હેન્ડ ટીમના સભ્યો હાજર રહ્યા હતા.

સ્કિલ ઓન વ્હીલ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ અનુસાર પ્રાથમિક શાળાના બાળકોને વ્યાવસાયિક શિક્ષણનો પરિચય કરાવવાનો છે. આ પહેલમાં કૃષિ, વિદ્યુત, મિકેનિકલ, ગૃહ વિજ્ઞાન, આરોગ્ય, પ્લમ્બિંગ અને ગ્રાઈન્ડીંગ જેવા વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોને આવરી લેતા વ્યવહારુ મોડેલોથી સજ્જ બસનો સમાવેશ થાય છે. ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવશે, જે તેમને વ્યવહારુ શિક્ષણમાં જોડાવા અને આ કુશળતા પ્રત્યે વ્યાવસાયિક અભિગમ વિકસાવવા સક્ષમ બનાવશે.

આ વર્ષે, વેલસ્પન ફાઉન્ડેશન આ પહેલને વલસાડ જિલ્લાની ૩૫ પ્રાથમિક શાળાઓ સુધી વિસ્તારવાની યોજના ધરાવે છે.

રોહિના પ્રાથમિક શાળાના આચાર્ય શકુંતલાબેન પટેલે, સમગ્ર શાળાના સ્ટાફ સાથે મળીને કાર્યક્રમની સફળતા સુનિશ્ચિત કરવા માટે ખંતપૂર્વક કામ કર્યું હતું. તેમણે તમામ મહેમાનો અને સહભાગીઓનો તેમના સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો.

# દમણ નિફટમાં ૪૦ મા સ્થાપના દિવસની ઉજવણી કરાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૧ :** નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT) દમણ કેમ્પસ NIFTના ૪૦મા સ્થાપના દિવસના અખિલ ભારતીય ઉજવણીમાં જોડાશે. વર્ષભર ચાલનારા કાર્યક્રમોનું ઉદ્ઘાટન વિવેકાનંદ હોલ ખાતે કરવામાં આવશે. આ પ્રસંગે બ્રોકન ડોર પુસ્તકનું વિમોચન કરવામાં આવશે, જે અનુષ્કા અગ્રવાલ દ્વારા લખાયેલ કવિતાઓનો સંગ્રહ છે, જે ટેક્સટાઈલ ડિઝાઈનના બીજા વર્ષની વિદ્યાર્થીની છે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વંશીય મૂલ્યોનું પ્રદર્શન કરતો ફેશન શો તેમજ સ્થાનિક પ્રતિભા દર્શાવતો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. આ ઉપરાંત, NIFT દમણ પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન થશે જેમાં ચાર ટીમો ભાગ લેશે. કેમ્પસમાં ઉત્સાહનો માહોલ છે, પ્રેક્ટિસ પૂરજોશમાં ચાલી રહી છે.

એક અખબારી યાદીમાં, NIFT ના ડિરેક્ટર ડૉ. સંદીપ સચાને જણાવ્યું હતું કે તેઓ આ સીમાચિહ્નની ઉજવણી કરવા માટે ઉત્સાહિત છે અને તેમણે તમામ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓને સ્થાપના દિવસની ઉજવણીમાં જોડાવા આમંત્રણ આપ્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે આ અનુભવ NIFTમાં જોડાવાની ઈચ્છા રાખતા વિદ્યાર્થીઓની આગામી પેઢી માટે પ્રેરણાદાયક રહેશે. ૨૦૨૨ માં સ્થપાયેલ NIFT દમણ કેમ્પસ, ફેશન મેનેજમેન્ટ અને ટેક્સટાઈલ ડિઝાઈનમાં અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક કાર્યક્રમો પ્રદાન કરે છે.

# વાપીના ખેડૂતોએ અંબાજી ગામમાં મોડલ ફાર્મની મુલાકાત લીધી




(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ જિલ્લાના વાપી તાલુકાના જુદા જુદા ગામના ખેડૂતોએ આત્મા પ્રોજેક્ટના માર્ગદર્શન હેઠળ અંબાજી ગામના ગોવિંદભાઈ ઝીણાભાઈ પટેલના મોડલ ફોર્મની મુલાકાત લીધી હતી.

આ મુલાકાતમાં ૧૫૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. મુલાકાત દરમિયાન વાપી તાલુકાના બી ટી એમ અંકુરભાઈ પ્રજાપતિ તેમજ એટીએમ જયશ્રીબેન ટંડેલ હાજર રહ્યા હતા. આ પ્રવાસ દરમિયાન ગામના સરપંચ મનિષાબેન તેમજ પારડી તાલુકા પંચાયતના સભ્ય અંકિતભાઈ હાજર રહ્યાં હતા.

# વલસાડ એસટી દ્વારા કર્મચારીઓના નાણાકીય સહિતના પ્રશ્નો બાબતે ઓપન હાઉસ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ એસ.ટી. વિભાગ ખાતે કામદાર કલ્યાણ પ્રવૃત્તિ અંતર્ગત તા. ૩૦-૦૧-૨૦૨૫ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે એસ. ટી. વિભાગીય કચેરી, ધરમપુર રોડ, વલસાડ ખાતે વિભાગીય નિયામક એન. એસ. પટેલના માર્ગદર્શન હેઠળ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવનાર છે, જેમાં એસ.ટી.વલસાડ વિભાગ ખાતેથી ફરજ બજાવેલ અને નિવૃત્ત / અવસાન / બરતરફ કે રાજીનામું આપેલ કર્મચારીઓના પી.એફ./ ગ્રેજ્યુએટી / પેન્શન/ ઈ.ડી.એલ.આઇ / ગ્રુપ ગેજ્યુઈટી / ઉપકારક યોજના સહિતની વિવિધ મળવાપાત્ર રકમોનું ચુકવણું બાકી હોય કે ડોક્યુમેન્ટની અધુરા હોય તો તેવા કિસ્સામાં તત્કાલીન કર્મચારીઓ અને તેના વારસદારો દ્વારા રજુ કરવાના ડોક્યુમેન્ટની પૂર્તતા કરાવવા વિસ્તૃત જાણકારી સહિત સમજ અને માર્ગદર્શન આપવા માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં કર્મચારીઓ / વારસદારોને હાજર રહેવા જણાવવામાં આવે છે. આ આયોજનનો મૂળભૂત હેતુ કર્મચારી કે અવસાન પામેલ કર્મચારીઓના વારસદારોને મદદરૂપ થવું અને તેમના હકના નીકળતા નાણાં સહિતના લાભો સત્વરે આપી શકાય તે બાબતને ધ્યાને લેવામાં આવે છે.

# સેલવાસની નર્સિંગ કોલેજમાં જીએનએલયુ દ્વારા તાલીમનું આયોજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૧ :** ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી સિલ્વાસાની કાનૂની સેવા સમિતિએ સેલવાસમાં શ્રી વિનોબા ભાવે કોલેજ ઓફ નર્સિંગના 200 BSc અને MSc વિદ્યાર્થીઓ માટે POSH તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું.

કાયદાના સહાયક પ્રોફેસર નંદિતા ગુગનાનીએ વિદ્યાર્થીઓને કાર્યસ્થળ પર મહિલાઓના જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, ૨૦૧૩ ની જોગવાઈઓ સમજાવી, જે કાયદો ભ્બ્લણ કાયદા તરીકે જાણીતો છે.

**જાતીય સતામણી શું છે :** તેમણે સમજાવ્યું કે શારીરિક સંપર્ક અથવા આગળ વધવું; જાતીય તરફેણ માટે માંગ અથવા વિનંતી; જાતીય રંગીન ટિપ્પણીઓ કરવી; પોર્નોગ્રાફી બતાવવી; જાતીય મજાક અથવા વાર્તાઓ કહેવી; જાતીય કલ્પનાઓ વિશે પૂછવું, જાતીય સ્વભાવના જૂઠાણા ફેલાવવા અને જાતીય સ્વભાવના કોઈપણ અન્ય અનિચ્છનીય શારીરિક, મૌખિક અથવા બિન-મૌખિક વર્તન જાતીય સતામણી સમાન છે.

**જાતીય સતામણી માટે સજાની જોગવાઈ :** જો આંતરિક સમિતિ ફરિયાદને સાચી માને છે, તો પજવણી કરનાર સામે શિસ્તભંગના પગલાંમાં લેખિત શિસ્તભંગ ચેતવણીઓ, નીચલી પાયરીએ ડિમોશન, સસ્પેન્શન અથવા તો નોકરીમાંથી કાઢી મૂકવાનો સમાવેશ થઈ શકે છે.

**આંતરિક સમિતિ :** અધિનિયમ એવો આદેશ આપે છે કે દસ કે તેથી વધુ મહિલા કર્મચારીઓ ધરાવતી કોઈપણ કાર્યસ્થળ (હોસ્પિટલો, શાળાઓ, કોલેજો, ફેક્ટરીઓ, સરકારી કચેરીઓ, વગેરે) માટે આંતરિક સમિતિ હોવી જોઈએ. દસથી ઓછા સભ્યો (ઉદાહરણ તરીકે, ઘરેલું સહાયક) ધરાવતી સંસ્થામાં કામ કરતી મહિલાઓ માટે, દરેક જિલ્લામાં એક સ્થાનિક સમિતિ છે જ્યાં મહિલા પોતાની ફરિયાદ નોંધાવી શકે છે.

# બલીઠાથી ૪૯ વર્ષીય અશોક ગામીત ગુમ

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૧ :** વાપીના બલીઠા ખાતે કબ્રસ્તાન રોડ પર સત્યુધામ એપાર્ટમેન્ટ પાછળ મા કૃપા કોમ્પ્લેક્ષના ફલેટ નં. ૨૦૬માં ફારૂખ યુસુફ લુલાનીયાના ભાડાના ફલેટમાં રહેતા ૪૯ વર્ષીય અશોક છનાભાઈ ગામીત (મૂળ રહે. દાદરી ફળિયુ, કન્યાશાળાની પાછળ, વ્યારા ટાઉન, જિ.તાપી) તા. ૧૩/૦૧/૨૦૨૫ના રોજ સાંજે ૫ કલાકે પોતાના ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વિના ક્યાંક ચાલી ગયા હતા. જે પરત ન ફરતા શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન લાગ્યો ન હતો. જેથી પુત્ર તેજશ અશોકભાઈ ગામીતે વાપી ટાઉન પોલીસ મથકે પિતા ગુમ થયાની જાણ કરી હતી. ગુમ થનાર શરીરે પાતળો બાંધો, ઘઉંવર્ણ અને સાડા પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. ઘરેથી નીકળતી વેળા લાલ સફેદ કલરનો પટ્ટા વાળો શર્ટ અને ગ્રે કલરનો પેન્ટ પહેર્યો હતો. જે ધો. ૩ સુધી ભણેલા છે. જેઓ ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને પણ તેમની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ મથકે ફોન નં. ૦૨૬૦- ૨૪૬૧૧૦૦ પર જાણ કરવી.

# પરિયા સંશોધન કેન્દ્રમાં ખેડૂતોને તાલીમ આપાઈ



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૧ :** વલસાડ જિલ્લાના આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વિસ્તરે તે હેતુથી પારડી તાલુકાના ખેડૂતોને જિલ્લા અંદર તાલીમ ઘટક હેઠળ પરિયા સંશોધન કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા.

તાલીમ દરમિયાન કેન્દ્રના વડા ડો. ચિરાગ પટેલ તેમજ ડો. નીરવ ગજરે દ્વારા આંબા પાકની ખેતી પદ્ધતિ વિશે થિયરી અને પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ દરમિયાન આત્મા પ્રોજેક્ટ પારડીના એટીએમ હેમાક્ષીબેન ટંડેલ ખેડૂતો સાથે હાજર રહ્યા હતા.

# પ્રજાસત્તાક પર્વના પગલે વલસાડમાં ૨ ફેબ્રુઆરી સુધી હથિયાર બંધી

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૨૧ :** આગામી દિવસોમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીને પગલે વલસાડ જિલ્લામાં જાહેર શાંતિ, સલામતી જળવાઇ રહે તે જરૂરી છે. જેને અનુલક્ષીને અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.આર.જહાએ ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧) ની કલમ - ૩૭ (૧) થી મળેલી સત્તાની રૂએ તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી વિવિધ કૃત્યો કરવા ઉપર -તિબંધ ફરમાવ્યો છે.

જાહેરનામા અનુસાર શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની, સ્ફોટક પદાર્થ લઈ જવાની, કોઈપણ સરઘસમાં સળગતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની, વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવુ ભાષણ કરવાની, તેવા હાવભાવ કરવાની, તેવી ચેષ્ટા કરવાની તથા ચિત્રો, પત્રિકા, બોર્ડ અથવા બીજી કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવા, બતાવવા તથા ફેલાવો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ હુકમ સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ લાગુ પડશે નહીં.

# કપરાડાના ડુંગરાળ કોલવેરામાં ખેડૂતે શક્કરીયા સહિત ૧૧ મિશ્ર પાકની સફળ ખેતી કરી

**રાજ્ય સરકાર દ્વારા મોડલ ફાર્મ માટે રૂ. ૧૩,૫૦૦ અને દેશી ગાયના નિભાવ માટે દર મહિને ૯૦૦ની સહાય મળે છે**

**આલેખનઃ જિજ્ઞેશ સોલંકી**

**વલસાડ, તા. ૨૦ :** સમગ્ર દેશ હવે -કૃતિક ખેતી તરફ વળી રહ્યો છે ત્યારે વલસાડ જિલ્લાના સંપૂર્ણ આદિવાસી એવા કપરાડા તાલુકાના અંતરિયાળ અને ડુંગરાળ પ્રદેશમાં વસતા ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી અપનાવી પોતાના પરિવાર તેમજ અન્ય લોકોને પણ તંદુરસ્ત જીવન પુરૂ પાડવાના પરોપકારી કાર્યમાં જોડાયા છે. વાત છે, કપરાડા તાલુકામાં ડુંગર પર આવેલા કોલવેરા ગામના આદિવાસી ખેડૂત લાહનુભાઈ ખંડુભાઈ ધૂમની, કે જેઓ ડુંગર ઉપર પણ અનેક વિષમ પરિસ્થિતિઓને માત આપી સફળતાપૂર્વક પ્રાકૃતિક ખેતી કરી અનેક ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે. કપરાડાના કોલવેરા ગામના પટેલ ફળિયામાં રહેતા પ્રગતિશીલ ખેડૂત લાહનુભાઈ ધૂમ જણાવે છે કે, મારી સાત એકર જમીન પર હું શક્કરીયા, મકાઈ, સરગવા, તુવેર, મગફળી, આંબઈ, આંબા કલમ, મગ, ચણા, વાલ અને ચોળીના પાકની ખેતી કરૂ છું. દાયકાઓ પહેલા અમે રાસાયણિક ખેતી કરતા હતા પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશને પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવતા અમને પણ પ્રાકૃતિક ખેતી કરવાની પ્રેરણા મળી હતી. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની ઝુંબેશ આદરી છે. સાથે જ આત્મા પ્રોજેક્ટ દ્વારા ગામે ગામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે સીધુ માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવી રહી છે.





જેમાં હું પણ જોડાયો અને સ્વાસ્થ્યવર્ધક પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. જેને પગલે આજે અમારા ખેતરમાં પ્રાકૃતિક ખેતી દ્વારા સમૃધ્ધ ખેતી થઈ રહી છે. મારી આર્થિક આવક પણ વધતા જીવન ધોરણમાં સુધારો આવ્યો છે. હાલમાં શક્કરીયાની ખેતી એક એકર જમીન પર કરી છે. જે ૮૦૦ રૂપિયે મણના ભાવે વેચાય છે. વર્ષમાં બે વાર પાક લઉં છું. નાનાપોંઢા માર્કેટ ખાતે ખેતપેદાશનું વેચાણ પણ સારા ભાવે થતા પાક વેચાણ અંગે માર્કેટની પણ ચિંતા રહેતી નથી.

વધુમાં લાહનુભાઈ કહે છે કે, ખેતીના પાકમાં રાસાયણિક ખાતરનો છંટકાવ સંપૂર્ણપણે બંધ કરી હું જાતે જ ઘરે જીવામૃત અને ઘન જીવામૃત બનાવુ છું. પાકમાં કોઈ જીવાત પડે તો તેના નાશ માટે જાતે જ અગ્નિઅસ્ત્ર અને નિમાસ્ત્ર પણ જાતે બનાવી છંટકાવ કરૂ છું. જે અંગે આત્મા પ્રોજેક્ટ દ્વારા પારડીના ખેડૂત તાલીમ કેન્દ્ર અને વઘઈ ખાતે કિસાન ગોષ્ઠીમાં તાલીમ પણ આપવામાં આવી હતી. અંભેટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પણ પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી મબલખ પાક કેવી રીતે લઈ શકાય તે માટે વખતોવખત વિશેષ માર્ગદર્શન પણ આપવામાં આવે છે. ડુંગરાળ પ્રદેશમાં જમીન સમતલ ન હોવાથી ચોમાસાનું પાણી વ્યય થઈ જતા વર્ષ દરમિયાન નદીના પાણીથી ખેતી કરીએ છે. રાજ્ય સરકાર દ્વારા મોડલ ફાર્મ માટે રૂ. ૧૩,૫૦૦ની સહાય પણ મળી હતી. આ સિવાય દેશી ગાયના નિભાવ માટે દર મહિને રૂ. ૯૦૦ની સહાય પણ મળે છે. પ્રાકૃતિક ખેતીમાં આપેલા યોગદાન બદલ રાજ્ય સરકાર દ્વારા તાલુકા કક્ષાનો બેસ્ટ ફાર્મર એવોર્ડથી મારૂ સન્માન પણ કરવામાં આવ્યુ હતું. જેથી પ્રાકૃતિક ખેતીમાં વધુમાં વધુ પ્રગતિ કરી અન્ય ખેડૂતો પણ રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ વળે તે દિશામાં કાર્ય કરવાનો ઉત્સાહ વધ્યો અને પ્રેરકબળ પણ મળ્યુ છે. જે બદલ હું રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરૂ છું.

# ને. હા.ના અધિકારીઓને કનુભાઈ જોરનો ગોદો મારશે?

**વલસાડ જિલ્લાના નેશનલ હાઈવે નં.૪૮ની જાળવણી પ્રત્યે લાપરવાહ અધિકારીઓ સાથે નાણામંત્રીએ બેઠક રાખી ડામ પાડ્યો: નાણામંત્રીનો, લીધેલ કામ પુરુ કરવાનું અભિગમ જોતા હાઈવેની બદસુરતી દૂર થવાની આશા: વાપીના માથે મંડરાયેલા ફોર લેનના રેલવે ઓવરબ્રિજનું કામ મંથરગતિએ: ટ્રાફિકની મોકાણનું પણ કારણ બન્યો: વાપી મહાનગરપાલિકા બન્યાના ૨૨ દિવસ વિત્યા છતાં ઉડીને આંખે વળગે એવી ક્યાંક કામગીરી નહીં**

હાલમાં જ નાણા, ઊર્જા અને પેટ્રોલ કેમિકલ્સના મંત્રી કનુભાઈ દેસાઈએ નેશનલ હાઈવેના ઉચ્ચ અધિકારીઓ સાથે એક બેઠકનું આયોજન કરી વલસાડ જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે નં.૪૮ની અવદશાના કારણે થતા પ્રાણઘાતક અકસ્માતોને નિવારવા ઉપર ખાસ ભાર મૂક્યો હતો અને અકસ્માતો માટે નિમિત બની રહેતા ક્રોસિંગ્સ બંધ કરવાનો પણ નિર્ણય લેવાયો હતો.

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર છાશવારે બનતા પ્રાણ ઘાતક બનાવોને રોકવા ખાસ બેઠક રાખી તે પરિણામલક્ષી બની રહેવાની અમને ખાતરી છે. કેમ કે, કનુભાઈ દેસાઈ જે કામ હાથ પર લે છે તે પરિપૂર્ણ થતાં જ હોય છે.

વર્ષ ૨૦૧૨માં કનુભાઈ દેસાઈ પારડી વિભાગમાંથી વિધાનસભાની ચૂંટણીમાં વિજય બનેલા ત્યારે ધારાસભ્ય તરીકે અમે તેમને ઉમરગામ તાલુકાના ભીલાડ, ધનોલી, ઝરોલી, અંકલાસ રોડ ઉપર નગવાસ અને અંકલાસ વચ્ચે આવતી દારૂઠા નદી ઉપરના લો લેવલ પુલ બાબત ધ્યાન ખેંચ્યું હતું આ લો લેવલપૂલ ચોમાસા દરમિયાન દિવસો સુધી પાણીમાં ડૂબેલો રહેતા, અંકલાસના ગરીબ આદિવાસીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. નહીં નહીં તોય ૪૦ વર્ષની આ હાલાકી હતી. જેના કારણે અંકલાસના અન્ય દુરની શાળામાં ભણતા બાળકોને નગર હવેલીના નરોલી ભીલાડ થઈ લાંબા ચકરાવે જે તે શાળામાં પહોંચવું પડતું હતું. બીમાર અને અશક્તો પણ ગામમાં ઘેરાઈ જતા હતા. રાતે મોટરસાયકલ પર જતા પુલના પાણીથી અજાણ એવા બે શખ્સોએ જીવ ગુમાવ્યાનો બનાવ પણ બન્યો હતો.

ધારાસભ્ય કનુભાઈ દેસાઈને આ મુશ્કેલીની જાણ કરતાં તેમણે તરત જ ઉચા ફૂલ અંગેની સરકારી પ્રક્રિયા તેજ કરી દીધી હતી અને આ નીચા પુલની જગ્યાએ ઉંચો પુલ બનાવી દેતા વર્ષો પછી આ આદિવાસી વિસ્તારને બારમાસી ઉંચો પુલ નસીબ થયો હતો. કનુભાઈ દેસાઈએ આજે ભીલાડ, ધનોલી, ઝરોલી અંકલાસ રોડ ઉપર વધી રહેલા ટ્રાફિકને કારણે તેને સિંગલ લેન્ડમાંથી ટુ લેન્ડનો બનાવવાનું પ્રશંસનિય કામ પણ કયું હતું જે પુરવાર કરે છે કે તેઓ લીધેલા કામો પરિપૂર્ણ કરવામાં માને છે.

આ ઉપરાંત નાણામંત્રી કનુભાઈ દેસાઈનો વાપી પાસેની બલીઠા ખાડીનો ઉધ્ધાર કરવામાં પણ સિંહ ફાળો છે. આ ખાડી ઉપર ૧૫થી ૨૦ વર્ષ સુધી બિલ્ડરો, ડેવલોપરો, ઉદ્યોગપતિઓ અને અતિક્કમણકારીઓએ છિનાળું કરી તેને છીછરી બનાવી દીધી હતી. પરિણામે આ ખાડી ચોમાસાનાં થોડા વરસાદમાં ઉભરાતી હતી અને પાણીની વહન શક્તિ ગુમાવી દેતા આ નદીના પાણી વાપી નગરપાલિકાના કાર્યક્ષેત્રમાં અને જીઆઈડીસીના કારખાનાઓમાં ફરી વળતા હતા જેને કારણે ઉત્પાદિત માલને દર ચોમાસામાં ભારે નુકસાન થતું હતું.

કોઈપણ વોટરબોડીની જાળવણી કરવાની જવાબદારી જળાશય યોજના વાળાની બની રહેતી હોય છે પરંતુ આ વિભાગે આંખો મીચી રાખતા હાલત ખરાબમાંથી અતિખરાબ બની રહેતી હતી. વર્ષ ૨૦૧૭માં વલસાડમાં જિલ્લા કલેકટર રેમ્યા મોહન હતા તેઓની ગણના 'ઓફિસર ઓફ એક્શન'માં થતી હતી છતાં તેવો બિલખાડીના બળાત્કારીઓ સામે પગલાં લેવામાં નિષ્ફળ બની રહ્યા હતા. સ્થિતિ એટલી હદે ખરાબ થઈ ગઈ હતી કે ચોમાસામાં જીઆઈડીસીના રહેણાંક વિસ્તારમાં પણ બિલખાડીના પાણી ઉભરાતા હતા. જેમાંથી ઉગરવા બે જેટલા બંગલાના માલિકોએ તો આધુનિક જેક પદ્ધતિથી, પોતાના

## દમણગંગાના તીરેથી



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

બંગલામાં પાણી ન ભરાય એ માટે લાખો રૂપિયા ખર્ચી બંગલાઓને પાંચ ફૂટ ઊંચા કરાવ્યા હતા! ટૂંકમાં જિલ્લા તંત્ર પણ બિલખાડી ઉપરના બેસુમાર અતિક્રમણ સામે સ્થિતપ્રજ્ઞ બની રહ્યું હતું.

આવા સંજોગોમાં બિલખાડીને અતિક્રમણકારીઓથી ઉગરવા હાલના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ બીડુ ઝડપ્યું હતું અને બિલખાડીના મોટાભાગના અતિક્રમણો હટાવી તેને ઊંડી કરવાની સરકારને ફરજ પાડી હતી. નાણામંત્રી કનુભાઈ દેસાઈના આ પ્રયાસોને કારણે છેલ્લા ત્રણ ચાર વર્ષથી દર ચોમાસામાં ગાંડીતુર બની જતી બિલખાડી ડાહીડમરી થઈ ગયેલી છે!

હવે આપણે નેશનલ હાઈવે વાળાની હાઈવેની યોગ્ય જાળવણીના અભાવે થતા પ્રાણઘાતક અકસ્માતોની વાત ઉપર પાછા ફરીએ તો જિલ્લાના નેશનલ હાઈવે નં. ૪૮ ઉપર ઉપરાછાપરી બનતા પ્રાણઘાતક અકસ્માતોને રોકવા જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને વર્ષોથી બેઠક યોજાતી રહે છે. આ બેઠકમાં અકસ્માતો માટે જવાબદાર કાળા ધાબાઓની નોંધ પણ કરાતી હોય છે. પરંતુ નક્કર કાર્યવાહીના અભાવે અકસ્માતમાં મોતનો આંકડો દાંડિયા રાસ કરતો જ રહે છે.

આપણા દેશની જ વાત કરીએ તો વિશ્વના દેશોની સરખામણીમાં આપણા દેશના તમામ માર્ગો ઉપર મોતનું તાંડવ નૃત્યો વર્ષોથી વણથંભ્યું ચાલુ રહ્યું છે.

ખુદ કેન્દ્રના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ હાલમાં જે દેશમાં વધી રહેલા માર્ગ અકસ્માતો અને બાંધકામમાં ખામીવાળા માર્ગો અંગે ભારે ચિંતા વ્યક્ત કરી હતી. તેમના મતે ખરાબ રોડ માટે જવાબદાર અધિકારીઓને જેલ ભેગા કરી દેવા જોઈએ અને તેને બિનજામીન પાત્ર ગુનો બનાવવો જોઈએ. ગડકરીએ ઉમેર્યું કે વિશ્વમાં સૌથી વધુ પ્રાણઘાતક અકસ્માતો ભારતમાં થાય છે.

અત્રે એ જણાવવું પણ પ્રસ્તુત બની રહેશે કે માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૩ માં ભારતમાં પાંચ લાખ જેટલા અકસ્માતોમાં એક લાખ ૭૨ હજાર માનવીઓના મોત થયા હતા. આ લાંબા ગામતરે જનારા પૈકી એક લાખ ચાલીસ હજાર લોકો ૧૮ થી ૪૫ વર્ષના હતા અને ૧૦૦૦૦ તો બાળકો મોતને ભેટ્યા હતા.

વર્ષ ૨૦૨૩ માં ૫૫ હજાર લોકો હેલ્મેટ ન પહેરવાના કારણે સ્મશાન ભેગા થયા હતા જ્યારે ૩૦,૦૦૦ વ્યક્તિઓ સેફટી બેલ્ટ ન પહેરવાને કારણે મડદાં બની ગયા હતા.

એમ અગાઉ જણાવેલ એમ, આપણે માર્ગ સલામતી સપ્તાહ ઉજવ્યે રાખીએ છે છતાં અકસ્માત મોતનું તાંડવ નૃત્ય કદી અટકતું નથી. શક્ય છે અકસ્માતોને અંકુશમાં લેવાનું સરકારી તંત્ર ખાસ ગંભીર નથી. મોટર વિહિકલ કાનુનમાં આકરા દંડની જોગવાઈની પણ કોઈ અસર થઈ નથી. કદાચ કાનૂનનો ભંગ કરવાનું આપણા દેશની પ્રજાના લોહીમાં જ છે એટલે પરિવહનમંત્રી નીતિન ગડકરીએ માર્ગ અકસ્માતોની સંખ્યા વર્ષ ૨૦૩૦ સુધીમાં અડધી કરી નાખવાની ખાતરી ઉચ્ચારી છે તે ખોખલી જ બની રહેવાની છે.

આશા રાખીએ નાણામંત્રી કનુભાઈ દેસાઈએ વલસાડ જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૪૮ની કાયાપલટ માટે અને અકસ્માતો માટે જવાબદાર ક્રોસિંગ અને બ્લેક સ્પોટસ સંદર્ભમાં નેશનલ હાઈવેઝના અધિકારીઓના કાન આમળ્યા છે તે તેઓ પરિણામ ન મળે ત્યાં સુધી કાન આમળવાનું ચાલુ જ રહેશે.

## વાપી મહાનગરપાલિકા તો બની પણ પરિણામ ક્યારે જોવા મળશે?

વાપીને સત્તાવાર રીતે મહાનગરપાલિકા જાહેર કર્યાને લગભગ ૨૨ દિવસ થઈ ગયાં. ગુજરાત સરકારે મહાનગરપાલિકાની ચૂંટણી થાય ત્યાં સુધી એટલે કે એકાદ વર્ષ સુધી મુન્સીપલ કમિશનર અને નાયબ મ્યુનિસિલપ કમિશ્નરને વાપી નગર અને ૧૧ ગામોના કાર્યભાર શોભેલો છે મહાનગરપાલિકા બનતા વાપીનો વિસ્તાર લગભગ ૭૨ ચોરસ કિલોમીટરનો થઈ ગયો છે. આ વિશાળ વિસ્તારમાં વસતા લોકોની વિવિધ સુવિધાઓની ભૂખ સંતોષવાની મનપાના તંત્રવાહકો ઉપર મોટી જવાબદારી છે.

વાપી નગર ઉપર છવાનાર રૂ.૧૪૪.૨૦ કરોડના ખર્ચવાળા ફોરલાઈન રેલવે ઓવરબ્રિજનું કામ અપેક્ષિત ઝડપે થતું જ નથી આ પુલના કામે ગડરો તૈયાર કરવા વાપી આઝાદ નગરનો ચલાથી ટાઉનમાં જતો સર્વિસ રોડ ફોરવીલર વાહનો માટે લાંબા સમયથી બંધ કરી દેવામાં આવેલ છે એટલે તે દાઝયા પર ડામ જેવું બની રહેલ છે. આઝાદ નગરમાં આવેલ સી.પી. શાહ એન્ડ સંસના પરિવારના બંગલા સામે પુલના પાસે બાંધકામના કારણે મોટરસાયકલ જેવા વાહનોની અવરજવર પણ બંધ કરી દેવામાં આવતી હોઈ ચલા તરફથી ટાઉન તરફ આવતા દ્વિચકરી વાહન ચાલકો આદર્શધામ બિલ્ડીંગ પાસે આવે ત્યારે જ ખબર પડે કે આગળનો રસ્તો બંધ છે આ જોઈ તમામ દ્વિચકરી વાહનચાલકો પાછા ફરતા હોય છે ત્યારે થાય છે કે આ માર્ગનો ટ્રાફિકની મોકાણનો અંત ક્યારે આવશે?

હમણાં તો વાપીનો માથાનો અસહ્ય દુઃખાવો બની રહેલ ટ્રાફિકના નિયમ માટે પોલીસ રાત દિવસ પછીનો પાડે છે પરંતુ ટ્રાફિકની સમસ્યા હળવી કરવા મહાનગરપાલિકાના લાટ સાહેબોની પણ કોઈ જવાબદારી ખરી કે નહીં?

વાપીમાં ટ્રાફિકની સમસ્યા માટે આડેધર ગેરકાયદે પાર્કિંગ માર્ગની અવરોધતાં આર્થિક્રમાણો, ગોસણખોરી, સાકરડા માર્ગો વગેરેને કારણે જવાબદાર છે. આ ન્યુસન્સને નગરપાલિકાના શાસકો તો બે આંખની શરમને કારણે વર્ષોથી દૂર કરી શકેલ નથી પરંતુ મહાનગરપાલિકાના વહીવટોનો દોર સંભાળનારા કેમ આવવા ન્યુસંન્સના સામે તેજાબી પગલા લેતા નથી?

વાપીની ટ્રાફિકની અરાજકતા જોવી હોય તો વાપી પૂર્વ પશ્ચિમ વચ્ચેની રેલ્વે લાઈન ક્રોસ કરી એક દ્રષ્ટિ નાખી જવી. આ પૂર્વ અને પશ્ચિમ વચ્ચે તમામ માર્ગો પર ક્યાંક ટ્રાફિકની મોકળાશ દૂરબીન લઈને જોતા પણ નહીં દેખાય!

નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ વાપી વાસીઓની આ હાલાકી હળવી થાય એ માટે જવાબદારોને જોરનો પરોણો ઘોંચશે?

### ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા નવો વિવાદ

# ટીમ ઈન્ડિયાની જર્સીથી પાકિસ્તાનનું નામ ગાયબ

**હકીકતમાં આ ટુર્નામેન્ટના મુખ્ય આયોજક પાકિસ્તાનનું નામ આ વખતે ભારતીય ક્રિકેટ ટીમની જર્સી પર રહેશે નહીં**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવીદિલ્હી,તા.૨૧: આગામી સમયમાં પાકિસ્તાનના ત્રણ શહેરો રાવલપિંડી, કરાચી, લાહોર અને આ સિવાય દુબઈમાં 'હાઈબ્રિડ મોડેલ' હેઠળ ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની મેચો રમાશે. આ ટુર્નામેન્ટ ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે. ભારત ચેમ્પિયન્સમાં પોતાની બધી મેચ દુબઈમાં રમશે. જો કે, પાકિસ્તાન આ ટુર્નામેન્ટનું સત્તાવાર યજમાની કરી રહ્યું છે. પરંતુ આ ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલા જ એક નવો વિવાદ ઊભો થઇ ગયો છે. હકીકતમાં આ ટુર્નામેન્ટના મુખ્ય આયોજક પાકિસ્તાનનું નામ આ વખતે ભારતીય ક્રિકેટ ટીમની જર્સી પર રહેશે નહીં. જેને લઈને ભારતે કથિત રીતે ભારતીય ટીમની જર્સી પર છપાયેલા પાકિસ્તાન (યજમાન દેશનું નામ) શબ્દ સામે વાંધો ઉઠાવ્યો હતો. આ મામલે PCB ના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'BCCI ભારતીય ટીમની જર્સી પર પાકિસ્તાનનું નામ છાપવાને લઈને ક્રિકેટમાં રાજનીતિ કરી રહી છે'. અગાઉ ભારતીય બોર્ડે ચેમ્પિયન્સ ટ્રોફી માટે કેપ્ટનોની બેઠક માટે કેપ્ટન રોહિત શર્માને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો. આ સિવાય અગાઉ BCCIએ ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો.

ત્યારબાદ PCB અને ICCએ હાઈબ્રિડ મોડેલ હેઠળ ટુર્નામેન્ટ યોજવા સંમત થયા હતા. PCBના ઘણાં આગ્રહ છતાં BCCI એ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરવાના પોતાના વલણમાં કોઈ ફેરફાર કર્યો નથી. આખરે પાકિસ્તાન બોર્ડે ભારતની શરતો સ્વીકારવી પડી હતી. જો કે નવા કરાર હેઠળ PCB ભવિષ્યમાં ICC ઈવેન્ટ્સ માટે પાકિસ્તાની ટીમને ભારત મોકલશે નહીં. ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થવામાં હવે લગભગ એક મહિનો બાકી છે અને હવે ફરી એક નવો વિવાદ ઊભો થઇ ગયો છે.

પાકિસ્તાને હજુ સુધી ચેમ્પિયન્સ ટ્રોફી માટે પોતાની ટીમની જાહેરાત કરી નથી. જયારે ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે.

ચેમ્પિયન્સ ટ્રોફી માટે ૧૫ ખેલાડીઓની ભારતીય ટીમ: રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ-કેપ્ટન), વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, યશસ્વી જયસ્વાલ, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ, વોશિંગ્ટન સુંદર.

# અમેરિકામાં આજથી સુવર્ણયુગ: ટ્રમ્પ

**વિશ્વની સૌથી મોટી મહાસત્તાના ૪૭મા પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પે શપથ ગ્રહણ કર્યા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૨૧: ડોનાલ્ડ જે. ટ્રમ્પે સોમવારે વિશ્વની મહાસત્તા અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ તરીકેના શપથ ગ્રહણ કરી અમેરિકાના ઈતિહાસમાં સૌથી નોંધપાત્ર કમબેક કર્યું હતું. અમેરિકાની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ જોન રોબર્ટ્સે કેપિટલ રોટુંડા ખાતે યોજાયેલાં સમારંભમાં ૭૮ વર્ષીય ટ્રમ્પને રાષ્ટ્રપતિ પદના શપથ લેવાડાવ્યાં હતાં. ટ્રમ્પની પહેલાં જેડી વેન્સે ઉપરાષ્ટ્રપતિ પદના શપથ લીધાં હતાં. ચાર વર્ષના અંતરાલ, સંખ્યાબંધ કોર્ટ કેસ અને બે વખત જીવલેણ હુમલામાંથી આબાદ બચ્યાં બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે બીજી વખત ચૂંટાઈ આવેલા ટ્રમ્પે શપથ બાદ જણાવ્યું હતું કે, આજથી અમેરિકાના સુવર્ણ યુગનો પ્રારંભ થયો છે. આજથી આપણો દેશ સમૃદ્ધ બનશે અને વિશ્વભરમાં ફરીથી સન્માન પામશે. દરેક દેશ આપણી ઈર્ષા કરશે અને હવે કોઈ આપણો ગેરલાભ નહીં ઉઠાવી શકે. શપથ સમારંભમાં ટ્રમ્પના પત્ની મેલેનિયા, પુત્રી ઈવાન્કા, ઈવાન્કાના પતિ જેરેડ કુશ્નર ઉપરાંત ટ્રમ્પના પૂરોગામી જો બાઈડેન, વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ, પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, હિલેરી ક્લિન્ટન, અબજોપતિ ઉદ્યોગપતિ એલન મસ્ક, જેફ બેઝોસ, ટીમ કૂક તથા ગૂગલના ભારતીય મૂળના સીઈઓ સુંદર પીચાઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. શપથ ગ્રહણ સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિશેષ દૂત તરીકે કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકર ઉપસ્થિત રહ્યાં હતાં. અમેરિકાના પ્રમુખ બનવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પને અભિનંદન પાઠવ્યાં હતાં. એક્સ પર એક પોસ્ટમાં વડાપ્રધાન મોદીએ ટ્રમ્પને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, મારા પ્રિય મિત્ર પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકાના ૪૭મા પ્રમુખ બનવા બદલ હાર્દિક અભિનંદન. બંને દેશ અને વિશ્વના બહેતર ભવિષ્ય માટે હું પુનઃ આપની સાથે મળીને કામ કરવા આતુર છું. નવા સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ. શપથ બાદ સમારંભમાં ઉપસ્થિત લોકોને સંબોધતા ટ્રમ્પે જણાવ્યું હતું કે, અમેરિકાના સુવર્ણ યુગની શરૂઆત થઈ ચૂકી છે. અમેરિકા ફરીથી મહાન બનશે. અમેરિકામાં હવે ઝડપથી પરિવર્તન આવશે. હું દરરોજ અમેરિકા ફર્સ્ટની નીતિને કેન્દ્રમાં રાખીને કામ કરીશ. તેમણે જણાવ્યું હતું કે, ટ્રમ્પ પ્રશાસન દેશમાં અખંડતા, વફાદારી અને ક્ષમતા પુનઃસ્થાપિત કરશે. અમેરિકામાં ગેરકાયદે ઘૂસણખોરી રોકવા માટે આકરાં પગલાં લેવાની પણ તેમણે જાહેરાત કરી હતી. ન્યાયતંત્રમાં સુધારાનો નિર્ધાર વ્યક્ત કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, તેમની સરકાર ન્યાયને પુનઃસંતુલિત બનાવી, સરકાર અને ન્યાયતંત્રને દ્વેષપૂર્ણ હથિયાર બનતાં અટકાવશે. દેશમાં ઉર્જાના ભાવ ઘટાડવા માટે ટ્રમ્પ નેશનલ એનર્જી ઈમરજન્સી જાહેર કરશે. ટ્રમ્પે ગલ્ફ ઓફ મેક્સિકોનું નામ બદલી ગલ્ફ ઓફ અમેરિકા કરવાની પણ જાહેરાત કરી હતી. તેમણે પનામા દેશ પાસેથી પનામા કેનલ પાછી લઈ લેવાની જાહેરાત પણ કરી હતી. દેશમાં વાણી સ્વાતંર્ત્ય પાછું લાવવા અને સેન્શરશિપ દૂર કરવાનો પણ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. અપરાધી ગેંગોને વિદેશી આતંકી સંગઠન તરીકે જાહેર કરાશે તેમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે તેઓ સરહદ પર નેશનલ ઈમર્જન્સી જાહેર કરશે અને તમામ ગેરકાયદેસર એન્ટ્રી તત્કાળ અટકાવી દેશે. અમેરિકામાં જે લોકો ગેરકાયદેસરરીતે આવ્યા છે તેમને પાછા મોકલવાની પ્રક્રિયા શરૂ કરાશે. અમેરિકાના વિદાય લેનારા પ્રેસિડેન્ટ જો બાઈડેને એંથની ફોસી, માર્ક મિલી અને લિઝ ચેની સહિત જે૬ સમિતિના સભ્યો તેમજ સાક્ષીઓને માફી આપી હતી. આ તમામ લોકો ટ્રમ્પના સંભવિત ટાર્ગેટ બનવાની આશંકા સેવાતી હતી.

# ગૌમુત્રથી રોગોની સારવાર શક્ય : IIT મદ્રાસના ડાયરેક્ટ

**કામકોટી દાવાનો પુરાવો આપે નહીં તો માફી માગે, તેઓ આઈઆઈટીને લાયક નથી: તામિલનાડુના પક્ષોનો વિરોધ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

ચેન્નાઇ, તા.૨૧: દેશની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં સ્થાન ધરાવતા આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટર વી કામકોટીએ એક વિચિત્ર દાવો કર્યો હતો, તેમણે કહ્યું હતું કે મારા જાણીતા એક સન્યાસીને ખુબ તાવ આવ્યો હતો, તેમણે ગૌમૂત્રનો ઉપયોગ કર્યો ને તેમનો તાવ ઉતરી ગયો, ગૌમૂત્રનો ઉપયોગ સારવાર માટે શક્ય છે. આઈઆઈટી ડાયરેક્ટરના આ નિવેદનની સોશિયલ મીડિયા પર ભારે ટિકા થઇ હતી.

ચેન્નઈમાં ગાય પર આધારીત એક કાર્યક્રમને સંબોધતા આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટર કામકોટીએ કહ્યું હતું કે ગૌમુત્રમાં એન્ટી-બેક્ટીરિયલ અને એન્ટી-ફંગલ ગુણો હોય છે. ગૌમુત્રથી પાચનતંત્ર સારુ રહે છે અને ઈરિટેબલ બાઉલ સિન્ડ્રોમ જેવી પાચન સાથે સંકળાયેલી સમસ્યાઓની સારવાર કરી આપે છે. એક સન્યાસીએ તાવની સારવાર માટે ગૌમુત્રનો ઉપયોગ કર્યો હતો. જોકે આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટરના આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો અને લોકોએ ગૌમુત્રથી સારવાર શક્ય છે તેવા દાવાનો પુરાવો માગ્યો હતો. ડીએમકેના નેતા ટીકેએસ ઈલંગોવને કહ્યું હતું કે આ પ્રકારની વ્યક્તિ આઈઆઈટી જેવી સંસ્થાના ડાયરેક્ટરના પદ પર રહેવાને લાયક નથી, તેમને કોઇ મેડિકલ કોલેજમાં તૈનાત કરવા જોઇએ, આઈઆઈટી એન્જિનિયરિંગ સંસ્થા છે. પેરિયાર દ્રવિડર કઝગામના નેતા કે રામાક્રિષ્નને કહ્યું હતું કે કામકોટીએ ગૌમુત્રથી સારવાર શક્ય છે તેવા જે દાવા કર્યા છે તેના પુરાવા આપે નહીં તો માફી માગે. જો તેઓ માફી નહીં માગે તો તેમની સામે અમે વિરોધ પ્રદર્શન કરીશું. સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ આઈઆઈટી મદ્રાસના ડાયરેક્ટરના આ દાવાનું સમર્થન પણ કર્યું હતું. જોકે હાલ તેમના આ નિવેદનને કારણે સોશિયલ મીડિયા પર ગૌમુત્ર પર ચર્ચા છેડાઈ ગઈ છે.

# ટ્રમ્પે વિશ્વ આરોગ્ય સંસ્થામાંથી બહાર નિકળવાનો હુકમ બહાર પાડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વ આરોગ્ય સંગઠન (ઉૐ) માંથી અમેરિકાને બહાર કાઢવાની પ્રક્રિયા શરૂ કરવા માટે એક કાર્યકારી આદેશ પર હસ્તાક્ષર કર્યા છે. નવા ચૂંટાયેલા યુએસ રાષ્ટ્રપતિએ વ્હાઇટ હાઉસ પરત ફર્યા બાદ દસ્તાવેજને મંજૂરી આપતા કહ્યું, તેમણે પદ સંભાળ્યાના પહેલા દિવસે જ જે ડઝનબંધ કારોબારી કાર્યવાહી પર હસ્તાક્ષર કર્યા હતા તેમાંની આ એક હતી. આ બીજી વખત છે જ્યારે ટ્રમ્પે અમેરિકાને ઉૐમાંથી બહાર નીકળવાનો આદેશ આપ્યો છે. ટ્રમ્પે આંતરરાષ્ટ્રીય સંસ્થાની કોવિડ-૧૯ને જે રીતે હેન્ડલ કર્યું તે મામલે આકરી ટીકા કરીને રોગચાળા દરમિયાન જીનીવા સ્થિત સંસ્થામાંથી ખસી જવાની પ્રક્રિયા શરૂ કરી હતી, જે નિર્ણયને રાષ્ટ્રપતિ જો બિડેને પાછળથી તેને રદબાતલ કર્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે કાર્યકાળના પહેલા દિવસે જ આ એક્ઝિક્યુટિવ કાર્યવાહી કરી છે. આ નિર્ણયથી અમેરિકા ઔપચારિક રીતે ઉૐને છોડી દેશે તેવી શક્યતા વધુ પ્રબળ બની છે. ટ્રમ્પે જણાવ્યું કે "તેઓ અમને ખૂબ જ ખરાબ રીતે પાછા ઈચ્છતા હતા, તેથી આપણે જોઈશું કે શું થાય છે," ટ્રમ્પે ઓવલ ઓફિસમાં ઉૐનો ઉલ્લેખ કરીને કદાચ એવો સંકેત આપ્યો કે અમેરિકા અંતતઃ પરત ફરી શકે છે. ટ્રમ્પે જાહેર કરેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા "ચીનના વુહાનથી ઉદ્ભવતા ઝ્રંફૈંઢ-૧૯ રોગચાળા અને અન્ય વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટીઓ સામે સંગઠનના ખોટા સંચાલન, તાત્કાલિક જરૂરી સુધારાઓ અપનાવવામાં નિષ્ફળતા અને ઉૐ સભ્ય દ્વારા અયોગ્ય રાજકીય પ્રભાવથી સ્વતંત્રાતા દર્શાવવામાં નિષ્ફળતાની ટીકા કરી રહ્યું છે. ઉૐની બિનકાર્યક્ષમતાને કારણે" અમેરિકા તેમાંથી હટી રહ્યું છે.

# ઈઝરાયેલે પેલેસ્ટાઈનના ૯૦ કેદીઓ મુક્ત કર્યા

**પેલેસ્ટાઈનના આ કેદીઓને લઈને એક સફેદ બસ ઈઝરાયેલની ઓફર જેલમાંથી બહાર નીકળી, જે પશ્ચિમી તટના શહેર રામલ્લાહની બરાબર બહાર છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧

ઈઝરાયેલ-હમાસ વચ્ચેના લોહિયાળ સંઘર્ષ પછી શાંતિનો સંદેશ પ્રસરી રહ્યો છે. ગાઝામાં હમાસની કેદમાંથી ઈઝરાયેલના ત્રણ બંધકો મુક્ત કર્યાના કલાકોમાં જ સોમવારે ઈઝરાયેલે પેલેસ્ટાઈનના ૯૦ કેદીઓ અને અટકાયત કરાયેલા લોકોને મુક્ત કરી દીધા છે. ઈઝરાયેલ અને હમાસની વચ્ચે ગાઝા યુદ્ધ વિરામની પ્રથમ ચરણના ભાગરૂપે કરાયેલી સમજૂતિ અંતર્ગત હમાસ આગામી છ સપ્તાહમાં પેલેસ્ટાઈનના ક્ષેત્રમાં બંધક બનાવેલા ઈઝરાયેલના ૩૩ નાગરિકોને ધીમે-ધીમે છોડશે, તેના બદલામાં ઈઝરાયેલ પશ્ચિમ તટ અને ગાઝામાંથી લગભગ ૨૦૦૦ કેદીઓ અને અટકાયત કરાયેલા લોકોને મુક્ત કરશે. પેલેસ્ટાઈનના આ કેદીઓને લઈને એક સફેદ બસ ઈઝરાયેલની ઓફર જેલમાંથી બહાર નીકળી, જે પશ્ચિમી તટના શહેર રામલ્લાહની બરાબર બહાર છે, આ દરમિયાન આકાશમાં આતીશબાજી થઈ હતી. બસોમાં પેલેસ્ટાઈનના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા, સૂત્રોચ્ચાર કર્યા અને જય-જયકારના નારા લગાવ્યા હતા. પેલેસ્ટાઈન ઓથોરિટીના કેદીઓના મામલાના આયોગ દ્વારા અપાયેલી યાદી અનુસાર ઈઝરાયેલે મુક્ત કરેલા તમામ લોકોમાં મહિલાઓ અને સગીરો હતા. ઈઝરાયેલે પેલેસ્ટાઈનના આ તમામ લોકોને દેશની સુરક્ષા સંબંધિત ગુનાઓ, પથ્થર ફેંકવાથી લઈને હત્યાના પ્રયાસો જેવા ગંભીર આક્ષેપો હેઠળ અટકાયત કરી હતી. વેસ્ટ બેંક પર કબજો કરનારી ઈઝરાયેલની સેનાએ પેલેસ્ટાઈનના લોકોને કોઈ પ્રકારના સાર્વજનિક ઉત્સવ કે આતીશબાજી કરવાની સામે વારંવાર ચેતવણી આપી છે. આ તમામને અડધી રાત્રે ઈઝરાયેલે મુક્ત કર્યા, તેને લઈને પેલેસ્ટાઈનના લોકોએ ટીકા કરીને કહ્યું કે આ માહોલ ખરાબ કરવા અને કેદીઓને ઘરે પરત લઈ જવા માટે ભીડને રોકવાનો પ્રયાસ છે. મુક્ત કરાયેલા પેલેસ્ટાઈનના કેદીઓમાં સૌથી મુખ્ય ૬૨ વર્ષીય ખાલિદા જર્રાર છે, જે પેલેસ્ટાઈનની મુક્તિ માટે લોકપ્રિય સંગઠન પીએફએલપીના મુખ્ય સભ્ય છે, જે એક બિનસાંપ્રયાદિક ડાબેરી જૂથ છે, જે ૧૯૭૦ના દાયકામાં ઈઝરાયેલની વિરુદ્ધ અપહરણ અને અન્ય હુમલાઓમાં સામેલ હતું. પરંતુ તાજેતરના વર્ષોમાં આ સંગઠને ઉગ્રવાદી ગતિવિધિઓ ઓછી કરી દીધી છે.

◉ પારડી
◉ ઉદવાડા
◉ વાઘછીપા
◉ પરીયા

# પારડી તાલુકા વિશેષ

Vapi Page - 05

Wednesday 22, January 2025

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: 9879374605


## પારડીમાં ભંડારી જાતિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક માર્ગદર્શન યોજાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૧ :** પારડીમાં દમણીઝાપા વિસ્તારમાં આવેલ સાઈ હોલમાં શ્રી ભંડારી જાતિ ચેરીટેબલ ટ્રસ્ટ પારડી દ્વારા શૈક્ષણિક માર્ગદર્શક સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં સમાજના શિક્ષકોએ ધોરણ ૧૦-૧૨ ના વિદ્યાર્થીઓને પરીક્ષા ઉપયોગી જાણકારી આપી હતી. સમજણ આપી હતી. અહીં શ્રી ભંડારી જાતિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત શૈક્ષણિક માર્ગદર્શક સેમિનારમાં સમાજના શિક્ષકે એવા રાજેશ્રી એસ ભંડારી ડોક્ટર શિવાંગી પટેલ અને પાર્થ પટેલ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ આવ્યા હતા. વિદ્યાર્થીઓને કઈ રીતે પરીક્ષાની તૈયારી કરવાની પ્રશ્નપત્ર કઈ રીતે લખવાનો કઈ રીતે વાંચન કરવાનું ધોરણ ૧૨ પછી neet જેવી પરીક્ષા કઈ રીતે આપવાની એ માટે તેઓએ જરૂરી જાણકારી આપી હતી. વિદ્યાર્થીઓએ તેમણે આપેલી પ્રેરણા પોતાના જીવનમાં ઉતારી પરીક્ષામાં સુંદર પરિણામ લાવવા માટે વિશ્વાસ અપાવ્યો આવ્યો હતો. આ પ્રસંગે ભંડારી ચેરીટેબલ ટ્રસ્ટ પાર્ટીના પ્રમુખ અમિતભાઈ પટેલ ઉપ-પ્રમુખ અજીતભાઈ પટેલ મંત્રી કેયુરભાઈ પટેલ ખજાનચી મેહુલભાઈ પટેલ સહ ખજાનચી ભરતભાઈ ભંડારી સમાજના ટ્રસ્ટી કાંતિભાઈ ભંડારી જયંતીભાઈ ભંડારી અગ્રણી દિનેશભાઈ ભંડારી અમૃતભાઈ ભંડારીના હસ્તે મુખ્ય વક્તાઓનું સ્વાગત સન્માન કરી એમને ભેટ આપવામાં આવી હતી ધો. ૧૦ અને ૧૨ ના છોકરા છોકરીઓને પરીક્ષામાં ઉપયોગી સાધનો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ચેતનભાઈ ભંડારીએ કર્યું હતું. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ભંડારી સમાજના ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને સેમીનારને સફળ બનાવ્યો હતો દર વર્ષે યોજાતા સેમીનાર આ વર્ષે પણ રાબેતા મુજબ યોજાયો હતો જેમાં સમાજના વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી ખૂબ જ ઉપયોગી માર્ગદર્શક જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

### ટોલટેક્સનો હાલમાં જ ધરખમ વધારો થતાં

## ટોલટેક્સ બચાવવા માટે વાહન ચાલકો બગવાડા બ્રીજનો ઉપયોગ કરી રહ્યા છે





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૧ :** પારડી તાલુકાના બગવાડા ટોલનાકા ઉપર ટોલટેક્સનો હાલમાં જ ધરખમ વધારો થયો છે જેને લઈ ટોલ ટેક્સ બચાવવા વાહન ચાલકો બગવાડાના ગામમાં જતા બ્રિજ તરફ થી વાહનો દોડાવી રહ્યાં છે. નાના વાહનો ઉપરાંત ભારે વાહનો પણ હવે આ ગામના માર્ગ થઈને પસાર થતા હોય છે. તેમજ અકસ્માતોના બનાવો વધતા ગ્રામજનોને ભારે હાલાકીના સામનો કરવો પડી રહ્યો છે. બગવાડા ચારણ અને ઉદવાડા થઈ રેટલાવ થી મોતીવાડા બ્રિજ ઉપર રહેણાંક વિસ્તાર ઉપરાંત કેટલીક સ્કૂલ અને ધાર્મિક સ્થળો આવેલા છે. આ વિસ્તારમાં રસ્તાઓ ભારે વાહનો માટે બનેલા નથી પરંતુ તેમ છતાં બગવાડા ટોલનાકા ઉપર ટોલ ટેક્સ બચાવવા માટે વાપીથી વલસાડ તરફ જતા વાહનો બગવાડા ગામ માં બનેલા રેલવે ઓવર બ્રિજ ઉપરથી પસાર થઈ બગવાડા ગામમાં થી મોટીવાડા સુધી વાહનો બેફામ હંકારી રહ્યા છે. જેનાં કારણે રોડને તો નુકશાન થાય છે પરંતુ અહીંનાં વસાહતીઓ સામે જીવનું જોખમ વધી રહ્યું છે. સવારે ટ્રાફિક જામ સમસ્યા સર્જાય છે તે થકી અહીંના નાના વેપારીઓને પણ અગવડમાં પડી રહી છે. આવા સંજોગોમાં ભારે વાહનો ઉપર પ્રતિબંધ મૂકવા માંગ ઉઠી રહી છે.

## પારડીની સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં ઈન્ટરકોલેજ સ્પોર્ટ્સ ડે ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૧ :** પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત નિર્મળાબેન કિશોરભાઈ દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ માં ઈન્ટરકોલેજ સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ ફેસ્ટ ઉલ્હાસ ૨૦૨૫ સફળતા પૂર્વક સંપૂર્ણ થયો હતો નિર્મળાબેન કિશોરભાઈ દેસાઈ પરિવાર દ્વારા ૨૦૨૧ થી વિવિધ કોલેજના વિદ્યાર્થીઓને એક પ્લેટફોર્મ પર લાવી હરિફાઈની શરૂઆત કરવામાં આવી હતી. જેની સીઝન ૩ ઉલ્હાસ ૨૦૨૫ માં આ વર્ષે કુલ ૧૫ હરીફાઈઓ યોજવામાં આવી હતી જેમાં VNSGU ની ૧૫ કરતા વધુ કોલેજ કુલ ૨૫૦ વિદ્યાર્થીઓ એ પોતાના વિવિધ કોશલ્યોનો પરિચય આપ્યો હતો આ સમગ્ર સ્પર્ધાઓમાં વિવિધ તજજ્ઞો દ્વારા નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવવામાં આવી હતી. સવાર થી સાંજ સુધી ચાલેલા આ સમગ્ર હરીફાઈના અંતે બેસ્ટ કોલેજ એવોર્ડ વિનર ટ્રોફી સૌથી વધુ સ્પર્ધાઓમાં જીતવા બદલ એન કે દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજને એનાયત કરવામાં આવી હતી બીજા નંબર માટે ખૂબ જ ઓછા પોઈન્ટ થી પાછળ રેહલ SSR કોલેજ સિલવાસાના વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા અને ત્રીજા ક્રમે શાહ એન. એચ. કોમર્સ કોલેજ વલસાડ વિજેતા બની હતી. આ સમગ્ર આયોજન કોલેજનાં પ્રાધ્યાપક નીરવ સુરતી અને વિરલ ગજરે દ્વારા બધા સ્ટાફ મિત્રોની મદદ થી કરવામાં આવ્યું હતું. ઉદઘાટન પ્રસંગે સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ અને આર્ય સંસ્કાર ધામના સ્થાપક રમેશભાઈ શાહ અને રશ્મીબેન શાહ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા સફળ આયોજન બદલ સોસાયટીના ટ્રસ્ટીઓ અને કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડો. દીપેશ શાહ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

## કોટલાવમાં જીવદયા ગૃપે કોબ્રાને ઉગાર્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૧ :** પારડી તાલુકાના કોટલાવ ગામ માં એક ઘરના વાડામાં દરમાં ઘૂસી ગયેલ ઝેરી કોબ્રાને પારડી જીવદયા ગ્રૂપે રેસ્ક્યુ કર્યું હતું. પારડીના કોટલાવગામે રહેતા સુશીલભાઈના ઘરના વાડામાં એક ઝેરી કોબ્રા સાપ આવી ચઢ્યો હતો. જે જોઈ પરિવારજનો ગભરાઈ ગયા હતા અને સૌપ્રથમ સાપને ભગાડવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ સાપ ત્યાં નજીકમાં આવેલા એક દરમાં ઘૂસી ગયો હતો. જેથી પરિવારે આ બાબતે પારડી જીવદયા ગ્રૂપના પ્રમુખ અલી અંસારીને જાણ કરી હતી.

જેઓએ તાત્કાલિક ગ્રૂપના સભ્ય યાસીન મુલતાની અને ઋષિ ઠાકુરને ઘટના સ્થળે રવાના કર્યા હતા અને સાપનું રેસ્ક્યુ કામગીરી હાથ ધરી દરમાં ઘૂસેલા સાપનું કુશળતા પૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. પરિવારને જીવદયા ગ્રુપે ભય મુક્ત કર્યા હતા. આ સાપ વિશે જીવદયા ગ્રુપે પારડી ફોરેસ્ટ વિભાગને જાણ કરી જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરી હતી.



પારડી નગરપાલિકાના વહીવટદાર અને મામલતદાર કે.એમ.રાણા અને ચીફ ઓફિસર બી.બી.ભાવસાર દ્વારા એક પેડ માં કે નામ અંતર્ગત હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર હિરલબેન ઠાકર સાથે જોડાઈ કૃષ્ણવડ વૃક્ષનું રોપણ સરદાર વલ્લભભાઈ પટેલ ઉધ્યાનમાં કર્યો હતો. કૃષ્ણવડ અભિયાન અંતર્ગત વૃક્ષ રોપાણ કર્યું હતું. આ કર્યક્રમનો મુખ્ય હેતુ આપણે સૌ સાથે મળીને કૃષ્ણઃ વડના સંરક્ષણનો સંકલ્પ લઈ આપણા ભવિષ્યને હરીયાળુ બનાવવાના સંકલ્પ લીધા હતા. આ કાર્યક્રમ પ્રસંગે પાલિકાના સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં.

## પરિયામાં શ્રી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ સમાજ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૧ :** શ્રી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહમણ સમાજ (આઠ ગામ) દ્વારા સમાજના યુવાધન ને નેત્સાહિત કરવા એક ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન તા. ૧૯.૦૧.૨૦૨૫ ને રવિવારે ટુકવાડા પરિયા ગામે આવેલ સાંઈ મેઘપન સ્પોર્ટસલાઈફ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મહેમાન ગુજરાત સરકારના નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ ના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈએ ટુર્નામેન્ટ નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે સમાજના પ્રમુખ જવાહરભાઈ પાઠકે આમંત્રિત સૌ મહેમાનો અને સ્વજનોનું સ્વાગત કરી આવકાર્યા હતા.

આ પ્રસંગે સાંઈ મેઘપન સ્પોર્ટસલાઈફ ક્રિકેટ સ્ટેડિયમ ના માલિક અને એસ.બી.પી.પી.કો.ઓપ. બેંક ના ડિરેક્ટર દર્પણભાઈ દેસાઈ અને વી.આઈ.એ. ના પ્રમુખ સતિષભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈ એ એમના ઉદબોધનમા રમતનું મહત્વ સમજાવવા ઉપરાંત રમત ભાર મુકતા જણાવ્યું હતું. કે આપણા વિસ્તાર માથી કોઈ ખેલાડી આવનારા ઓલિમ્પિકમા ભાગ લે એવી અપેક્ષા રાખી ટુર્નામેન્ટના ખેલાડીઓનો ઉત્સાહ વધારી શુભેચ્છા પાઠવી હતી. આ ટુર્નામેન્ટમાં કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચ બગવાડા ઈલેવન અને કરમબેલી ઈલેવન વચ્ચે રમાઈ હતી. જેમા બગવાડા ઈલેવનનો વિજય થયો હતો. ટુર્નામેન્ટ દરમિયાન મેન ઓફ ધ ટુર્નામેન્ટ અને બેસ્ટ બેટ્સમેન - પાર્થ પ્રકાશભાઈભટ્ટ - બગવાડા, બેસ્ટ બોલર - કરણ પંડયા - સેલવાસ અને બેસ્ટ ફિલ્ડર - પ્રથમ ભટ્ટ - કરમબેલી ને આપવામા આવી હતી. વિજેતા ટીમને ટ્રોફી અને રૂપિયા ૧૧૦૦૦/- નું રોકડ ઈનામ સમાજના પ્રમુખ જવાહરભાઈ પાઠકના હસ્તે આપવામા આવ્યુ હતું. જયારે રનર્સ અપ ટીમને ટ્રોફી અને રૂપિયા ૫૦૦૦/- નું રોકડ ઈનામ ઉપપ્રમુખ રમેશભાઈ ઓઝાના હસ્તે આપવામા આવ્યું હતું.

આ ટુર્નામેન્ટના દાતાઓનું શાલ અને પુષ્પગુચ્છ થી સન્માન કરવામા આવ્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સૌ ટ્રસ્ટીઓ, વડિલો અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. આભાર વિધી સમાજના મંત્રી જ્યોતિન્દ્રભાઈ ઓઝાએ કરી હતી.

## પારડીના પલસાણામાં ભાગવત મહાપુરાણ જ્ઞાનયજ્ઞ કથાનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૧ :** પારડી પલસાણા ગામે શ્રીમદ્ દેવી ભાગવત મહાપુરાણ જ્ઞાનયજ્ઞ કથા નો પ્રારંભ થયો છે. પલસાણા ગંગાજી રામેશ્વર મહાદેવ મંદિર થી નીકળી પોથી યાત્રા નાના પલસાણા કથા સ્થળે પહોચી હતી નાની પલસાણા ગામે આયોજીત આ કથામાં સોમવારે બપોરે ૨ કલાકે પોથી યાત્ર પલસાણા ગંગાજી રામેશ્વર મહાદેવ મંદિર થી નીકળી નાના પલસાણા કથા સ્થળે પહોચી હતી. ત્યારબાદ દીપ પ્રગટાવવામાં કરવામાં આવ્યા હતો અને સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ કથાનો રસપાન શરૂ કરવામાં આવ્યું હતું. આ કથાના પાવન પ્રસંગો જેવા કે મંગલાચરણ મહાત્યમ કથા, ભુવનેશ્વરીમાં મહિમા રામજન્મ, શણગાર મનોરથ શુકદેવજી પ્રાગટય, નવદુર્ગા પ્રાગટય, અન્નપૂર્ણા પ્રાગટય, શિવ વિવાહ, ભગવતિ ભુવનેશ્વરીમાં પ્રાગટય, ચુંદડી મનોરથ જેવાં પ્રસંગો થશે

કથાના વક્તા પૂ. પ્રશાંતદાદા વામન ગુરુજી અમદાવાદવાળા તથા કથાના આચાર્ય પીયુષભાઈ શાસ્ત્રીજી મનિષભાઈ એમ. જોષી તીઘરા ઉદવાડા નારણભાઈ એમ.પટેલ કંટોલવાલા નાના પલસાણા, ઉદવાડા આર.એસ. કથા સફળ બનાવવા જહેમત ઊઠાવી રહ્યાં છે. આ પ્રસંગે નારણ ભાઈ સમસ્ત પરીવાર સરપંચ રાધિકા બેન પટેલ સરપંચ જયસુખ નાયકા સલવાવ સંજય ભાઈ પટેલ કેતન ભાઈ ભગુ ભાઈ કુંભારીયા નગીન ભાઈ પટેલ નિવૃત નાયબ મામલતદાર તેમજ આજુબાજુ ગામ લોકો મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉપસ્થિતિ રહ્યાં હતાં.

## બાલદાની પ્રા. શાળામાં વાર્ષિકોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૧ :** પારડી તાલુકાના બાલદા ગામમાં આવેલ પ્રાથમિક શાળાઓ માં ગ્રામ પંચાયત બાલદા દ્વારા એન્યુઅલ ડે ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ અલગ અલગ પ્રકારની કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા. અહીં બાલદા ગ્રામ પંચાયતના સરપંચ રાહુલભાઈ પટેલ જિલ્લા પંચાયતના સદસ્ય મુકેશભાઈ પટેલ સી.આર.સી બીપીનભાઈ કેન્દ્ર શિક્ષક અજીતસિંહ શાળાના આચાર્ય અમૃતભાઈ પટેલ સહિત વિશાળ સંખ્યામાં વાલીઓ ગ્રામજનો બાલદા ગામના કમઠિ ફળિયામાં આવેલ પ્રાથમિક શાળામાં ભેગા થયા હતા બાલદા ગામમાં આવેલ બે શાળાઓ કમઠિ ફળિયા પ્રાથમિક શાળા અને મુખ્ય પ્રાથમિક શાળા મળી બે શાળાઓમાં સંયુક્ત ઉપક્રમે એન્યુઅલ ડેની શરૂઆત દીપ પ્રાગટ કરી કરવામાં આવી હતી. બાદમાં મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પારડી તાલુકામાં પ્રથમવાર બાલદા ગ્રામ પંચાયત દ્વારા પ્રાથમિક શાળામાં એન્યુઅલ ડે ની શરૂઆત કરવામાં આવી છે બાળકોમાં રહેલી ઉત્કર્ષ શક્તિ બહાર આવે અને બાળકોનો શિક્ષણ ક્ષેત્રે સર્વાંગી વિકાસ થાય એવા હેતુથી ગ્રામ પંચાયત દ્વારા એન્યુઅલ ડે ની ઉજવણી કરવામાં આવી છે આમ તો ઈંગ્લીશ મીડીયમ ની ઉજવણી થતી હોય છે પરંતુ બાલદા ગામથી આ પ્રથમ શરૂઆત કરવામાં આવી છે. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ બાળગીત અભિનય ગીત નાટક વેશભૂષા એક પાત્રીય અભિનય વગેરે કૃતિઓ રજૂ કરી હતી બાળકોએ પ્રતિભાશાળી કૃતિઓ રજૂ કરતા વાલીઓ અને ગ્રામજનોમાં આનંદ છવાઈ ગયો હતો અને ખૂબ જ ઉત્સાહ પૂર્વક એન્યુઅલ ડે ની ઉજવણી કરવામાં આવી હતી.

## પારડીમાં સમસ્ત ચટની ચોબડિયા કુળ પરિવારની કારોબારી સભા મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૧:** પારડીમાં ભેંસલાપાડ વિસ્તારમાં તાજેતરમાં જ સમસ્ત ચટની ચોબડિયા કુળ પરિવારની કારોબારી સભા મળી હતી. જે કારોબારી સભામાં સમસ્ત ચટણી ચોબડિયા કુળ પરિવારના નવા પ્રમુખ તરીકે પારડી ભેંસલાપાડના મનોજભાઈ કિકુભાઈ પટેલની શરૂઆત માટે નિમણૂક કરવામાં આવી હતી. આ કારોબારી સભામાં સમાજ પ્રગતિના પંથે જાય શિક્ષણ ક્ષેત્રે અને દરેક ક્ષેત્રે સમાજના યુવાનો પ્રગતિ કરે સમાજના ભાઈ બહેનો પ્રગતિ કરે એ માટેની ચર્ચા કરવામાં આવી હતી અને વિવિધ ઠરાવ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મનોજભાઈ કિકુભાઈ પટેલ સાથે રતિલાલ એમ પટેલ પંકજભાઈ પટેલ બીપીનભાઈ પટેલ દિલીપભાઈ પટેલ વિજયભાઈ પટેલ વગેરે અગ્રણીઓ સહિત સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ઉદવાડાની શાંતાબા સ્કૂલમાં વેશભૂષાની સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૧ :** શાંતાબા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં વેશભૂષાની સ્પર્ધા યોજાઈ જેમાં નર્સરી થી ધોરણ ૩ના બાળકોએ ભાગ લીધો હતો. જેમાં અલગ અલગ વિષયો પર દા.ત. પશુ-પક્ષી, સુપર હીરો, જંકફૂડ, સ્પોર્ટ્સ સ્ટાર, મોબાઈલ એપ્સ, રાષ્ટ્રીય સ્મારકો તથા અંતરીક્ષના સંશોધન બની સ્પર્ધકોએ શ્રેષ્ઠ કૃતિઓ રજૂ કરી હતી. આ સ્પર્ધા દ્વારા બાળકોએ ભારતના અલગ અલગ રાજ્યની સંસ્કૃતિ અને રોજિંદા જીવન શૈલીમાં હેલ્થી ખાધ પદાર્થોની ઓળખ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં મુખ્ય અતિથિ વિનોદભાઈ વકીલ N.R.I. હાર્દિકભાઈ ભટ્ટ શાંતાબા સ્કૂલના ડિરેક્ટર L.E. કલબ ઉદવાડાના વાઈસ ડિસ્ટ્રીક પ્રેસિડેન્ટ રૂકસાનાબેન દસ્તૂર અને પાસ્ટ ડિસ્ટ્રિક્ટ પ્રેસિડેન્ટ અનજુબેન પટેલ સાથે ગાંધી વિદ્યાલય પરિયા સ્કૂલના રીટાબેન પટેલ પધાર્યા હતા. આ સ્પર્ધામાં L.E. કલબ લેડિઝ એમપાવરમેંટ કલબ દ્વારા વિજેતાઓને ઈનામો અને શાળા દ્વારા પ્રમાણપત્ર સાથે પ્રોત્સાહિત ઈનામનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગમાં શાળાના ટ્રસ્ટી શ્રીકિશોરભાઈ ગાંધીએ બાળકોને આજ રીતે જીવનની હરેક સ્પર્ધામાં ભાગ લેતા રહેવાનુ કહ્યું સાથે હાર-કે-જીત કરતાં વધુ મહત્વ સ્પર્ધામાં ભાગ લેવાનું છે એ સમજાવ્યું, શાળાના આચાર્ય આકાંક્ષા ગાંધી એ બાળકો સાથે તેમના વાલીઓની સર્જનાત્મકતા અને ટેલેન્ટની -શંસા કરી સાથે વાલીઓના અને શાળાના સ્ટાફના સાથ સહકાર બદલ આભાર વ્યક્ત કર્યું હતું.

### પારડી વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા

## કોટલાવ પ્રા. શાળામાં શૈક્ષણિક કીટ વિતરણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૨૧:** પારડી વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા જિલ્લા પંચાયત શિક્ષણ વિભાગ સંચાલિત કોટલાવ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને શિક્ષણને ઉપયોગી સાધનો વિતરણ કરવામાં આવ્યા હતા. સોમવાર તા. ૨૧ - ૦૧ - ૨૫ ના દિને કોટલાવ -ાથમિક શાળામાં ધો. ૫ થી ૮ ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનો ની વહેંચણી વરિષ્ઠ નાગરિક મંડળ પારડી દ્વારા કરવામાં આવી હતી તથા વિદ્યાર્થીઓને અભ્યાસ લક્ષી માર્ગદર્શન વરિષ્ઠ નાગરિક મંડળ કિલ્લા પારડીના પ્રમુખ એન. કે. દેસાઇ દ્વારા આપવામાં આવ્યુ હતું. મોબાઈલના વધુ પડતા ઉપયોગથી થતા ગેરફાયદાઓ ની વિશેષ છણાવટ કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિક ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યાં હતા. બાળકોને વિવિધ ચીજ વસ્તુઓ મળતા બાળકોના દરરોજના શિક્ષણમાં ઉપયોગી થશે અને બાળકોને રાહત મળી છે.

# અન્ય સમાચારો

Wednesday 22, January 2025
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 22, January 2025

## દિલ્હીવાસીઓ માટે મફતની યોજનાના પટારા ખુલ્યા

દિલ્હીમાં સત્તા મેળવવા માટે 'આપ', ભાજપ અને કોંગ્રેસ વચ્ચે 'મફત' યોજનાઓની સ્પર્ધા બેફામ ચાલી રહી છે. આ 'મફતવર્ષા'નો વાયરો અન્ય રાજ્યોમાં પણ પ્રસરશે. 'રેવડી' સંસ્કૃતિ સામે અર્થશાસ્ત્રીઓ લાલબત્તી બતાવી રહ્યા છે, પણ અર્થતંત્ર રાજકીય વેદી ઉપર છે! દિલ્હીવાસીઓ માટે મફતની યોજનાના પટારા ખુલ્યા છે. ભાજપની જાહેરાતો 'આપ'ના અરવિંદ કેજરીવાલનું 'એન્કાઉન્ટર' થતું જોવામાં આવી રહ્યું છે. 'આપે' ચૂંટણી જીતવા પર મહિલાઓને ૨૧૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. ભાજપે આના જવાબમાં દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવાનું એલાન કર્યું છે. આપ અને ભાજપ ઉપરાંત કોંગ્રેસ પણ અનેક ઘોષણાઓ કરી ચૂકી છે. દરેક પક્ષે જાણે મફતની યોજનાઓની દુકાન ખોલી દીધી હોય એવું લાગે છે, પણ ચૂંટણી જીતે તો વચન કેવી રીતે પાળશે, એ પ્રશ્ન રાજકીય પંડિતોને સતાવી રહ્યો છે - નેતાઓને ચિંતા નથી! ભાજપે મફતની યોજનાઓની ઘોષણાઓ કર્યા પછી 'આપ' કહે છે કે, આ તો અમારા ચૂંટણી ઢંઢેરાની નકલ છે. ભાજપનો સંકલ્પપત્ર નથી, પરંતુ કેજરીવાલપત્ર છે. સત્તા મળે તો ભાજપ દિલ્હીમાં કેજરીવાલની બધી યોજનાઓ ચાલુ રાખશે, જ્યારે કોંગ્રેસના પ્રવક્તાએ આક્ષેપ કર્યો છે કે, ભાજપ અને 'આપ'એ દિલ્હીનાં હિતોને ફૂટબોલ બનાવી દીધાં છે. ભાજપે સંકલ્પપત્ર નહીં, પરંતુ જુમલાપત્રક બહાર પાડયાનું કોંગ્રેસ કહે છે. આ ઘોષણાપત્રથી સ્પષ્ટ થઈ ગયું છે કે, ભાજપે કોંગ્રેસની ગેરંટીઓની જ નકલ કરી છે. પક્ષોમાં મફતની યોજનાઓની ઘોષણા કરવાની હોડ ચાલી રહી છે. દિલ્હીનું કુલ બજેટ ૭૫ હજાર કરોડનું છે. બધા પક્ષો વચન પાળે તો આ માટે ૩૫થી ૪૦ હજાર કરોડ રૂપિયાની આવશ્યક્તા રહેશે. આનાથી સ્પષ્ટ છે કે, કોઈ પણ રાજ્યના ભવિષ્ય માટે આવી ઘોષણાઓ ખતરનાક સાબિત થશે. દિલ્હીમાં લગભગ ૬૦ લાખથી અધિક મહિલાઓ છે. સત્તામાં આવનારો કોઈ પણ પક્ષ જો મહિલાને મહિને ૨૦૦૦ રૂપિયા પણ આપે છે તો આ માટે ૧૦ હજાર કરોડ રૂપિયા લાગશે. કોઈ પણ સરકાર જો અધિકાંશ રકમ પોતાના ચૂંટણી ઢંઢેરા અનુસાર ફાળવી દેશે તો તે વિકાસકાર્ય કેવી રીતે કરશે? હોસ્પિટલ, રસ્તા, સ્કૂલ, સ્ટેડિયમ કેવી રીતે બનશે? એટલું જ નહીં, જે પહેલાંથી બનેલું છે, તેની મરંમત અને પેન્શન-વેતન વગેરે આપવાનું પડકારરૂપ બનશે. કોઈ પાસે એવો કોઈ આંકડો નથી કે તે કેટલા લોકોને આ રકમ આપશે, જે જરૂરતમંદ છે તેઓને આપશે કે બધાને આપશે? ઝૂંપડામાં રહેતી મહિલા અને એક નોકરિયાત મહિલામાં અંતર છે. જો કે, પક્ષોનાં વચનો જનતાને તુરંત આકર્ષિત કરે છે અને લોકો આ વચનોમાં આવીને મતદાન પણ કરે છે, પરંતુ આ ઉપરાંત સ્કૂલ, કોલેજ, ઉદ્યોગ ખોલવા અને રોજગારીનું સર્જન કરવું લોકકલ્યાણકારી રાજ્યનું દાયિત્વ છે. એક રીતે જોઈએ તો જનતાને સીધા પૈસા ટ્રાન્સફર કરી સરકાર પોતાની જવાબદારીથી છટકી રહી છે.

# ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત

**ચૂંટણી કમિશનર ડૉ. એસ. મુરલીકૃષ્ણએ ચૂંટણીઓની જાહેરાત કરી, રાજ્યમાં ૨૭ જાન્યુઆરી ૨૦૨૫એ જાહેરનામું પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્રક ૧ ફેબ્રુઆરીથી ભરવામાં આવશે, અને ૩ ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રકની ચકાસણી કરવામાં આવશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૧: ગુજરાતમાં લોકલ સ્વરાજ્યની ચૂંટણી માટેની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં ૨૭ જાન્યુઆરી ૨૦૨૫એ જાહેરનામું પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્રક ૧ ફેબ્રુઆરીથી ભરવામાં આવશે, અને ૩ ફેબ્રુઆરીએ ઉમેદવારી પત્રકની ચકાસણી કરવામાં આવશે. ૪ ફેબ્રુઆરી ૨૦૨૫, ઉમેદવારી પત્રક પરત ખેંચવાની છેલ્લી તારીખ રહેશે. હવે, ૧૬ ફેબ્રુરીએ મતદાન કરવામાં આવશે, અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫એ મતગણતરી થશે. આ ચુંટણીમાં ૨૭% 'BC અનામતનો અમલ કરવામાં આવશે. આ ચૂંટણી ૧ મનપા, ૬૬ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતો માટે યોજાશે, જેમાં કુલ ૨૧૭૮ બેઠકો પર મતદાન થાશે. અમદાવાદની બાવળા,સાણંદ,ધંધુકા પાલિકાની ચૂંટણીની તારીખો જાહેર થશે. ઉપરાંત ગાંધીનગરની માણસા, ખેડાની મહેમદાવાદ, ડાકોર, ચકલાસી, મહુધા, આણંદની આંકલાવ, બોરિયાવી, ઓડ, મહિસાગરની લુણાવાડા, સંતરામપુર, બાલાસિનોર, સાબરકાંઠાની ખેડબ્રહ્મા, પ્રાંતિજ, તલોદ,પાટણની હારીજ, ચાણસ્મા, રાધનપુર,મહેસાણાની ખેરાલુ, વડનગર,બનાસકાંઠાની ધાનેરા, વડોદરાની કરજણ,છોટાઉદેપુર, દાહોદની ઝાલોદ અને દેવગઢ બારિયા,પંચમહાલની કાલોલ, હાલોલ, નવસારીની બિલીમોરા, વલસાડ, પારડી, ધરમપુર, જામનગરની જામજોધપુર, ધ્રોલ, કાલાવડ,દ્વારકાની સલાયા,દ્વારકા, ભાણવડ પાલિકાની યોજાશે.

ઉપરાંત જૂનાગઢની બાંટવા, વિસાવદર, માણાવદર, વંથલી પાલિકાની ચૂંટણીની તારીખો આજે જાહેર કરાશે. જૂનાગઢની માંગરોળ, ચોરવાડ, ગીર સોમનાથના કોડીનાર, કચ્છની રાપર, ભચાઉ પાલિકાની ચૂંટણીની તારીખ આજે જાહેર થશે. અમરેલીની લાઠી, ચલાલા, જાફરાબાદ, રાજુલા પાલિકાની ચૂંટણી જાહેર થશે. ભાવનગરની સિહોર, ગારિયાધાર, તળાજા પાલિકાની ચૂંટણી યોજાશે. તદપરાંત રાજકોટની જસદણ, ભાયાવદર, જેતપુર, ઉપલેટા, ધોરાજી પાલિકાની પણ ચૂંટણી યોજાશે. મોરબીની હળવદ પાલિકાની પણ ચૂંટણી યોજાશે, પોરબંદરની કુતિયાણા, રાણાવાવ પાલિકા ઉપરાંત બોટાદ, મોરબીની વાંકાનેર પાલિકાની પેટાચૂંટણી યોજાશે, કુલ ૬૯ પાલિકા અને ૧ મહાનગર પાલિકની ચૂંટણીની ટાઈમ ટેબલ આજે જાહેર થયું છે.

## સૈફના ઘરે આરોપીને લઈને પોલીસે સીન રીક્રિએટ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૧: બોલીવુડ અભિનેતા સૈફ અલી ખાન પર પર થયેલા હુમલાને લગતું નવું અપડેટ સામે આવ્યું છે. સૈફ પર હુમલો કરનારો આરોપી મોહમ્મદ શરીફુલ ઈસ્લામ શહજાદ પકડાઈ ગયો છે અને પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. મુંબઈ પોલીસ આરોપીને લઈને સૈફના ઘરે પહોંચી હતી અને ઘટનાની રાતે શું બન્યું તે દ્રશ્ય રીક્રિએટ કરવામાં આવ્યું હતું. એક કલાક સુધી બધી માહિતી ભેગી કર્યા બાદ મુંબઈ પોલીસ આરોપીને લઈને ત્યાંથી નીકળી ગઈ હતી.૧૬ જાન્યુઆરીની મોડી રાત્રે સૈફ અલી ખાનના ઘરમાં આરોપી ઘુસ્યો હતો અને તેણે સૈફ પર છરી વડે હુમલો કર્યો હતો. સૈફ ઈજાગ્રસ્ત છે અને હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. ડોક્ટરોને કહેવું છે કે સૈફ ઝડપથી સ્વસ્થ થઈ રહ્યો છે, પરંતુ તેને બેડ રેસ્ટની સલાહ આપવામાં આવી છે. સૈફ પરના હુમલાથી સમગ્ર બોલીવુડ ચોકી ગયું છે. દરેક જણે સૈફ-કરીનાના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. થાણેથી હુમલાખોરની ધરપકડ કરી હતી.આરોપી શરીફુલ સૈફના ઘરમાં કેવી રીતે ઘૂસ્યો તે વિશે પણ જાણવા મળ્યું છે. ઘટનાની રાતે આરોપી સૈફની બિલ્ડિંગના સાતમા માળા સુધી સીડીઓ દ્વારા ગયો હતો. ત્યારબાદ આરોપી ડક્ત એરિયામાં ગયો અને પાઈપની મદદથી બારમાં માળે પહોંચ્યો હતો. તે સેફ અને કરીનાના નાના પુત્ર જેહના રૂમના બાથરૂમમાં ઘસ્યો હતો. જ્યારે તે બહાર આવ્યો ત્યારે જેહની આયાએ તેને જોયો હતો. બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. આરોપીએ આયા પાસેથી એક કરોડ રૂપિયાની માંગણી કરી હતી. આયાની બૂમો સાંભળીને સૈફ દોડીને રૂમમાં આવ્યો હતો અને તેનો આરોપી સાથે સામનો થયો હતો.શરીફુલ ભારતીય ઓળખકાર્ડ મેળવવા માંગતો હતો એ માટે તેણે ચોરી કરીને પૈસા કમાવાનો રસ્તો અપનાવ્યો હતો. તેને ડાન્સબારમાં પણ કામ કર્યું હતું અને હોટલમાં પણ કામ કર્યું હતું. તે બને એટલા વધુ પૈસા કમાઈને બાંગ્લાદેશ પાછો જવા વિચારતો હતો, તેથી જ તેણે બાન્દ્રા જેવા પોશ વિસ્તારને નિશાન બનાવ્યો હતો. જોકે, તેને એ વાતની ખબર ન હતી કે તે કોઈ સેલિબ્રિટીના ઘરમાં ચોરી માટે ઘુસ્યો છે.

## RSS વિરુદ્ધની રેલીમાં ગેરહાજર કોંગ્રેસના ૬૦ નેતાઓની હકાલપટ્ટી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નાગપુર, તા.૨૧: રામ મંદિરનું નિર્માણ એ વાસ્તવિક સ્વતંત્રતા છે, ઈજીજી વડા મોહન ભાગવતના આ નિવેદનને લઈને કોંગ્રેસે તાજેતરમાં વિરોધ કર્યો હતો. આ વિરોધના ભાગરૂપે કોંગ્રેસ દ્વારા નાગપુર સ્થિત ઈજીજી મુખ્યાલય સુધી એક કૂચ કાઢવામાં આવી હતી, પરંતુ પક્ષના ઘણા કાર્યકરોએ આ કાર્યક્રમમાં ભાગ લેવાથી દૂર રહ્યા હતા. હવે કોંગ્રેસે આ લોકો સામે કાર્યવાહી કરી છે અને કુલ ૬૦ કાર્યકરોને તેમના પદ પરથી હટાવી દીધાં છે. કોંગ્રેસે જે નેતાઓ સામે કાર્યવાહી કરી છે તે યુવા પાંખના સભ્યો કે પદાધિકારીઓ છે. કોંગ્રેસ દ્વારા દૂર કરાયેલા પદાધિકારીઓમાં કેટલાક ઉપપ્રમુખો, ૮ મહામંત્રીઓ, ૨૦ સચિવો અને કેટલાક જિલ્લા પ્રમુખોનો સમાવેશ થાય છે. જણાવી દઈએ કે રાષ્ટ્રીય યુવા કોંગ્રેસે ૧૯ જાન્યુઆરીના રોજ એક કૂચનું આયોજન કર્યું હતું, જેનું નેતૃત્વ રાષ્ટ્રીય વડા ઉદય ભાનુએ કર્યું હતું. કોંગ્રેસ દ્વારા જે યુવા નેતાઓને તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે તેમાં શિવાની વડેટ્ટીવારનો સમાવેશ થાય છે. તે કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારની પુત્રી છે. આ ઉપરાંત નાગપુર પશ્ચિમના ધારાસભ્ય વિકાસ ઠાકરેના પુત્ર કેતન ઠાકરેને પણ હટાવી દેવામાં આવ્યા છે. અનુરાગ ભોયર અને મિથિલેશ કાન્હેરેને પણ તેમના પદ પરથી દૂર કરવામાં આવ્યા છે. આ બધા નેતાઓ મહારાષ્ટ્ર યુથ કોંગ્રેસના સચિવ હતા. રાજ્ય યુવા કોંગ્રેસના પ્રમુખ તનવીર અહેમદ વિદ્રોહીને પણ પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. નેતાઓએ કોંગ્રેસના આંદોલનમાં ભાગ કેમ ન લીધો તે અંગે અનેક સવાલ ઉપસ્થિત થયાં હતાં. છેવટે, હાઈકમાન્ડની મંજૂરી બાદ, ૬૦ નેતાઓ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

**આ વિરોધના ભાગરૂપે કોંગ્રેસ દ્વારા નાગપુર સ્થિત RSS મુખ્યાલય સુધી એક કૂચ કાઢવામાં આવી હતી**

## છત્તીસગઢમાં ૧૪ નક્સલ ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

છત્તીસગઢ,તા.૨૧: છત્તીસગઢના ગારિયાબંદમાં છેલ્લા ૩૬ કલાકથી નક્સલવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ચાલી રહેલી અથડામણમાં કુલ ૧૪ નક્સલવાદીઓ માર્યા ગયા છે.

સુરક્ષા દળોએ મોટાપ્રમાણમાં હથિયારો પણ જપ્ત કર્યા છે. કુલ્હાડીઘાટના ભાલુડિગ્ગીના પહાડો પર સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ જારી છે.

અથડામણ બાદ હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં ગઈકાલે બે નક્સલવાદીઓના શબ મળ્યા હતા. જેમાં એક મહિલા સામેલ હતી. આજે સવારે વધુ ૧૨ નક્સલવાદીઓના શબ કબજે કરી લેવાયા છે. તેમની પાસેથી અનેક ઓટોમેટિક હથિયારો પણ મળી આવ્યા છે. સૂત્રો અનુસાર, ઓડિશા સ્ટેટના નક્સલવાદી ચીફ કે જેના માથે એક કરોડનું ઈનામ છે તે જયરામ ઉર્ફ ચલપતી પણ ઠાર થયો છે. સીસીએમ મનોજ અને ગુડુ પણ માર્યા ગયા હોવાના અહેવાલ છે.આ અથડામણમાં એક સુરક્ષાકર્મી ઘાયલ થયો છે. જેને એરલિફ્ટ કરી રાયપુર લાવવામાં આવ્યો છે. આ જોઈન્ટ ઓપરેશન (ઓડિશા-છત્તીસગઢ સુરક્ષાદળ)માં સામેલ લગભગ ૧ હજાર જવાનો નક્સલવાદીનો ખાતમો બોલાવી રહ્યા છે. ઓડિશા-છત્તીસગઢના સુરક્ષા દળોની કુલ ૧૦ ટીમે નક્સલવાદીઓ વિરૂદ્ધ જોઈન્ટ ઓપરેશન હાથ ધર્યું છે. તપાસમાં વધુ નક્સલવાદીઓના શબ મળવાની સંભાવના છે. હાલ જપ્ત કરવામાં આવેલા મૃતદેહોની ઓળખ થઈ રહી છે. છત્તીસગઢના ડેપ્યુટી સીએમ અરૂણ સાઉએ ગારિયાબંદ એન્કાઉન્ટર વિશે જણાવ્યું હતું કે, 'કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દેશને ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી નક્સલ મુક્ત દેશ બનાવવા માગે છે. જેના ભાગરૂપે સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશનમાં ૧૪ નક્સલીઓને ઠાર મારવાની કવાયત પ્રશંસનીય છે.

## ગૌતમ અદાણી મહાકુંભમાં પહોંચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

પ્રયાગરાજ,તા.૨૧:અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી તેમના પત્ની પ્રીતિ અદાણી સાથે મહાકુંભ પહોચ્યાં છે. આ દરમિયાન, તેમણે તેમની પત્ની સાથે મળીને ઈસ્કોન મંદિરના કેમ્પમાં લોકોને ભોજનનું વિતરણ કર્યું. ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રુપ અને ઈસ્કોને પ્રયાગરાજમાં મહાકુંભ મેળામાં ભક્તોને ભોજન પીરસવા માટે હાથ મિલાવ્યા છે. ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધીના મહાકુંભ મેળાના સમગ્ર સમયગાળા દરમિયાન મહાપ્રસાદ સેવા પૂરી પાડવામાં આવી રહી છે.

ગૌતમ અદાણી પણ સંગમમાં ડૂબકી લગાવવા પહોંચ્યા છે. આનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તે ડૂબકી મારતા જોવા મળી રહ્યા છે

આ અગાઉ ઈન્ફોસિસ ગ્રુપના સ્થાપક નારાયણ મૂર્તિના પત્ની અને રાજ્યસભા સાંસદ સુધા મૂર્તિ મહાકુંભ મેળામાં પહોંચી ચૂક્યા છે. સુધા મૂર્તિ પરેડ ગ્રાઉન્ડ ખાતે પ્રવાસન વિભાગ દ્વારા બનાવવામાં આવેલા મહારાજા ટેન્ટમાં રહે છે. અત્યાર સુધીમાં ૮ કરોડ ૩૦ લાખથી વધુ ભક્તો મહાકુંભમાં સ્નાન કરી ચૂક્યા છે. ગૌતમ અદાણીનો મહાકુંભના ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાનો કાર્યક્રમ હતો. આ પછી તેઓ પૂજા કરશે અને પછી મોટા હનુમાન મંદિરની મુલાકાત લેશે. આ ઉપરાંત, તેઓ ૫૦ લાખ લોકોને મહાપ્રસાદ ભોજન પૂરું પાડવામાં પણ સામેલ થશે, જે તેઓ પોતાના હાથે વહેંચશે.

ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રુપ, ઈસ્કોન અને ગીતા પ્રેસના સહયોગથી, મહાકુંભમાં સતત મફત પ્રસાદ અને ભોજનની વ્યવસ્થા કરી રહ્યું છે, જેનો લાભ લાખો લોકો લઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ગૌતમ અદાણી આજે પ્રયાગરાજ પહોંચ્યા છે.

૨૧ જાન્યુઆરીએ સમાચાર લખાય છે ત્યાં સુધીમાં, ૨૭.૪૧ લાખથી વધુ લોકોએ સંગમમાં ડૂબકી લગાવી છે. ૨૦ જાન્યુઆરી સુધીમાં કુલ ૮.૮૧ કરોડ લોકોએ સંગમમાં ડૂબકી લગાવી છે

## રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા ૫૮ માર્ગો અપગ્રેડ કરાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૧:રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિને ગતિશીલ બનાવીને વધુને વધુ પ્રવાસીઓને આકર્ષિત કરવા પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોની સુધારણાના અભિગમ સાથે રાજ્યના ૪૪ પ્રવાસન સ્થળોને જોડતા રાજ્ય અને પંચાયત હસ્તકના કુલ ૫૮ હયાત માર્ગોના અપગ્રેડેશન, વાઈડનિંગ અને સ્ટ્રેન્ધનિંગના કામો માટે ?૨૨૬૮.૯૩ કરોડ મંજૂર કર્યા છે.

આ મહત્વપૂર્ણ નિર્ણયને પગલે ટુરીઝમ ઈન્ડસ્ટ્રીને બુસ્ટ મળશે અને 'વોકલ ફોર લોકલ' ધ્યેય અંતર્ગત સ્થાનિક હસ્તકલા કારીગરીના અને ગૃહ ઉત્પાદનોના વેચાણમાં વૃદ્ધિ થવાથી જે તે વિસ્તારના લોકોનું જીવન ધોરણ સુધરશે.

રાજ્યના મહત્વના પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓની સર્કિટના વિકાસ દ્વારા આવા પ્રવાસન સ્થળોની કનેક્ટિવિટી અને સુલભતા વધારવાનો અભિગમ પણ રાખ્યો છે. ૫૮ માર્ગોની સુધારણાથી આ અભિગમને વેગ મળવા સાથે પ્રવાસીઓને સારો અને વધુ કાર્યક્ષમ રોડ નેટવર્ક મળશે. જેના લીધે મુસાફરોની સમય અને ખર્ચ ઘટશે. આ સાથે સાથે કનેક્ટિવિટી વધવાથી પ્રવાસન સ્થળોની આસપાસના વિસ્તારના લોકો માટે નવી રોજગારની તકોનું સર્જન થશે અને આર્થિક વિકાસ થશે.

રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉત્તરોત્તર સંગીન બનાવીને નાગરિકો તથા ઉદ્યોગ-વ્યાપારને 'ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન' આપવાના ધ્યેય સાથે રાજ્યમાં ફોરલેન માર્ગોની સાપેક્ષમાં જે હયાત પુલો અને સ્ટ્રકચર્સ સાંકડા છે તેને પહોળા કરવાના ૧૧ કામો માટે ?૪૬૭.૫૦ કરોડ ફાળવવાની મંજૂરી આપી છે.

આ ઉપરાંત અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારોને જોડતા ૨૯ રસ્તાઓના મજબૂતીકરણ, વિસ્તૃતિકરણ અને કાચા માર્ગોથી પાકા માર્ગો બનાવવા ?૧૮૯.૯૦ કરોડ મંજૂર કર્યા છે.

આ નિર્ણયને પરિણામે ક્વોરી મટિરિયલ્સનું પરિવહન સરળ બનશે તેમજ ગ્રામ્ય નાગરિકોને સલામત માર્ગ સુવિધા મળતી થશે. એટલું જ નહીં, ભવિષ્યમાં ઔદ્યોગિક અને ખાણ ખનીજ ક્ષેત્રને લગતા ભારે વાહન વ્યવહારને સારી સુવિધા મળતાં લોજિસ્ટિક્સ યાતાયાત ઝડપી અને સરળ બનતા આ વિસ્તારોના સર્વગ્રાહી વિકાસમાં મોટું બળ મળશે

## રાજ્યમાં સાંકડા પુલો-સ્ટ્રકચર્સને પહોળા કરાશે

**ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારને જોડતા ૨૯ માર્ગોના રીસરફેસિંગ અને પહોળાઈ વધારવા ૧૯૦ કરોડ રૂપિયા મંજૂર**

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૨૧: રાજ્યમાં ફોરલેન માર્ગોની સાપેક્ષમાં જે હયાત પુલો અને સ્ટ્રકચર્સ સાંકડા છે તેને પહોળા કરવાના ૧૧ કામો માટે ૪૬૭.૫૦ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપી છે. તેમણે આ અગાઉ સાંકડા પુલો-સ્ટ્રકચર્સને પહોળા કરવા ૨૦ રસ્તાઓના કામો માટે ૨૪૫.૩૦ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે હવે વધુ ૧૧ માર્ગોને પહોળા કરવા ૪૬૭.૫૦ કરોડ રૂપિયા તેમણે માર્ગ-મકાન વિભાગને ફાળવ્યા છે. આના પરિણામે ૧૧ સ્થળોએ બોટલનેક પરિસ્થિતિનું નિવારણ આવશે તથા વધુ સુવિધાયુક્ત સલામત રસ્તા લોકોને મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉપરાંત અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારોને જોડતા ૨૯ રસ્તાઓના મજબૂતીકરણ, વિસ્તૃતિકરણ અને કાચા માર્ગોથી પાકા માર્ગો બનાવવા ૧૮૯.૯૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.તદઅનુસાર, પાંચ રસ્તાની ૭.૪૫ કિ.મી લંબાઈમાં કાચા થી પાકા રસ્તા માટે અંદાજે રૂ. ૮.૮૦ કરોડ, ૮ માર્ગોની ૩૦.૬૮ કી.મી લંબાઈના મજબૂતીકરણ માટે રૂ. ૪૭.૩૦ કરોડ તેમજ ૧૬ માર્ગોની ૮૮.૫૦ કી.મી. લંબાઈને જરૂરિયાત મુજબ વાઈડનિંગ કરવા આસરે ૧૩૩.૭૦ કરોડ રૂપિયા ફાળવવા નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીના આ દૂરોગામી નિર્ણયને પરિણામે ક્વોરી મટીરીયલ્સનું પરિવહન સરળ બનશે તેમજ ગ્રામ્ય નાગરિકોને સલામત માર્ગ સુવિધા મળતી થશે. એટલું જ નહીં, ભવિષ્યમાં ઓદ્યોગિક અને ખાણ ખનીજ ક્ષેત્રને લગતા ભારે વાહન વ્યવહારને સારી સુવિધા મળતાં લોજિસ્ટિક્સ યાતાયાત ઝડપી અને સરળ બનતા આ વિસ્તારોના સર્વગ્રાહી વિકાસમાં મોટું બળ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અત્યાર સુધીમાં આવા માર્ગોની જરૂરી સુધારણાના હેતુસર આ નાણાકીય વર્ષમાં રૂપકામો માટે ૧૪૬૯.૮૪ કરોડ રૂપિયા મંજૂર કરેલા છે.

## દેશમાં આધાર ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેક્શન ૧૦૦ કરોડને પાર

**મુંબઈ ખાતે યોજાયેલ 'આધાર સંવાદ' માં ગુજરાત સહિત અંદાજે ૫૦૦થી વધુ ઉદ્યોગકારો સહભાગી થયા**

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૨૧: UIDAI-આધાર દ્વારા વિકસાવવામાં આવેલ એઆઈ/એમએલ આધારિત ફેસ ઓથેન્ટિકેશન સોલ્યુશન ૧૦૦ કરોડ ટ્રાન્ઝેક્શનો પાર કરી ચુક્યું છે. ફેસ ઓથેન્ટિકેશન ટ્રાન્ઝેક્શન અકડા પર નજર કરીએ તો છેલ્લા ૫ મહિનામાં ૫૦ કરોડથી વધીને ૧૦૦ કરોડ સુધી પહોંચ્યો છે. આ સિદ્ધિ આધારની ભૂમિકા અને મહત્વને પુનઃપ્રતિષ્ઠિત કરે છે, એમ UIDAIના ચેરમેન, નીલકંઠ મિશ્રાએ જણાવ્યું હતું.

અહીં નોંધવું ઘટે કે, યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા- UIDAIના ઉપક્રમે ગુજરાત સહિત તમામ રાજ્યોના BFSI, ફિનટેક અને ટેલિકોમ ક્ષેત્રોના ઉદ્યોગકારો સાથે મુંબઈ ખાતે 'આધાર સંવાદ' યોજાયો હતો. જેમાં આધારનો ઉપયોગ કરીને સેવાનો વધુ સારો અને ઝડપી વિતરણ કેવી રીતે શક્ય બની શકે છે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને મહારાષ્ટ્ર સરકારના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં બેંકો, વીમા કંપનીઓ, એનપીસીઆઈ, બજાર મધ્યસ્થો, ટેલિકોમ સેવા -દાતાઓ અને ફિનટેક સહિતના ૫૦૦ જેટલા ઉદ્યોગકારો, નિષ્ણાતો અને ટેક્નોક્રેટ્સે ભાગ લીધો હતો.આ પહેલા આધાર સંવાદ નવેમ્બરમાં બેંગ્લોરમાં યોજાયો હતો.

દરમિયાન ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયના સચિવ એસ.કૃષ્ણ અને UIDAIના સીઈઓ ભુવનેશ કુમારે તેમના સંબોધનમાં આધારની સ્વીકૃતિ અને ઉપયોગને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, આધાર ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું મહત્વનો સ્તંભ છે. આધાર ફેસ ઓથેન્ટિકેશન માટે સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં ૯૨ એન્ટિટીઓ દ્વારા ઉપયોગમાં લેવાઈ રહી છે.

## બેટ દ્વારકામાં ડ્રગ ટ્રાફિકિંગ!?

**દરગાહ સહિતના સ્થળોના ડિમોલિશનમાં સ્ટેટસ ક્વો દૂર કરવા સરકારની માગ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ , તા.૨૧: બેટ દ્વારકામાં દરગાહ સહિતની જગ્યાઓના ડિમોલિશનની સામે હાઈકોર્ટમાં રિટ પિટિશન થઇ છે અને એમાં હાઈકોર્ટે અગાઉ સ્ટેટસ ક્વો (યથાવત સ્થિતિ) જાળવી રાખવાનો આદેશ કર્યો હતો. સોમવારે આ કેસની સુનાવણીમાં સરકાર તરફથી મુખ્ય સરકારી વકલી જી.એચ. વિર્કે આ સ્ટેટસ ક્વો દૂર કરવાની દલીલ કરી હતી. જેમાં એવી રજૂઆત કરી હતી કે સરકારી તપાસમાં બહાર આવ્યું છે કે આ વિવાદીત બાંધકામોનો ઉપયોગ ડ્રગ ટ્રાફિકિંગમાં થતો હતો. એટલું જ નહીં દરગાહના મુજાવર દ્વારા વિસ્ફોટકો અહીં રખાતા હતા. બીજી તરફ અરજદાર પક્ષે જવાબ રજૂ કરવા મુદત માગતા કેસની સુનાવણી મંગળવારના રોજ મુકરર કરાઈ છે. આ મામલે રાજ્ય સરકાર તરફથી એવી ધારદાર દલીલ કરવામાં આવી હતી કે,'અરજદારો વિરૂદ્ધ એવા મટિરિયલ મળ્યા છે કે તેમણે રિટ પિટિશનમાં મિસરિપ્રેઝન્ટેશન કર્યુ છે અને કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો છે. આ મામલે અરજદારોના જે બાંધકામોને નહીં તોડવા માટેનો સ્ટેટસ ક્વોનો આદેશ નામદાર હાઈકોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે, પરંતુ સરકાર તરફથી અમે એવો દાવો કરીએ છીએ કે અમને તપાસમાં મળી આવ્યું છે કે જે વિવાદીત બાંધકામો છે એનો ઉપયોગ ડ્રગ ટ્રાફિકિંગ(ડ્રગ્સની હેરાફેરી) માટે કરવામાં આવતો હતો. અહીં બોમ્બ બ્લાસ્ટ પણ થયો હતો અને દરગાહના મુજાવર વિસ્ફોટકો રાખતાં હોવાનું પણ સામે આવ્યું હતું. તેથી સરકારને આ કેસમાં અરજન્સી છે અને સ્ટેટસ ક્વો દૂર કરવામાં આવે એવી માગ છે.' સરકાર તરફથી એવી દલીલ પણ કરવામાં આવી હતી કે,'આ વિવાદીત સંપત્તિઓ વકફની છે જ નહીં. બે અરજીઓમાં તો જમીન કબ્રસ્તાનની છે. ત્યારે સરકાર દ્વારા સેટેલાઈટ ઈમેજીસ લેવામાં આવી છે અને એમાં એવું સામે આવ્યું છે કે કબ્રસ્તાનની જમીન પર દબાણકર્તાઓએ વિશાળ બાંધકામો ખડકી દીધા છે. કબ્રસ્તાનની જમીન ઉપર આવા બાંધકામો કઈ રીતે શક્ય છે.

## જેલમાં બંધ વ્યક્તિઓને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ: સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૧: દિલ્હી રમખાણોના આરોપી તાહિર હુસૈનની જામીન અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે સોમવારે કડક ટિપ્પણી કરતા કહ્યું હતું કે જેલમાં બંધ તમામ વ્યક્તિઓને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આમ આદમી પાર્ટી ના ભૂતપૂર્વ કાઉન્સિલર હુસૈનને ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન દ્વારા ૫ ફેબ્રુઆરીના રોજ યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે મુસ્તફાબાદથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે તાહિર હુસૈનની વચગાળાની જામીનની અરજી પર સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પંકજ મિત્તલે કહ્યું હતું કે જેલમાં રહેલા આવા તમામ વ્યક્તિઓને ચૂંટણી લડવાથી પ્રતિબંધિત કરવા જોઈએ. તાજેતરમાં, દિલ્હી હાઈકોર્ટે હુસૈનને ઉમેદવારી નોંધાવવા માટે પેરોલ મંજૂર કર્યા હતા.જસ્ટિસ મિત્તલે ટિપ્પણી કરતા કહ્યું હતું કે જેલમાં બેસીને ચૂંટણી જીતવી સરળ છે. ખરેખર, આ બધા લોકોને પ્રતિબંધિત કરવા જોઈએ. આ અંગે તાહિરના વકીલ અગ્રવાલે દલીલ કરી હતી કે આ એક વાસ્તવિક કેસ છે અને તેમનું નામાંકન સ્વીકારવામાં આવ્યું છે. આ પછી સુપ્રીમ કોર્ટ દ્વારા તેમના કેસને મંગળવાર માટેની સૂચીમાં સામેલ કરાયો હતો.

## જીપીએસસીમાં કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તક મળશે

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ,તા.૨૧:ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી)ના ચેરમેન હસમુખ પટેલે આજે ઉમેદવારો માટે મહત્વની જાહેરાતો કરી છે. જીપીએસસીની ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે મહત્વનો નિર્ણય લેવાયો છે. હવે કોલેજ કે સમકક્ષ સંસ્થાના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારોને તક મળશે. બોર્ડની મિટિંગમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી) દ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ દરમિયાન ઉમેદવારો તેમજ પરીક્ષકોને સરળતા રહે તે માટે મહત્ત્વના ત્રણ નિર્ણય લીધા આ નિર્ણયો વિશે ખુદ આયોગના ચેરમેન હસમુખ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી માહિતી આપી છે. પ્રથમ નિર્ણય એ છે કે અનુભવ જરી ન હોય તેવી ભરતીમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ અરજી કરી શકશે.

જીપીએસસીના ચેરમેન હસમુખ પટેલે મીડિયા સંબોધનમાં મહત્વની જાહેરાત કરતા કહ્યું કે, અનુભવની જરૂર ન હોય તેવી ભરતીમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા ઉમેદવારોને તક મળશે. લેક્ચરર ફિઝીયોથેરાપીની ચાલુ ભરતીમાં રજૂઆત બાદ નિર્ણય લેવાયો છે. છેલ્લા વર્ષની વિદ્યાર્થીનીઓએ રજૂઆત કરી હતી કે તેમને તક આપવામાં આવે. ફિઝીયોથેરાપીની અંતિમ વર્ષની વિદ્યાર્થીનીઓને પણ તક આપવાનો નિર્ણય લેવાયો છે. આયોગની ભરતીમાં અનુભવની જરૂર ન હોય તો કોલેજમાં અંતિમ પરિક્ષામાં અભ્યાસ કરતા ઉમેદવારોને પરીક્ષા આપવાની તક મળશે. આ સાથે જ તજજ્ઞોની ફી બમણી કરવાનો નિર્ણય પણ લેવાયો છે. જીપીએસસીમાં પેપર સેટ કરતા તજજ્ઞોની ફી બમણી કરવામાં આવશે. પરીક્ષાની દ્રષ્ટીએ ઉમેદવારોના ફાયદાની સાથે પરીક્ષકના મહેનતાણામાં વધારો કરવાની જાહેરાત કરી છે. જેમાં તેમણે આયોગમાં પરીક્ષા આપવા આવનારા ઉમેદવારો ભૂખ્યા ન રહે તે બાબતનું ધ્યાન રાખીને મહત્વની જાહેરાત કરી છે.

Wednesday 22, January 2025
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## મોરલીમાં સરકારી કામમાં રૂકાવટ અને સરપંચને ધમકી આપનાર સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા. ૨૧ :** ગણદેવી તાલુકાના મોરલી ગામના મોરા ફળીયામાં પાણીની લાઈનનું કામ છેલ્લા પાંચ દિવસથી ચાલતું હોવાથી સોમવારે સરપંચ ચેતન પટેલ કામની તપાસ બાબતે આ સ્થળે પહોંચ્યા હતાં. તે દરમિયાન મોરલી તળાવ ફળિયાના ધીરુભાઈ પટેલએ મારી જમીનમાં ખાડો કેમ ખોદયો એમ જણાવી અભદ્ર ભાષાનો ઉપયોગ કરી પથ્થર વડે હુમલો કરી ગામ સરપંચના પગમાં ઈજા પહોંચાડી હતી. તેમજ આઈફોન જમીન પર પટકી મોબાઈલમાં નુકશાન કરવાની સાથે સરપંચને કાપી અને સળગાવી દેવાની ધમકી ઉચ્ચારી હતી. આ સમગ્ર ઘટનાને લઈને મોરલી ગ્રામ પંચાયત સરપંચ ચેતન પટેલે ધીરુભાઈ પટેલ વિરૂદ્ધ બીલીમોરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે અરજીના અનુસંધાને ગણતરીના કલાકોમાં જ પોલીસે સરકારી કામમાં રૂકાવટ ઊભી કરનાર અને સરપંચને મારી નાંખવાની ધમકી આપનાર ધીરુભાઈ પટેલની વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી અટકાયતી પગલાં લીધા હતાં.

## પશ્ચિમ રેલ્વે અમદાવાદ ⇌ બાન્દ્રા ટર્મિનસ વચ્ચે ખાસ સુપરફાસ્ટ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | પ્રારંભ અને ગંતવ્ય સ્ટેશન | સેવાના દિવસો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૪૬૨ | અમદાવાદ - બાન્દ્રા ટર્મિનસ | ૨૪.૦૧.૨૦૨૫ | ૨૦:૦૦ કલાકે (બુધવાર) | ૦૪:૨૦ કલાકે (બીજા દિવસે) |
| ૦૯૪૬૧ | બાન્દ્રા ટર્મિનસ - અમદાવાદ | ૨૫.૦૧.૨૦૨૫ | ૦૫:૩૫ કલાકે (શનિવાર) | ૧૩:૪૫ કલાકે (એજ દિવસે) |

**રોકાણો :** વડોદરા, ઉધના, વલસાડ, વાપી, દહાણુ રોડ અને બોરીવલી સ્ટેશન બંને દિશામાં.

**સંરચના :** એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

સમય, રોકાણો અને કમ્પોઝિશન સબંધિત વિસ્તૃત માહિતી માટે, યાત્રીઓ કૃપા કરી www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લેવા વિનંતી.

ટ્રેન નં. ૦૯૪૬૨ અને ૦૯૪૬૧નું બુકિંગ તા.૨૨-૦૧-૨૦૨૫થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડાથી સ્પેશિયલ ટ્રેનોરૂપે દોડાવવામાં આવશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો : facebook.com/WesternRly
અમને ફોલો કરો : X.com/WesternRly

તમામ આરક્ષિત ટિકિટો માટે કૃપા કરી તમારું અસલ ઓળખપત્ર સાથે રાખો

## નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારૂં જૂનું નામ **નીતાબેન રાકેશકુમાર પટેલ** હતું જે બદલીને મારૂ નવું નામ **નિતાબેન રાકેશકુમાર પટેલ** રાખેલ છે અને હવેથી હું નવા નામ તરીકે જ ઓળખાઈશ જેની સૌએ નોંધ લેવી

લિ. **નિતાબેન રાકેશકુમાર પટેલ**
**સરનામું :** બી-૨૦૨, સત્કાર પર્વ કો.ઓ. ૬૧. સો.લી. છરવાડા રોડ, વાપી, જી.વલસાડ - ગુજરાત

## CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM OLD NAME : MEHUL KESHAV PATEL TO NEW NAME : MEHUL KESHAV, RESIDENT OF 300/6 TANKI FALIYA,PATLARA,MOTI DAMAN,DAMAN,DAMAN AND DIU- 396220.

## UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

### Department of Land Acquisition- Dadra and Nagar Haveli NOTICE

**Purpose: Public Hearing on Draft Social Impact Assessment Report U/s 4 of RFCTLLAR Act, 2013 for Development of Industrial-Estate at Village Velugam.**

**Village: Velugam**

I. Public Hearing Notice (English) No. LAQ/ OIDC/Industrial-Estate/Part-II/2024/ 38, Dated: 20/1/2025
II. Public Hearing Notice (Gujarati)No. LAQ/OIDC/Industrial-Estate/Part-II/2024/ 37, Dated: 20/1/2025
III. Draft Social Impact Assessment Report.

Note: Details can be downloaded from https://me-qr.com/qr-code-generator/pdf. by scanning the QR code.

Land Acquisition Officer, Dadra & Nagar Haveli

NO.: IP/DMN/2/5/2025-26/67 DATED : 21/01/2025

## કલર કામ માટે

અમારી સંસ્થાનો મુખ્યયાર્ડ પારડીમાં કોમશીર્યલ બિલ્ડીંગમાં બહારનાં ભાગમાં અંદાજીત ૩૫૦ સ્કેર મીટર જેટલું કલર કામ કરવાનું હોય રસ ધરાવતા કોન્ટ્રાક્ટરોએ દિન-૭ ભાવ પત્રક મોકલી આપવા.

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પારડી**
**નેશનલ હાઈવે નં.૪૮, કિલ્લા પારડી, જી.વલસાડ**

**લિ. સેક્રેટરી**
જયવદનભાઈ એમ. પટેલ

## જાહેર સુચના

મેં; એપેક્ષ ફાર્માકેમ પ્રાઈવેટ લિમિટેડ, પ્લોટ નંબર- ૧૯૩/૧, ફેઝ-૨, જી.આઈ.ડી.સી. વાપી, તા.: પારડી, જી.: વલસાડ-૩૯૬૧૯૫, ગુજરાતને સિન્થેટિક ઓર્ગેનિક કેમિકલ્સનું ઉત્પાદન કરવા માટે મળેલ ''પર્યાવરણીય પરવાનગી'' ની જાહેરાત.

આ જાહેરાતનો મુખ્ય આશય જાહેર જનતાને જણાવવાનું કે 'ભારત સરકાર ના વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, નવી દિલ્હી (એમ.ઓ.ઈ.એફ અને સી.સી.) તરફથી મેસર્સ એપેક્ષ ફાર્માકેમ પ્રાઈવેટ લિમિટેડ, પ્લોટ નંબર- ૧૯૩/૧, ફેઝ-૨, જી.આઈ.ડી.સી. વાપી, તા. પારડી, જી. વલસાડ - ૩૯૬૧૯૫, ગુજરાતને સિન્થેટિક ઓર્ગેનિક કેમિકલ્સનું ઉત્પાદન કરવા માટેની ''પર્યાવરણીય પરવાનગી'', ઈ આઈ એ નોટીફિકેશન, ૧૪ સપ્ટેમ્બર ૨૦૦૬ અંતર્ગત, એમના પત્ર ક્રમાંક નં. ૧૧૦૧૧/૪૯૮/૨૦૦૮-આઈએ-૨(આઈ) તા. ૧૩/૦૧/૨૦૨૫ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. ઉપરોક્ત પર્યાવરણીય પરવાનગી નકલ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને પર્યાવરણ વન, અને જળવાયુ પરિવર્તન, ભારત સરકારની વેબ - સાઈટ https://parivesh.nic.in/પર ઉપલબ્ધ છે.

**તા. ૧૮/૦૧/૨૦૨૫**
**મેં; એપેક્ષ ફાર્માકેમ પ્રાઈવેટ લિમિટેડ**
(ડાયરેક્ટર)

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૬૫/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
**વાદી:- ચૌધરી હેતલબેન બાબુભાઈ રહે. ૧૮૧૮/૧ માલનપાડા ચાર રસ્તા તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને ચીફ ઓફીસરશ્રી, ધરમપુર**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ચૌધરી હેતલબેન બાબુભાઈ**, રહે. ૧૮૧૮/૧ માલનપાડા ચાર રસ્તા, તા.ધરમપુર જી.વલસાડના માતા **મીનાબેન ચંદુભાઈ ચૌધરી** રહે. ધરમપુરનું અવસાન તા.૦૨/૦૮/૨૦૦૨નાં રોજ ધરમપુર ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૩૮/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
**વાદી:- સાન્તેભાઈ દેવજીભાઈ રાથડ રહે. મોહનાકાવચાલી કુંભિયાપાડા ફ.તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, મોહનાકાવચાલી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **રાથડ સાન્તેભાઈ દેવજીભાઈ**, રહે. મોહનાકાવચાલી કુંભિયાપાડા ફ., તા.ધરમપુર જી.વલસાડના પુત્ર **શરદભાઈ રાથડનો** જન્મ તા.૨૮/૦૭/૨૦૧૭નાં રોજ મોહનાકાવચાલી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૫૬/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
**વાદી:- કિશનભાઈ પાંડુભાઈ ગાયકવાડ, રહે. ચવરા, ભીમ ફ., તા.ધરમપુર,જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ચવરા**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **કિશનભાઈ પાંડુભાઈ ગાયકવાડ**, રહે. ચવરા, ભીમ ફ., તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **વૈષ્ણવીબેન કિસનભાઈ ગાયકવાડનો** જન્મ તા.૦૬/૦૭/૨૦૨૧નાં રોજ ચવરા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૬૬/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
વાદી:- દેવલાભાઈ જાનીયાભાઈ માહતુ, રહે. ઉક્તા, ધામણમાળ ફ., તા.ધરમપુર જી.વલસાડ
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ઉક્તા**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **દેવલાભાઈ જાનીયાભાઈ માહતુ**, રહે. ઉક્તા, ધામણમાળ ફ., તા.ધરમપુર જી.વલસાડના માતા **ઝમકુબેન જાનીયાભાઈ માહદુનું** અવસાન તા.૦૧/૦૩/૧૯૯૬નાં રોજ ઉક્તા ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૩૪/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
**વાદી:- રંગુભાઈ બાબલેભાઈ રહે. કુંવર ફ. ગોરખડા તા. ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, રાજપુરી જંગલ ગૃપ**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **રંગુભાઈ બાબલેભાઈ**, રહે. કુંવર ફ. ગોરખડા, તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **સીતાબેન રંગુભાઈ કુંવરનો** જન્મ તા.૦૫/૦૩/૧૯૯૪નાં રોજ ગોરખડા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૩૦/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
**વાદી:- કિશનભાઈ જીવાબાઈ ભોયા, રહે. જામનપાડા ફ., સોનદર તા.ધરમપુર,જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, સોનદર**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ભોયા કિશનભાઈ જીવાબાઈ**, રહે. જામનપાડા ફ. સોનદર, તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **નિત્યાબેન કિશનભાઈ ભોયાનો** જન્મ તા.૦૭/૦૬/૨૦૨૦નાં રોજ સોનદર ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૬૪/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
**વાદી:- સુંદરીબેન પિવાળીયાભાઈ દાધવની પુત્રી તે રામદાસભાઈ મોકાશીની પત્ની રહે. પેણધા આંઘોરી**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, પેણધા**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **સુંદરીબેન પિવાળીયાભાઈ દાધવની પુત્રી તે રામદાસભાઈ મોકાશીની પત્ની**, રહે. પેણધા આંઘોરી ફ., તા.ધરમપુર જી.વલસાડના માતા **રાધાબેન પિવાળીયાભાઈનું** અવસાન તા.૧૧/૦૬/૨૦૧૭નાં રોજ પેણધા ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૩૫/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
**વાદી:- મહેન્દ્રભાઈ રાજુભાઈ જાદવ રહે. પટેલ ફ., સોનદર, તા.ધરમપુર, જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, સોનદર**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **મહેન્દ્રભાઈ રાજુભાઈ જાદવ**, રહે. પટેલ ફ. સોનદર, તા.ધરમપુર જી.વલસાડના પુત્ર **હિતેશભાઈ મહેન્દ્રભાઈ જાદવનો** જન્મ તા.૦૧/૦૯/૨૦૨૧નાં રોજ સોનદર ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૩૩/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
**વાદી:-ઈલાબેન છનાભાઈ પટેલ, રહે, ભાંભા, ધોધ ફળિયું, તા.ધરમપુર, જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ભાંભા**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ઈલાબેન છનાભાઈ પટેલ**, રહે. ભાંભા ધોધ ફળિયું, તા.ધરમપુર જી.વલસાડના **પોતાનો** જન્મ તા.૦૨/૦૬/૧૯૭૪નાં રોજ ભાંભા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૫૭/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
**વાદી:- રમેશભાઈ શીલાંગભાઈ કેંગ રહે. ખાંડા નિશાળ ફ., તા.ધરમપુર જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ખાંડા**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **રમેશભાઈ શીલાંગભાઈ કેંગ**, રહે. ખાંડા નિશાળ ફ., તા.ધરમપુર જી.વલસાડના માતા **સોનકીબેન શીલાંગભાઈ કેંગનું** અવસાન તા.૨૦/૦૮/૨૦૦૮નાં રોજ ખાંડા ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./મરણ/રજી નં.૬૦/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
**વાદી:- સુમનભાઈ બુધુભાઈ પવાર રહે. સાવરમાળ ઉપલા ફ. તા. ધરમપુર, જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, કાંગવી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **સુમનભાઈ બુધુભાઈ પવાર**, રહે. સાવરમાળ ઉપલા ફ., તા.ધરમપુર જી.વલસાડના બેન **સંમતીબેન લાહનભાઈ બોડસાનું** અવસાન તા.૧૨/૧૧/૧૯૮૮નાં રોજ કાંગવી ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૨૬/૨૦૨૪ તા.૨૦/૦૧/૨૦૨૫
**જાહેર નોટીસ**
**વાદી:- ગાર્ડર વંસતીબેન રામુભાઈ, રહે. નિશાળ ફ., બિલ્ધા, તા. ધરમપુર, જી.વલસાડ**
**વિરૂધ્ધ**
**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગડી**
**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ગાર્ડર વંસતીબેન રામુભાઈ**, રહે. નિશાળ ફ. બિલ્ધા, તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **રિયાબેન રામુભાઈ ગાર્ડરનો** જન્મ તા.૨૬/૦૨/૨૦૧૮નાં રોજ બિલ્ધા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો
**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**












**ગોડાઉન ભાડે આપવાનું છે**

૪૦×૮૦ ગોડાઉન ભાડે આપવાનું છે.
ઘમડાચી પીરૂ ફરીયા હાઈવે પર
મો. નં. : 9879295851


Wednesday 22, January 2025

# દમણગંગા ટાઇમ્સ


**BHAVESH**
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050


## મોટી ચણવાઈના તળાવમાંથી માટી કાઢવા મોટરથી પાણી ઉલેચવાનો તખ્તો: તંત્ર ચૂપ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૧:** અતુલ નજીકના મોટી ચણવાઈ ગામના દેસાઈ ફળિયામાં આવેલા સરકારી તળાવમાંથી માટી કાઢવા માટે જિલ્લા બહારના માટીના ધંધા સાથે સંકળાયેલા ઈસમ સાથે ગામના સરપંચ મળી તળાવમાંથી માટી ખોદવા માટે ગઈકાલે સાંજે મોટી મોટર મૂકી પાણી બિન્દાસ બહાર કાઢી તળાવ ખાલી કરવામાં આવતા ગામમાં ચર્ચાનો વિષય બન્યો છે. તળાવ ની માટી આપવા માટે સરપંચે મોટો વ્યવહાર કર્યો હોવાને ગામમાં ચર્ચા ઉઠી છે.

ચોમાસાની સિઝનને માત્ર બે મહિના થયા છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં સારો વરસાદ પડતા તમામ તળાવો પાણીથી છલોછલ ભર્યા છે. જે પાણીના કારણે ખેડૂતોને આ વર્ષે ખેતરમાં પાણી મુકવા કે પીવાના પાણીની અછત ઉભી થશે નહીં અને પાણીની પોકાર જૂન મહિના એટલે કે વરસાદ આવે ત્યાં સુધી નહીં પડે. ત્યારે અતુલ નજીક આવેલા મોટી ચણવાઈ ગામના દેસાઈ ફળિયામાં સરકારી બ્લોક સર્વે નંબર ૬૯૫ વાળું સરકારી તળાવ આવેલું છે. આ તળાવને ગામના સરપંચે માટી ખોદકામ માટે જિલ્લા બહારથી આવેલા એક વ્યક્તિને પંચાયતમાં માત્ર ૫૧,૦૦૦ ભરાવી તેના નામે માટી ખોદકામ કરવાનો ત્રણ વર્ષનો ઠરાવ કરી આપ્યો હોવાની ચર્ચા વચ્ચે એ વ્યક્તિ પાણીથી છલોછલ ભરેલા તળાવમાં મોટરો મૂકી ખુલ્લેઆમ પાણી બહાર કાઢી તળાવ ખાલી કરી રહ્યું હોવાનું ધ્યાનમાં આવ્યું છે. ત્યારે વલસાડ જિલ્લા કલેકટર અને વલસાડ જિલ્લા વિકાસ અધિકારી મોટી ચણવાઈ ગામે આવેલું સરકારી તળાવમાંથી ગેરકાયદેસર રીતે પાણી કાઢનારા સરપંચ અને જિલ્લા બહારના વ્યક્તિ સામે તપાસ કરાવશે કે કેમ? એ ચર્ચાનો વિષય બન્યો છે.

## બીલીમોરા પાલિકાની સામાન્ય ચૂંટણી જાહેર: બે વર્ષના વહીવટી શાસનનો અંત આવશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા.૨૧:** બીલીમોરા નગરપાલિકા સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી આગામી ૧૬મી ફેબ્રુઆરી એ યોજાશે, જેમાં ૯ વોર્ડ માંથી કુલ ૩૬ સભ્યો પૈકી ૫૦ ટકા મહિલા અનામત સાથે સામાન્ય ઉમેદવાર ૧૮, પછાતવર્ગ નાં ૯, અનુસૂચિત જન જાતિ(એસટી)-૭ અને અનુસૂચિત જાતિ (એસસી) માટે બે બેઠક અનામત ફાળવવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મંગળવાર સાંજે જાહેરાત કરાતા સમગ્ર શહેરમાં રાજકીય ગરમાટો વ્યાપી ગયો હતો.

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજ્યભરની કુલ ૬૬ નગરપાલિકા ની સામાન્ય ચૂંટણી અંગે મંગળવારે જાહેરાત કરાતા અનેક અટકળો નો અંત આવ્યો છે. આગામી ૨૭મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ વિધિવત જાહેરનામું પ્રસિધ્ધ કરાશે જેમાં ઉમેદવારી નોંધવવાની છેલ્લી તારીખ ૧લી ફેબ્રુઆરી ૨૦૨૫, ફોર્મ ચકાસણી તા.૩જી ફેબ્રુઆરી, ઉમેદવારી



ખેંચવાની અંતિમ તારીખ ૪થી ફેબ્રુઆરી ૨૦૨૫ જાહેર કરાઈ છે. જે બાદ ૧૬મી ફેબ્રુઆરી એ મતદાન અને ૧૮મી એ મતગણતરી હાથ ધરાશે. અત્રે ઉલ્લેખનીય છેકે વર્ષ ૨૦૧૧ ની વસ્તી ગણતરી અનુસાર પાલિકા ની કુલ વસ્તી ૫૩,૧૮૭ છે. અને શહેર નાં ૯ વોર્ડ માં ૩૬ સભ્યો યથાવત રહેશે. તે પૈકી ૫૦ ટકા મહિલા અનામત એટલે કે ૧૮ મહિલા સભ્યો હશે. વોર્ડ દીઠ કુલ ચાર બેઠકો અને મતદાર ૫૪૦૦ થી ૬૪૯૯ મતદારો હશે. તેમજ અનામત કેટેગરી જોતા ૩૬ પૈકી ૧૮ બેઠકો સામાન્ય (બિન અનામત), ૯ બેઠક બક્ષીપંચ, ૭ બેઠક એસટી ઉમેદવાર અને બે બેઠકો એસસી માટે અનામત રહેશે. બીલીમોરા નગરપાલિકા માં વીતેલા બે વર્ષ થી ચીખલી પ્રાંત અધિકારી વહીવટદાર તરીકે હતા. ચૂંટાયેલી પાંખ ન હોવાથી લોકો ના કામો ટલ્લે ચઢતા હોવાની વ્યાપક બુમો હતી. શહેર ની સફાઈ, માર્ગો, અંડર પાસ, ઉભરાતી ગટરો ની વ્યાપક ફરીયાદો હતી. જે વચ્ચે ચૂંટણી જાહેર થતા ફરી લોકશાહી ધબકતી થવાના વિશ્વાસ સાથે લોકો એ રાહતનો શ્વાસ લીધો હતો. વીતેલા ત્રણ દાયકાથી બીલીમોરા નગરપાલિકામાં ભાજપનું શાસન રહ્યું છે.

બીલીમોરા નગરપાલિકામાં વર્ષ ૨૦૧૩માં વોર્ડ સંખ્યા ૧૨ હતી અને વોર્ડ દીઠ ત્રણ સભ્યો હતા. જે બાદ વર્ષ ૨૦૧૮ની છેલ્લી ચૂંટણી ચૂંટણી વેળા નવા સીમાંકન વેળા વોર્ડ સંખ્યા ૯ અને વોર્ડ દીઠ સભ્ય સંખ્યા ચાર કરાઈ હતી. ગત વર્ષ ૨૦૧૮ ની ચૂંટણી માં ભાજપ -૩૬, કોંગ્રેસ-૨૫ અને અપક્ષ-૭૦ મળી કુલ ૧૩૧ ઉમેદવાર ચૂંટણી જંગમાં ઉતર્યા હતા.

## ડાંગના સુબીરની પ્રા. શાળામાં બાળમજૂરી!



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા,તા.૨૧:** ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં કેશબંધ ગામની પ્રાથમિક શાળામાં બાળકો પાસે મજૂરી કરાવવામાં આવી રહી હોય તેવી ગંભીર બાબત સામે આવી છે. આ ઘટનાએ શિક્ષણનાં પવિત્રધામમાં માસૂમ બાળકોનું શોષણ થઈ રહ્યુ હોવાનો ગંભીર સવાલ ઉઠયો છે. કારણ કે અહી ભણતરનાં બદલે શિક્ષકો અને આચાર્ય દ્વારા માસૂમ બાળકો પાસે બાળમજૂરી કરાવવામાં આવી રહી છે, ત્યારે બાળકોનો અભ્યાસ ખતરામાં હોય તેવું જણાઈ રહ્યું છે. સુબીર તાલુકાના કેશબંધ ગામની પ્રાથમિક શાળામાં બાળકોને પાવડા અને તગારા વડે રેતી માટી લેવા જવા અને ઉચકાવવુ જેવા ભારે કામ કરાવવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. આદિવાસી વિસ્તારના બાળકોને ભણાવવાને બદલે શારીરિક મજૂરી કરાવવાની ઘટનાએ લોકોમાં રોષની લાગણી ઉપજાવી છે. શાળામાં પાથરવામાં આવેલી રેતીના ઢગલા સરખા કરવા સહિતની કામગીરી બાળકો પાસે કરાવવામાં આવતી હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બાબતે શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા તેઓનો લુલો બચાવ કરતા કહ્યુ છે કે, ‘૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટે તૈયારી ચાલુ છે.’ પરંતુ આ પ્રકારના જવાબથી પ્રશ્ન એ થાય છે કે, પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટે બાળકો પાસે બાળ મજૂરી કરાવવી કેટલી યોગ્ય છે? આ ઘટનાથી સ્પષ્ટ થાય છે કે, અંતરીયાળ વિસ્તારમાં શિક્ષણમાં હજુ પણ ઘણું સુધારવાનું બાકી છે. વધુમાં જો શાળામાં જ બાળ મજુરીને પ્રોત્સાહન આપવામાં આવતું હોય તો અન્ય ક્ષેત્ર કે સ્થળને વાત શી કરવી? શાળામાં બાળમજૂરી કરાવીને બાળકોને શું સંદેશો આપવામાં આવી રહ્યો છે? વાલીઓ બાળકને શાળાએ અભ્યાસ માટે મોકલે છે અને ત્યાં બાળકો પાસે બાળમજૂરી કરાવવામાં આવે તે કેટલા અંશે યોગ્ય? આવા અનેક સવાલ સાથે પંથકમાં ચર્ચાએ જોર પકડ્યું છે. જોકે બાળકોને શિક્ષણ આપવાને બદલે તેમની પાસે મજૂરી કરાવવી એ ગંભીર અપરાધ કહી શકાય એમ છે. કારણ કે એક તરફ સરકાર દ્વારા બાળ મજુરી અટકાવવા માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને શિક્ષણ તરફ બાળકો વળે તે માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા તેવામાં અહીં શાળા જેવા પવિત્ર મંદિરમાં બાળકો પાસે બાળમજૂરી કરાવવામાં આવે તે શિક્ષણ જગત માટે ખૂબ જ શરમજનક બાબત કહી શકાય એમ છે. ત્યારે આ સમગ્ર મામલે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા તાત્કાલિક ધોરણ એક કાર્યવાહી કરવામાં આવે અને જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી બન્યું છે. વિજયભાઈ દેશમુખ-જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડાંગ. આ બાબતે ડાંગ જિલ્લા શિક્ષણ અધિકારી વિજયભાઈ દેશમુખને પૂછતા તેઓએ જણાવ્યુ હતુ કે ડાંગ જિલ્લાના સુબિર તાલુકાનાં કેશબંધ પ્રાથમિક શાળામાં બાળમજૂરીની બાબત મારા ધ્યાનમાં આવેલ છે.જેને લઈને સુબિર તાલુકાનાં ટી.પી.ઓ.ને આ અંગે તપાસ કરવા જણાવવામાં આવેલ છે. ત્યારે તપાસમાં આવી કોઈ ઘટના બનેલ છે તેવું જણાય આવશે તો જવાબદાર શિક્ષકો અને આચાર્ય સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ચીખલી તા. પં.માં જ તલાટીનું હૃદય રોગથી મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી,તા.૨૧:** ચીખલી તાલુકા પંચાયતના ક્વોટર્સમાં રહેતા અને ગણદેવી તાલુકા પંચાયતમાં લીવ રિઝર્વ તલાટી તરીકે ફરજ બજાવતા કર્મચારીનું હૃદય રોગનો હુમલો આવતા મોત નીપજ્યું હોવાની ઘટના ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકા પંચાયતના ક્વોટર્સમાં રહેતા અંકિતકુમાર અમૃતલાલ પટેલ ઉ.વ. ૩૭ મૂળ રહે. કાવા પટેલ મહોલ્લો તા. ઈડર જી. સાબરકાંઠા જે ગણદેવી તાલુકા પંચાયત કચેરીમાં છેલ્લા એકાદ વર્ષથી લીવ રિઝર્વ તલાટી તરીકે ફરજ બજાવી રહ્યા હતા અને ચીખલી તાલુકા પંચાયતના ક્વોટર્સમાં પત્ની સાથે રહેતા હતા જેને વહેલી સવારે ઘરમાં અચાનક છાતીમાં દુખાવો થતાં જે ઢળી પડતા ૧૦૮ની સુવિધા મારફતે ચીખલી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં લઈ જવાતા ફરજ પરના ડોક્ટરે મરણ ગયેલ હોવાનું જણાવ્યું હતું બનાવ અંગેની ફરિયાદ પત્ની મીનાક્ષીબેન અંકિતકુમાર પટેલે કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઇ એસ.વી પટેલ કરી રહ્યા છે.

## દાદરા વનગંગા ગાર્ડન પાસે જાહેર શૌચાલયની તાતી જરૂરિયાત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૨૧:** દાદરાના લોકપ્રિય વનગંગા ગાર્ડનમાં પ્રવાસીઓ અને સ્થાનિક લોકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. શૌચાલયની વ્યવસ્થા ગાર્ડનની અંદર જ થવાથી માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ અને અન્ય લોકોને કોઈ ખાસ સુવિધા ઉપલબ્ધ નથી.

સ્થાનિક નાગરિકો અને મુલાકાતીઓએ ફરિયાદ કરી છે કે ગાર્ડનની બહાર જાહેર શૌચાલય ન હોવાને કારણે લોકોના આરોગ્ય અને સફાઈ અંગે સમસ્યાઓ ઊભી થઈ રહી છે. ગાર્ડનમાં શૌચાલયની સુવિધા માત્ર અંદર જ મર્યાદિત છે, જેના કારણે તે માત્ર ગાર્ડનમાં પ્રવેશ કરનારા લોકો માટે ઉપલબ્ધ છે. જાહેર શૌચાલયની તાતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સ્થાનિક તંત્ર દ્વારા આ પ્રશ્નના નિરાકરણ માટે શક્ય તેટલી જલદી કાર્યવાહી થવી જરૂરી છે.

## ધરમપુરમાં પીકઅપ વાને બાઈકને અડફેટમાં લેતા ચાલકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૧:** ધરમપુરના શેરીમાળ દામા ફળીયાના ૨૧ વર્ષીય રોનકભાઇ રામજીભાઇ ગાંવિત તથા સુરજભાઇ કિશનભાઈ ગાંવિતની સ્પેલન્ડર મો.સા. નં. જીજે-૧૫- ઈસી - ૫૭૬૭ લઇ સોમવારે રાત્રે ધરમપુર આવ્યા હતાં. અને મો.સા. ચલાવી રહેલા રોનકની પાછળ સુરજભાઇ બેઠો હતો. જ્યાંથી બંને ઘરે આવી રહ્યા હતા. આ સમય દરમ્યાન રાત્રીના આશરે સાડા નવ વાગ્યાના સુમારે ધરમપુર સુવિધા મોલની સામે ધરમપુરથી વલસાડ તરફ જતાં આવતાં રોડ ઉપર સામેથી એક પીકઅપ નંબર જીજે-૨૧-ટી-૩૪૧૦ના ચાલકે પોતાની પીકઅપ હંકારી લાવી રોનક ગાંવિતની મો.સા.ને અડફેટમાં લઇ એકસિડન્ટ કરી નાસી ગયો હતો. આ એક્સીડેન્ટમાં રોનક તથા સુરજ બંનેને ગંભીર ઈજા થતા પ્રાથમિક સારવાર ધરમપુર સ્ટેટ હોસ્પિટલ તપાસ કરાવી વધુ સારવાર માટે શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલમાં લઇ જઇ દાખલ કરાયા હતા. જ્યાં રોનકભાઇનું સારવાર દરમ્યાન તા.૨૦-૦૧-૨૦૨૫ના ૨૩:૩૦ વાગ્યે મોત થયું હોવાનુ ફરજ ઉપરના તબીબે જાહેર કર્યુ હતું. આ બાબતે આસુરાના પરિમલભાઇ દિનકરભાઈ ગાંવિતે ધરમપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી હતી.

## સાદકપોરના ખેડૂતે બીમારીથી કંટાળી ઝેરી દવા પી મોતને વ્હાલું કર્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી,તા.૨૧:** ચીખલી તાલુકાના સાદકપોરના રહીશ એક ખેડૂતે બીમારીથી કંટાળી જઈ ઝેરી દવા પી જતા સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાની ફરિયાદ ચીખલી પોલીસ મથકે નોંધાવવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના સાદકપોર ઘડુલી ફળિયા ખાતે રહેતા દિનેશચંદ્ર પ્રેમાભાઈ પટેલ ઉ.વ. ૪૯ જેને છેલ્લા એકાદ વર્ષથી લીવરની બીમારી હોય અને જેની દવા પણ ચાલી રહી હતી જેણે બીમારીથી કંટાળી જઈ સોમવારના રોજ સવારના સમયે ખેતરમાં જઈ ઝેરી દવા પી જતા જેને ડુંગરી વૈદ્યના દવાખાને લઈ જતા સારવાર દરમિયાન દિનેશચંદ્ર પટેલનું મોત નીપજ્યું હતું. જે બનાવ અંગેની જાણ હર્ષિતકુમાર અજીતભાઈ પટેલે કરતા વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીએસઆઇ એસવી પટેલ કરી રહ્યા છે.

## ખેરગામમાં કાર ચાલકે બાઈકને ટક્કર મારતા ચાલકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૧:** ખેરગામ તાલુકાના પણજથી વાડ જતાં રોડ ઉપર ભવાની ફળિયા ખાતે એક ઈકો કાર સવારે ટુ વ્હીલર સવારને અડફેટે લેતા ટુ વ્હીલર સવારને શરીરને ગંભીર ઈજા થતા સ્થળ ઉપર મોત નીપજ્યું હોવાની ઘટના ખેરગામ પોલીસ મથકે નોંધાવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર વાડ ભવાની ફળિયા પણજથી વાડ ખાતે જતા રોડ ઉપર એક ઈકો ગાડી નંબર જીજે ૨૧-સીએ-૪૬૯૩ નો ચાલક રાજુ ખંડુભાઈ પટેલ રહે. વાડ રાંધા ઉતારા ફળીયા જેણે પોતાનું વાહન પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી હીરો હોન્ડા મોટરસાયકલ ઉપર સવાર જીબીયું નંબર ૮૩૭૬ ઉપર સવાર નટુભાઈ જોગીભાઈ પટેલ રહે. વાડ ગામ ભવાની ફળિયા તા. ખેરગામની સાથે અથડાવી દેતા નટુભાઈ પટેલને માથામાં તથા છાતીના ભાગે ગંભીર ઈજા થતાં નટુભાઈ પટેલનું સ્થળ ઉપર જ કરુણ મોત નીપજવા પામ્યું હતું બનાવ અંગેની ફરિયાદ અમૃતભાઈ જોગીભાઈ ધોડિયા પટેલે કરતા વધુ તપાસ ખેરગામ પોલીસ મથકના પીએસઆઇ એમબી ગામીત કરી રહ્યા છે.

## વલસાડ જિલ્લામાં શાળા સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ

**આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃત્તિ કેળવાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયું, ફાયર ફાયટીંગ ડેમોસ્ટ્રેશન અને ૧૦૮ દ્વારા પ્રાથમિક સારવારની તાલીમ આપવામાં આવી રહી છે**



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા.૨૧:** ભૂકંપ, વાવાઝોડુ, પુર, ઔદ્યોગિક અકસ્માત અને આગ અકસ્માત જેવી આપત્તિઓ આવી પડે ત્યારે કેવી રીતે સલામતી રાખવી, શું તકેદારી રાખવી, કેવા પગલા ભરવા તે બાબતે ગુજરાત સરકાર દ્વારા શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. જે અંર્તગત ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (GSDMA) દ્વારા શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન વિશે જાગૃત્તિ કેળવાય તે હેતુથી વલસાડ જિલ્લામાં વિવિધ સ્થળે શાળા સલામતી કાર્યક્ર્મો યોજાઈ રહ્યા છે.

શાળા સલામતી કાર્યક્રમ અંતર્ગત શાળાના શિક્ષકોને સંભવિત આપત્તિઓ સામે શાળા લેવલે કેવા પ્રકારના સાવચેતી/સલામતીના પગલા લેવા જોઈએ તે બાબતે તાલીમબદ્ધ કરવામાં આવે છે. આપત્તિ વ્યવસ્થાપન વિષયક માહિતી-દ વિવિધ ૧૫ -કારના ચાટ્ર્સનુ વિતરણ પણ કરવામાં આવ્યુ છે. વધુમાં વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ સામે સાવચેતી અને સલામતી વિષે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે પ્રાથમિક શિક્ષણ વિભાગના પરામર્શમાં તા. ૨૦ જાન્યુઆરીથી જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં શાળા સલામતી સપ્તાહ-૨૦૨૫ની ઉજવણીનો શુભારંભ કરવામાં આવ્યો છે. જે ઉજવણી જિલ્લાની વિવિધ શાળાઓમાં તા:૨૫/૦૧/૨૦૨૫ સુધી ચાલશે. શાળા સલામતી સપ્તાહ ઉજવણી દરમિયાન જિલ્લાની શાળાઓમાં મેગા ઈવેન્ટ જેવી કે, ફાયર ફાયટીંગ ડેમોસ્ટ્રેશન, ૧૦૮ દ્વારા પ્રાથમિક સારવારની તાલીમ/તાલીમ પામેલ આપદા મિત્રો જેમાં જી.આર.ડી અને હોમગાર્ડ દ્વારા શાળા સલામતીનાં વિષયો ઉપર જરૂરી માર્ગદર્શન બાળકો અને શિક્ષકોને પૂરું પાડવામાં આવી રહ્યું છે.

## દાનહમાં આયોજિત એક દિવસીય રોજગાર મેળો સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**સેલવાસ, તા.૨૧:** પ્રશાસક પ્રફુલ્લ પટેલના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા વહીવટી તંત્ર દાદરા અને નગર હવેલીના ઉપક્રમે, આજે ૨૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ ચાર સ્થળોએ એક દિવસીય રોજગાર મેળાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ રોજગાર મેળાનું આયોજન ખાનવેલ, ખેરડી, દાદરા અને નગર ખાતે કરવામાં આવ્યું હતું. હવેલી. આ ગલોંડા અને નરોલી પંચાયતમાં કરવામાં આવ્યું હતું અને તેજ વિસ્તારના ઉદ્યોગોને સંબંધિત પંચાયતમાં બોલાવવામાં આવ્યા હતા.

મેળાનો ઉદ્દેશ્ય વિસ્તારના યુવાનોને રોજગારીની મહત્તમ તકો પૂરી પાડવાનો હતો. આ રોજગાર મેળામાં આશરે ૧૦૦૦ ઉમેદવારોએ ભાગ લીધો હતો, જેમાંથી ૬૦૦ થી વધુ ઉમેદવારોને વિવિધ નામાંકિત કંપનીઓ દ્વારા સ્થળ પર જ નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા.

સવારે ૧૦થી સાંજના ૬ વાગ્યા સુધી ચાલેલા આ કાર્યક્રમમાં યુવાનોનો ઉત્સાહ જબરદસ્ત હતો અને ઘણી મોટી અને પ્રતિષ્ઠિત કંપનીઓએ ભાગ લીધો હતો અને ઉમેદવારોની પસંદગી કરી હતી.

જિલ્લા વહીવટી તંત્રએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાગ લેનાર તમામ કંપનીઓ અને યુવા સહભાગીઓનો આભાર માન્યો હતો અને ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમો દ્વારા વિસ્તારના યુવાનોને વધુ સારી રોજગારીની તકો પૂરી પાડવા માટે વહીવટીતંત્ર પ્રતિબદ્ધ છે.


**ગાયત્રી જ્યોતિષ**



MO:- 9825594238
A to Z સમસ્યાનો તુરંત નિકાલ
ફી ફક્ત રૂપિયા ૨૫૧/-



સંતાન પ્રાપ્તી તથા લવ પ્રોબ્લેમના સ્પેશ્યાલીસ્ટ.

જુના અને જાણીતા વર્ષોના અનુભવી, હસ્તરેખા જન્મકુંડલી પરથી સચોટ ભવિષ્ય જાણવા તથા મહાવશીકરણ, પ્રેમી પ્રેમીકા મીલન, દુશ્મનથી છુટકારો, ધંધામાં રૂકાવટ, લગ્નમાં વિઘ્ન, ભણતરમાં રૂકાવટ, પરદેશ ગમન વગેરેના તુરંત ઉપાય, જેવા કે ગ્રહદોષ, વિશયોગ,કાળસર્પ દોષ, ગ્રહણદોષ, શાપીત દોષ, મંગળ દોષ, અંગારક દોષ, તથા પિતૃદોષ, તેમજ સારાં-માઠાં દોષોનું પૂજાપાઠ દ્વારા સંપૂર્ણ નિવારણ કરી આપવામાં આવશે. દરેક ચર્ચા (વાત) ગુપ્ત, રાખવામાં આવશે. ગ્રહોના નંગો ત્થા યંત્રો અને વાસ્તુશાસ્ત્રને લગતી વસ્તુઓ

સુપ્રસિધ્ધ અને વિશ્વસનીય એક માત્ર સ્થળ
એપોઈન્ટમેન્ટ લઈને મળવુ.
શાસ્ત્રી : ભરતકુમાર એમ.જાની.
કાયમી મળવાનું સ્થળ: ૨૦ ૩, A- શ્રીરંગ એપાર્ટમેન્ટ, હાલર જુના જકાત નાકા પાસે, નાનકવાડા સસ્તાઅનાજની દુકાન પાસે.સિવીલરોડ,વલસાડ.મળો: સવારે ૯.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી.


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**